# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08
પ્રિયંકા અને મહેશ બાબુની વારાણસીનું નેવું ટકા શૂટિંગ પુરૂ....



પેજ-09
કુલદીપ યાદવે ઈંગ્લેન્ડમાં દસ વિકેટ ઝડપી, ફર્સ્ટ ક્લાસ કારકિર્દીની સિદ્ધિ....




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| અમદાવાદ | 34.00 | 27.00 |
| વડોદરા | 31.00 | 26.00 |
| સુરત | 29.00 | 26.00 |


પેજ 5





એક્સિસ બેંક અને હિટાચી પેમેન્ટ સર્વિસિસે સ્માર્ટ બેન્કિંગ અને....


12 SEPTEMBER-2026 SATURDAY


મૂન મિશન માટે એઆઈ મોડલ લોન્ચ થયું, કેલિફોર્નિયામાં મોડલ ઓપન....





પેજ 10


.....સુવિચાર.....
પ્રગતિનો એક જ રસ્તો છે, ક્યારેય પાછળ વળીને ન જોવું.


વર્ષ-15 । અંક-298 । વિક્રમ સંવત-2082 । ભાદરવા સુદ 01 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## BRICSમાં મોદીએ પેજેશકિયાન સાથે દેખાડી દોસ્તી, તસવીરે ખેંચ્યું વિશ્વનું ધ્યાન

# 'બ્રિક્સ આજે 4 માંથી 21 દેશોનો પરિવાર બન્યો ': પીએમ મોદી

### BRICS મહાશક્તિઓનું મિલન

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

નવી દિલ્હીમાં 18મા બ્રિક્સ શિખર સંમેલન દરમિયાન PM મોદીએ ઈરાનના રાષ્ટ્રપ્રમુખ મસૂદ પેઝેશ્કિયાનનો હાથ પકડીને વૈશ્વિક સ્તરે ભારતની દોસ્તી અને કૂટનીતિનો અનોખો અંદાજ દર્શાવ્યો. પશ્ચિમી દબાણ છતાં, ભારતે ઈરાન સાથેની મિત્રતા મજબૂત કરી, જે ચાબહાર બંદર, INSTC અને ઊર્જા સુરક્ષા જેવા વ્યૂહાત્મક હિતો માટે મહત્ત્વપૂર્ણ છે. આ તસવીર ગ્લોબલ સાઉથની એકતાનો સંકેત આપે છે. બ્રિક્સ ભારત 2026ના સત્તાવાર બેકડ્રોપ સામે લેવાયેલી એક તસવીરે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે ઉત્સુકતા જગાવી છે.




### ટ્રમ્પની ચેતવણી વચ્ચે વૉશિંગ્ટનને ઝટકો

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ચેતવણી આપવામાં આવી હતી કે જે દેશો બ્રિક્સ દ્વારા ડોલરને પડકારશે તેમના પર 100 ટકા ટેરિફ લાદવામાં આવશે. બીજી તરફ અમેરિકા ઈરાન પર આકરા આર્થિક પ્રતિબંધો મૂકી ચૂક્યું છે. આવા તંગ વાતાવરણ વચ્ચે આ તસવીરને ભારત-ઈરાન સંબંધોના મજબૂત સંકેત તરીકે જોવામાં આવી રહી છે, જે દર્શાવે છે કે નવી દિલ્હી પોતાના રાષ્ટ્રીય હિતોને પ્રાથમિકતા આપે છે.

**મોદી-પુતિન બેઠકમાં મિત્રતા, વેપાર અને રાજદ્વારી બાબતો પર ચર્ચા થઈ...**

### G7 માટે પણ એક સંદેશ

ભારતમાં ચાલી રહેલા બ્રિક્સ સમિટમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચેના શક્તિશાળી મિત્રતાનો પણ પરિચય થયો. સમિટના પહેલા દિવસે, પીએમ મોદી અને રશિયન રાષ્ટ્રપતિ પુતિન મળ્યા. બંને નેતાઓએ હાથ મિલાવ્યા અને ગળે લગાવ્યા. ત્યારબાદ 45 મિનિટની દ્વિપક્ષીય બેઠક થઈ. વેપાર, ઊર્જા અને સંરક્ષણ સંબંધિત મુદ્દાઓ તેમજ નાગરિક પરમાણુ સહયોગને આગળ વધારવા અંગે ચર્ચા કરવામાં આવી.બંને નેતાઓએ પશ્ચિમ એશિયા અને કાળા સમુદ્ર ક્ષેત્રમાં ચાલી રહેલા સંઘર્ષો સહિત અનેક પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી. આ સંઘર્ષોએ દરિયાઈ વેપાર અને ભારતીય ખલાસીઓની સલામતી પર અસર કરી છે. પીએમ મોદીએ પુનરોચ્ચાર કર્યો કે સંવાદ અને રાજદ્વારી એ સંઘર્ષોને ઉકેલવાનો સાચો માર્ગ છે.તેમણે એ પણ પુનરોચ્ચાર કર્યો કે ભારત શાંતિ પ્રયાસોને ટેકો આપવા તૈયાર છે. બેઠકમાં, બંને નેતાઓ ભારત અને રશિયા વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા સંમત થયા.

# સિકંદરાબાદ કેન્ટોનમેન્ટ હથિયાર ચોરી કેસમાં મોટો ઘટસ્ફોટ

## મિલિટરી ઇન્ટેલિજન્સ અને હૈદરાબાદ પોલીસની સંયુક્ત કામગીરી, ૮.૫ લાખ મોબાઇલ નંબરોના ટેકનિકલ વિશ્લેષણ બાદ આરોપી ઝડપાયો



**તપાસ દરમિયાન મુખ્ય તારણો બહાર આવ્યા**

તપાસ મુજબ, મહેશે 27, 28 અને 29 ઓગસ્ટના રોજ શસ્ત્રાગારની રેકી કરી હતી, જેમાં સુરક્ષા વ્યવસ્થા, સીસીટીવી કવરેજ, લાઈટિંગ અને ચોરી કરવાના શ્રેષ્ઠ સમયનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. 30 ઓગસ્ટના રોજ રાત્રે 11 વાગ્યાની આસપાસ, તે કથિત રીતે બાલાજી નગર સ્થિત તેના ઘરેથી મોટરસાઇકલ પર નીકળ્યો હતો અને લક્ષ્ય ગેટ દ્વારા શસ્ત્રાગાર વિસ્તારમાં પ્રવેશ કર્યો હતો. તેણે કથિત રીતે શસ્ત્રાગારનું તાળું તોડીને શસ્ત્રો કાઢી લીધા હતા.

(એજન્સી) સિકંદરાબાદ । તા. 11

સિકંદરાબાદમાં ભારતીય સેના કેન્ટોનમેન્ટમાંથી ગુમ થયેલા હથિયારો અને દારૂગોળાના કેસમાં એક મોટી સફળતા મળી છે. હૈદરાબાદ પોલીસે ચોરાયેલી આખી માલસામાન જપ્ત કરી છે. જપ્ત કરાયેલા હથિયારોમાં સાત પિસ્તોલ, પાંચ મેગેઝિન સાથે ચાર AK-203 રાઈફલ, 13 પિસ્તોલ મેગેઝિન, ત્રણ મેગેઝિન સાથે 5.56 INSAS રાઈફલ, એક છરી, દૂરબીન અને મોટી માત્રામાં દારૂગોળો શામેલ છે. આમાં AK-203 અને INSAS દારૂગોળો, ટ્રેસર રાઉન્ડ, ખાલી દારૂગોળો અને 9mm દારૂગોળો શામેલ છે.

### મોટા લેવલ પર તપાસનો ધમધમાટ

ઘટનાની તાત્કાલિક તપાસ શરૂ થઈ, અને બોલારમ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો. આ કેસની તપાસ માટે મિલિટરી ઈન્ટેલિજન્સ, મલ્કજગિરી પોલીસ, સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (SOT), ઈન્ટેલિજન્સ ડિપાર્ટમેન્ટ અને હૈદરાબાદ સિટી ટાસ્ક ફોર્સને તૈનાત કરવામાં આવ્યા હતા. શસ્ત્રાગારોના ખૂબ જ પ્રતિબંધિત સ્થાનને કારણે, તપાસકર્તાઓને શરૂઆતમાં આંતરિક ખૂણાની શંકા હતી. બંને શસ્ત્રાગારમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રવેશ ધરાવતા વ્યક્તિઓને ઓળખી કાઢવામાં આવ્યા હતા અને તપાસ હેઠળ મૂકવામાં આવ્યા હતા.


Nippon india Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 13 September, 2026 | 6:30 PM | Ahmedabad |

Venue : Hotel G Express, Nr Siddhivinayak Circle, 5, beside Kankaria Road, Maninagar, Ahmedabad-380008

Name : Mitresh Joshi | Mobile : 8976892945

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.



Nippon india Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below


| Date | Time | Location |
|---|---|---|
| 13 September, 2026 | 10:30 AM | Ahmedabad |

Venue : Hotel Pragati The Grand, Nr Zydus Hospital, Hebatpur Road, Thaltej, Ahmedabad 380059

Name : Tejas Parmar | Mobile : 9327016541

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

# અમરેલી અને જૂનાગઢમાં પ્રાથમિક શિક્ષણ અધિકારીઓની કથળતી સ્થિતિ ખુલ્લી: ૨૦માંથી ૧૪ જગ્યાઓ ખાલી હોવાનો ધડાકો

અમદાવાદ | ગાંધીનગરમાં વિધાનસભા સત્રના અંતિમ દિવસે આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ મીડિયા સાથેની વાતચીતમાં રાજ્યમાં પ્રાથમિક શિક્ષણની કથળતી જતી વહીવટી સ્થિતિ પર ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે વિધાનસભામાં રજૂ કરેલા પ્રશ્નોના જવાબો ટાંકીને ખુલાસો કર્યો હતો કે, અમરેલી અને જૂનાગઢ જેવા મહત્વના જિલ્લાઓમાં તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી (TPEO)ની કુલ મંજૂર થયેલી ૨૦ જગ્યાઓમાંથી ૧૪ જેટલી જગ્યાઓ લાંબા સમયથી ખાલી પડી છે, જેમાં અમરેલી જિલ્લાની ૯ માંથી ૭ અને જૂનાગઢની જગ્યાઓનો સમાવેશ થાય છે. સૌથી ચોંકાવનારો આંકડો ભેસાણ તાલુકામાંથી સામે આવ્યો છે, જ્યાં ખુદ શિક્ષણ મંત્રીના જવાબ મુજબ વર્ષ ૨૦૧૩થી તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીની જગ્યા ખાલી પડી છે. તાલુકાભરની



સરકારી શાળાઓના શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને સમગ્ર શૈક્ષણિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દેખરેખ તથા સુપરવિઝનની મુખ્ય જવાબદારી TPEOની હોય છે, પરંતુ વર્ષોથી આ અધિકારી વગર જ વહીવટ ચલાવવામાં આવી રહ્યો હોવાથી પ્રાથમિક શિક્ષણનું તંત્ર સાવ ખોરવાઈ ગયું છે.શાસક પક્ષ પર કટાક્ષ કરતા ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, એક તરફ દેશને વિશ્વગુરુ બનાવવાની, ડબલ એન્જિન સરકારના દાવાઓ કરવાની અને મોટા આઈટી પાર્ક કે ડેટા સેન્ટર બનાવવાની વાતો થાય છે, પરંતુ બીજી તરફ શાળાઓનો પાયાનો વહીવટ સંભાળવા અધિકારીઓની નિમણૂક કરવાની ક્ષમતા પણ સરકાર પાસે નથી. તેમણે ભાજપના ધારાસભ્યોને આડે હાથ લેતા પડકાર ફેંક્યો હતો કે, જો ડબલ એન્જિન સરકારમાં ખરેખર કામ થતાં હોય તો તાત્કાલિક પોતાના જ જિલ્લાઓ અને તાલુકાઓમાં ખાલી પડેલી TPEOની જગ્યાઓ ભરાવીને બતાવે. શિક્ષણ ક્ષેત્રે ચાલી રહેલી આ ગંભીર બેદરકારીને દેશના અને બાળકોના ભવિષ્ય માટે અત્યંત ખતરનાક ગણાવતા તેમણે ગુજરાતના તમામ શિક્ષકો, વાલીઓ અને શિક્ષણપ્રેમી નાગરિકોને જાગૃત થવા અપીલ કરી હતી, જેથી પ્રાથમિક શિક્ષણને બરબાદ થતું અટકાવી શકાય અને સરકાર પોતાની જવાબદારી સમજે.

## રાજપીપલા પાલિકા પાસેથી RTI ની માહિતી મેળવવા 'ગાંધીગીરી'



રાજપીપલા | રાજપીપલા નગરપાલિકા ની ઓફિસ માટે થયેલ ખર્ચ ની માહિતી મેળવવા એક યુવાને ગાંધીગીરી કરતા સમગ્ર મામલે નગરમાં ભારે ચર્ચા ચાલી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપલા ના એક્ટીવીશ યુવાન કુલદીપ કાછીયા કે જેણે ફાટેલો રાષ્ટ્રધ્વજ ઉતારવા પાલિકા તંત્ર ને ફરજ પાડી હતી તે કુલદીપ કાછીયા એ RTI હેઠળ પાલિકા પાસે. ઓફિસ રીનોવેશન ખર્ચ ની માહિતી માંગી હતી જે માહિતીલેખિત માં આપવાનો પાલિકા તંત્ર એ ઈન્કાર કરી રૂબરૂ આવી ફાઈલ જોઈ જવા જણાવતા કુલદીપ કાછીયા એ લેખિત માહિતી નો આગ્રહ રાખી પાલિકા કચેરીએ જઈ ચીફઓફીસર ની ચેમ્બર બહાર બેસી જઈ માહિતી માંગી ગાંધીગીરી કરતા સમગ્ર મામલો ટોક ઓફ ધ ટાઉન બની ગયો છે . જોકે જાણવા મળ્યા મુજબ હજુ સુધી યુવાન ને માહિતી મળી નથી .

### ગોપાલ ઈટાલિયા દ્વારા વિધાનસભાના જવાબના આધારે ધડાકો

# ગુજરાતમાં ૮૦૦૦થી વધુ સહકારી મંડળીઓ માત્ર કાગળ પર

અમદાવાદ | ગાંધીનગરમાં વિધાનસભા સત્રના અંતિમ દિવસે આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ મીડિયા સાથેની વાતચીતમાં ગુજરાતના સહકારી ક્ષેત્રમાં ચાલી રહેલી અનિયમિતતાઓ અને બોગસ મંડળીઓ અંગે વિગતો રજૂ કરી હતી. તેમણે વિધાનસભા સત્ર દરમિયાન રજૂ થયેલા સરકારી આંકડાઓને ટાંકીને ખુલાસો કર્યો હતો કે, સમગ્ર રાજ્યમાં નોંધાયેલી આશરે ૯૧,૫૦૦ જેટલી સહકારી મંડળીઓમાંથી માત્ર ૮૩,૫૦૦ જ ખરેખર કાર્યરત છે, જ્યારે ૮,૦૦૦થી પણ વધુ મંડળીઓ માત્ર કાગળ પર અસ્તિત્વ ધરાવે છે. તેમણે જણાવ્યું હતું કે, જે મંડળીઓ કોઈ પણ પ્રકારનું ધિરાણ કે વેપારલક્ષી કામકાજ કરતી નથી, તે મંડળીઓ માત્ર નકલી સભાસદો ઊભા કરવા અને રાજકીય વર્ચસ્વ સ્થાપિત કરવાના હેતુથી ખોલવામાં આવી છે. આવી બોગસ અને નિષ્ક્રિય મંડળીઓના જોરે જ જિલ્લા સહકારી બેંકો, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ (APMC) તેમજ તાલુકા અને જિલ્લા ખરીદ-વેચાણ સંઘોની ચૂંટણીઓ પર એકતરફી કબજો જમાવીને ખેડૂતોનું શોષણ કરવામાં આવી રહ્યું છે.જૂનાગઢ જિલ્લાની સ્થિતિનો ઉલ્લેખ કરતા ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, ત્યાં મૃત્યુ પામેલી વ્યક્તિઓના નામે ૨૦૧૨ માં મંડળીઓ નોંધાવીને બોગસ મતદાન કરાવવામાં આવ્યું છે. આ ઉપરાંત, સહકારી નિયમોથી વિપરીત એક જ વ્યક્તિને દસ-દસ અલગ-અલગ મંડળીઓમાં સભાસદ બનાવવામાં આવ્યા છે. વિધાનસભાના લિખિત જવાબમાં અત્યાર સુધી આવી ૫૬ બોગસ મંડળીઓ સામે આવી છે, પણ વાસ્તવિક આંકડો ૪૦૦થી પણ વધુ હોય શકે છે. જૂનાગઢ, માણાવદર, વંથલી, કેશોદ, વિસાવદર અને મેંદરડા સહિતની APMC અને જૂનાગઢ જિલ્લા સહકારી બેંકમાં બોગસ મતદાન દ્વારા કબજો કરવામાં આવ્યો હોવાનું કહી તેમણે ઉમેર્યું હતું કે, એક સમયે અમૂલ, બનાસ અને સુમૂલ જેવી સંસ્થાઓથી વિશ્વભરમાં ગૌરવ વધારનાર પવિત્ર સહકારી માળખાને રાજકીય સ્વાર્થ માટે નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. જો સહકારી માળખું નબળું પડશે તો અંતે ગુજરાતનો ખેડૂત બરબાદ થશે, તેથી તેમણે રાજ્યના તમામ ખેડૂતોને આ બાબતે જાગૃત થવા અપીલ કરી હતી.

# ગુજરાતમાં તાત્કાલિક દુષ્કાળ જાહેર કરવાની માંગ: ગોપાલ ઈટાલિયાએ ખેડૂતો અને માલધારીઓની કથળતી સ્થિતિ ઉજાગર કરી

## જૂનાગઢ, અમરેલી અને કચ્છ સહિતના જિલ્લાઓમાં 6 અઠવાડિયાથી વરસાદ ન પડતાં પાક નિષ્ફળ, વન વિભાગના ઘાસના સડવા પર ઉઠાવ્યા સવાલ

અમદાવાદ| ગાંધીનગરમાં વિધાનસભા સત્રના અંતિમ દિવસે આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, વિધાનસભામાં દુષ્કાળ અંગેની ચર્ચા દરમિયાન તેમણે ખેડૂતોની કથળતી પરિસ્થિતિનો મુદ્દો રજૂ કર્યો હતો. સરકારે વરસાદનું પ્રમાણ, જમીનનો ભેજ અને હવામાનની આગાહી જેવા અનેક વૈજ્ઞાનિક પેરામીટર્સ રજૂ કર્યા, પરંતુ તેમણે સરકારને સવાલ કર્યો હતો કે ખેડૂતોની પીડા માપવાનું કોઈ પેરામીટર સરકાર પાસે છે કે નહીં? ખેતરોમાં ઊભો પાક, મગફળી, કપાસ, મગ, મઠ અને સોયાબીન પાણી વિના સુકાઈ રહ્યા છે અને છોડ કુપોષિત થઈ જવાથી હવે વરસાદ કે સિંચાઈ આવે તો પણ પાક નિષ્ફળ જઈ રહ્યો છે. આ પરિસ્થિતિમાં સરકારે ટેકનિકલ નિયમો બતાવવાના બદલે સંવેદનશીલતા દાખવીને તાત્કાલિક દુષ્કાળ જાહેર કરવો જોઈએ. તેમણે ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ૨૦૨૧ના પરિપત્રનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, ચોમાસા દરમિયાન સતત ચાર અઠવાડિયા વરસાદ ન પડે તો દુષ્કાળ ગણવો, જ્યારે જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, કચ્છ અને સુરત જેવા જિલ્લાઓમાં સતત છ અઠવાડિયાથી વરસાદ પડ્યો નથી. તેમણે માંગ કરી હતી કે વિજયભાઈ રૂપાણીની 'મુખ્યમંત્રી કિસાન સહાય યોજના' મુજબ એકરે ૨૦,૦૦૦થી ૨૫,૦૦૦ સુધીનું વળતર ચૂકવવામાં આવે.ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યુ હતુ કે, ખેડૂતોની સાથે માલધારીઓ અને ખેતમજૂરોની હાલત પણ અત્યંત ગંભીર બની છે. પશુપાલકો પોતાના પશુઓને લઈને હિજરત કરવા મજબૂર બન્યા છે, જ્યારે વન વિભાગના ગોડાઉનોમાં ઘાસ સડી રહ્યું હોવા છતાં માલધારીઓને વિતરણ કરવામાં આવતું નથી. રોજનું કમાઈને રોજ ખાનારા ખેતમજૂરોની રોજીરોટી છીનવાઈ ગઈ છે, અને સરકાર દુષ્કાળ માપવાના યંત્રો શોધવામાં સમય બગાડી રહી છે. સરકારે વિધાનસભામાં ખેડૂતોને સમૃદ્ધ ગણાવ્યા તે અંગે ગોપાલ ઈટાલિયાએ કહ્યું હતું કે, ચૂંટણી એફિડેવિટમાં કરોડોની પ્રોપર્ટી દર્શાવતા નેતાઓ જ સમૃદ્ધ છે, ગામડાનો સામાન્ય ખેડૂત નહીં; જો ખેડૂત ખરેખર સમૃદ્ધ હોત તો તેણે પાક લોન લેવાની જરૂર ન પડી હોત. સરકાર એક તરફ હજારો કરોડની લોન આપ્યાના દાવા કરે છે અને બીજી તરફ ખેડૂતોને સમૃદ્ધ કહે છે, જે પરસ્પર વિરોધાભાષી છે. તેમણે મુખ્યમંત્રીને સંવેદનશીલ બનીને ખેડૂતો, પશુપાલકો અને મજૂરો માટે વહેલી તકે દુષ્કાળ રાહત પેકેજ જાહેર કરવા વિનંતી કરી હતી. રાજકોટના કોર્પોરેટરોએ તેમના માનદ વેતનમાં ૧૫,૦૦૦ની જગ્યાએ ૫૦,૦૦૦ કરવાની માંગણી કરી છે. કોર્પોરેટરો જે રીતે દેશસેવાની કામગીરી કરી રહ્યા છે તે જોતાં દેશસેવા માટે તેમને પૂરતા નાણાં મળવા જોઈએ. રાષ્ટ્રભાવના, રાષ્ટ્રપ્રેમ, સાંસ્કૃતિક પ્રદાન, અરુણોદય અને અંત્યોદય જેવા મૂળભૂત સિદ્ધાંતો સાથે કામ કરવા માટે ૧૫,૦૦૦નું ભથ્થું ઓછું પડે છે. તેથી રાષ્ટ્રના ઉત્થાનના કાર્યો નિરંતર ચાલતા રહે તે માટે રાજકોટના કોર્પોરેટરોને વહેલી તકે ૫૦,૦૦૦ આપી દેવા જોઈએ.

# દેવભૂમિ દ્વારકામાં ખેડૂતોનો ઉગ્ર સત્યાગ્રહ: ઈસુદાન ગઢવીએ રાજ્યમાં તાત્કાલિક દુષ્કાળ જાહેર કરવાની કરી માંગ

દેવભૂમિ દ્વારકા | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ તથા જાણીતા ખેડૂત નેતા ઈસુદાન ગઢવીએ દેવભૂમિ દ્વારકાના એક ગામમાં એક મગફળીનો પાક બતાવીને જણાવ્યું હતું કે મગફળીનો પાક સુકાઈ ગયો છે, સરકારને હજુ એવું હોય કે "જો કદાચ એકાદ ઈંચ વરસાદ પડી જાય અને દુષ્કાળ જાહેર ન કરવું પડે" તો હું એમને કહેવા માગું છું કે હવે આ પાક બચે એમ નથી. અમે દેવભૂમિ દ્વારકાના ગામડે ગામડે જઈને સત્યાગ્રહનો બીજો ભાગ શરૂ કરી દીધો છે અને દુષ્કાળ જાહેર કરાવવાના ફોર્મ ભરવા માટે ખેડૂતોની લાઈન લાગી રહી છે. કારણ કે ખેડૂતો ખૂબ જ પીડામાં છે. મગફળીના આખા ખેતરમાં એક પણ દાણો મગફળીનો નથી.



ખેડૂતો, ભાગ્યાઓ, પશુપાલકો અને ખેત મજૂરોની હાલત ખૂબ જ દયનીય બની ગઈ છે. જો આ ખેતરમાંથી એક પણ દાણો મગફળી નીકળે તો હું ગુજરાત સરકારનો ગુલામ બનવા માટે તૈયાર છું. હું રાજનીતિ નથી કરતો પરંતુ ખેડૂતનો દીકરો છું અને ખેડૂતોની સ્થિતિ સમજું છું એટલા માટે આ વાત કરી રહ્યો છું. સરકારે દુષ્કાળ જાહેર કરવો પડશે અને કરવો જ પડશે. તમને લાગે તો તલાટી મંત્રી, કલેક્ટરોને ગામડામાં ઉતારો અને જાતે ખેતરોની હાલત ચેક કરાવી લો. વધુમાં ખેડૂત નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, સરકાર તાત્કાલિક ધોરણે દુષ્કાળ જાહેર કરીને ખેડૂતોને સહાય ચૂકવે, એવી અમારી અપીલ છે કારણકે અમે ભીખ નથી માંગી રહ્યા પરંતુ ખેડૂતોનો હક માંગી રહ્યા છીએ. જ્યારે કોઈ કંપની પર આફત આવે છે ત્યારે તમે લોન માફ કરો છો, ટેક્સમાં રાહત આપો છો, વીજળીના બિલમાં રાહત આપો છો. મેં 58 ધારાસભ્યોને પત્ર લખ્યા હતા અને જે ધારાસભ્યો ખેડૂતોના મતથી જીત્યા છે એ લોકોએ હજુ સુધી મુખ્યમંત્રીને પત્ર લખ્યો નથી અને વિધાનસભામાં પણ મુદ્દો ઉઠાવ્યો નથી. હું એ તમામને કહેવા માગું છું કે તમારા નામો અમે જાહેર કરીશું અને ફરીવાર ક્યારેય પ્રજા તમને ચૂંટશે નહીં. ખેડૂતોને લાખો રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે.

# વિસાવદરની વર્ષો જૂની માંગ એવો વિસાવદર-સતાધાર બાયપાસ રોડ મંજૂર કરવામાં આવ્યો : ગોપાલ ઈટાલિયા

**AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વિસાવદર વિધાનસભા વિસ્તાર માટે ₹30 કરોડથી પણ વધુ રકમના કામો મંજૂર થયાની જાહેરાત કરી જનતાને અભિનંદન પાઠવ્યા**

અમદાવાદ | આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ સોશિયલ મીડિયાના માધ્યમથી વિસાવદર વિધાનસભા વિસ્તાર માટે મંજૂર થયેલા ત્રણ મુખ્ય વિકાસ કામોની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે વિસાવદરની વર્ષો જૂની માંગણી એવી વિસાવદર-સતાધાર બાયપાસ રોડ મંજૂર કરવામાં આવ્યો છે. આ અંગે તેમણે મુખ્યમંત્રીને રૂબરૂ મળીને ગૂગલ મેપના પ્રિન્ટ કરેલા નકશા પર દોરેલી યોજના બતાવીને સમજાવ્યું હતું કે જૂનાગઢ, ભેંસાણ, બગસરા કે માણેકવાડા તરફથી આવતા વાહનોને સતાધાર કે વિસાવદર જવામાં કેટલી સુવિધા રહેશે. વિસાવદરના સરદાર ચોકથી આંબેડકર ચોક અને સરકારી હોસ્પિટલ પાસે રેલવે સ્ટેશન વળાંક પર મોટી સરકારી તથા પ્રાઈવેટ બસોને વળવામાં પડતી મુશ્કેલીઓ અંગે પણ તેમણે મુખ્યમંત્રી અને માર્ગ અને મકાન વિભાગના અધિકારી સહિતના અધિકારીઓનું ધ્યાન દોર્યું હતું. આ બાયપાસ માણાવદર પ્રાંત ઓફિસ બાજુથી શરૂ થઈને હનુમાન પરા પાછળથી આગળ નીકળશે.ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં માહિતી આપી હતી કે વિસાવદર તાલુકામાં આવેલા સંતશ્રી રોહિદાસજી મહારાજ આશ્રમ અને પ્રાગટ્ય સ્થળના વિકાસ અર્થે રસ્તા, પાર્કિંગ અને મંદિર નિર્માણ જેવા કામો માટે મુખ્યમંત્રી દ્વારા ૧૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આમ, વિસાવદર મતવિસ્તારને કુલ ૩૦ કરોડથી વધુના વિકાસ કામોની ફાળવણી મળી છે. આ ઉપરાંત, વિસાવદરના ખડિયા ગામ પાસે આવેલી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં 'સંતશ્રી રોહિદાસ ચેર' મંજૂર કરવામાં આવી છે, જેનાથી વિદ્યાર્થીઓને સંત રોહિદાસજીના જીવન વિશે અભ્યાસ કરવાની તક મળશે અને સ્થાનિક લોકોને કરોડો રૂપિયાનો ફાયદો થશે. આ તમામ સરાહનીય મંજૂરીઓ બદલ તેમણે મુખ્યમંત્રીનો આભાર માન્યો હતો અને વિસાવદરની જનતા તથા ખેડૂતોને અભિનંદન પાઠવ્યા હતા.

# News Brief

## આંદોલન દરમિયાન ઘણા યુવાનો પર ફરિયાદ દાખલ થઈ હતી, એ હજી પણ કોર્ટના ધક્કા ખાઈ રહ્યા છે: પાયલ સાકરીયા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયાએ જણાવ્યું હતું કે, પાટીદાર આંદોલનની તપાસનો રિપોર્ટ સરકારને મળી ગયો હોવા છતાં આજ સુધી તેને જાહેર કેમ નથી કરવામાં આવ્યો? તેમણે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે પાટીદાર સમાજ પર થયેલા બર્બરતાપૂર્વકના અત્યાચારનો અહેવાલ છુપાવીને સરકાર કોને બચાવી રહી છે? પાટીદાર આંદોલન વખતે દીકરીઓ પર અત્યાચાર થયો અને યુવાનો શહીદ થયા તે ઘટનાને ગુજરાત



પર કલંક સમાન ગણાવતા તેમણે કહ્યું હતું કે, પાટીદાર આંદોલનના અહેવાલને દબાવી રાખવાનું જે પાપ કરવામાં આવી રહ્યું છે તે ઉપરવાળો પણ માફ નહીં કરે. આમ આદમી પાર્ટીના સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયાએ વધુમાં જણાવ્યું હતું કે, ગૃહમંત્રીએ પોતે સ્વીકાર્યું છે કે તપાસ સમિતિનો રિપોર્ટ સરકારને મળી ગયો છે, છતાં તેને સમાજથી કેમ છુપાવવામાં આવે છે? તેમણે આહ્વાન કર્યું હતું કે ભાજપમાં બેઠેલા સમાજના મોટા નેતાઓ આગળ આવીને પોતાની સરકાર પાસે ખૂલીને જવાબ માગે. આ સાથે જ તેમણે ઉમેર્યું હતું કે, સમાજ માટે એક થઈને ફરીથી પાટીદાર સમાજને દબાવવાની કે ગુલામ બનાવવાની કોશિશ ના થાય તેવા પ્રયત્નો આપણે સૌએ કરવા જોઈએ. આમ આદમી પાર્ટીના સંગઠન મંત્રી અને સુરતના કોર્પોરેટર ધર્મેશ ભંડેરીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૫માં ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન દરમિયાન ભાજપ સરકારે પાટીદારો પર ભયાનક દમન ગુજાર્યું હતું.

## પાટીદાર આંદોલનની તપાસનો રિપોર્ટ સરકારને મળી ગયો છે તો આજ સુધી તેને જાહેર કેમ નથી કરવામાં આવ્યો?: મનોજ સોરઠીયા



અમદાવાદ | આમ આદમી પાર્ટીના સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયાએ જણાવ્યું હતું કે, પાટીદાર આંદોલનની તપાસનો રિપોર્ટ સરકારને મળી ગયો હોવા છતાં આજ સુધી તેને જાહેર કેમ નથી કરવામાં આવ્યો? તેમણે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે પાટીદાર સમાજ પર થયેલા બર્બરતાપૂર્વકના અત્યાચારનો અહેવાલ છુપાવીને સરકાર કોને બચાવી રહી છે? પાટીદાર આંદોલન વખતે દીકરીઓ પર અત્યાચાર થયો અને યુવાનો શહીદ થયા તે ઘટનાને ગુજરાત પર કલંક સમાન ગણાવતા તેમણે કહ્યું હતું કે, પાટીદાર આંદોલનના અહેવાલને દબાવી રાખવાનું જે પાપ કરવામાં આવી રહ્યું છે તે ઉપરવાળો પણ માફ નહીં કરે. આમ આદમી પાર્ટીના સંગઠન મહામંત્રી મનોજ સોરઠિયાએ વધુમાં જણાવ્યું હતું કે, ગૃહમંત્રીએ પોતે સ્વીકાર્યું છે કે તપાસ સમિતિનો રિપોર્ટ સરકારને મળી ગયો છે, છતાં તેને સમાજથી કેમ છુપાવવામાં આવે છે? તેમણે આહ્વાન કર્યું હતું કે ભાજપમાં બેઠેલા સમાજના મોટા નેતાઓ આગળ આવીને પોતાની સરકાર પાસે ખૂલીને જવાબ માગે. આ સાથે જ તેમણે ઉમેર્યું હતું કે, સમાજ માટે એક થઈને ફરીથી પાટીદાર સમાજને દબાવવાની કે ગુલામ બનાવવાની કોશિશ ના થાય તેવા પ્રયત્નો આપણે સૌએ કરવા જોઈએ. આમ આદમી પાર્ટીના સંગઠન મંત્રી અને સુરતના કોર્પોરેટર ધર્મેશ ભંડેરીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૫માં ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન દરમિયાન ભાજપ સરકારે પાટીદારો પર ભયાનક દમન ગુજાર્યું હતું. વિધાનસભાના ચોમાસું સત્ર દરમિયાન આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાના પ્રશ્નના જવાબમાં મંત્રીએ સ્વીકાર્યું કે પોલીસ દમન અંગેના પુંજ કમિશનનો રિપોર્ટ વર્ષ ૨૦૨૦-૨૧માં જ સરકારને મળી ગયો છે. જો રિપોર્ટ મળી ગયો હોય તો તેને જાહેર કેમ કરવામાં આવ્યો નથી અને કયા અધિકારી કે નેતાના ઈશારે આ અત્યાચાર થયો તેની વિગતો કેમ છુપાવવામાં આવી રહી છે તેવા સવાલો ઉઠાવી તેમણે ખોડલધામ અને ઉમિયાધામ સહિતના સમગ્ર પાટીદાર સમાજના આગેવાનો તેમજ શ્રેષ્ઠીઓને એક થઈને રિપોર્ટ જાહેર કરાવવા સરકાર સામે અવાજ ઉઠાવવા વિનંતી કરી હતી.આમ આદમી પાર્ટી પ્રદેશ મહિલા મોરચાના પ્રમુખ પાયલ સાકરીયાએ જણાવ્યુ હતુ કે, વિધાનસભામાં 'આપ' ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ પાટીદાર અનામત આંદોલનના અત્યાચાર મુદ્દે સવાલ ઉઠાવ્યો છે. આંદોલન દરમિયાન થયેલ લાઠીચાર્જ અને ગોળીબારનો તપાસ રિપોર્ટ તૈયાર થઈ ગયો હોવા છતાં સરકારે હજી સુધી કોઈ કાર્યવાહી કરી નથી. મોટા માથાઓનું નામ બચાવવા માટે જ આ રિપોર્ટ દબાવી દેવામાં આવ્યો છે અને ગોળીબાર કરનાર અધિકારી પર કયા એક્શન લેવાયા તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. તેમણે વધુમાં કહ્યું હતું કે, આંદોલન દરમિયાન જીવ ગુમાવનાર ૧૪ નિર્દોષ યુવાનોના પરિવારો આજે પણ ન્યાય માટે ભટકી રહ્યા છે, જ્યારે આંદોલનની આગેવાની લેનારા કેટલાક વ્યક્તિઓ આજે સત્તા સાથે બેસીને મલાઈ ખાઈ રહ્યા છે.

# કુડાસણની દુર્ઘટના મુદ્દે આમ આદમી પાર્ટીએ ગાંધીનગર મ્યુ. કોર્પોરેશન ખાતે આપ્યું આવેદનપત્ર



અમદાવાદ | ગાંધીનગરના કુડાસણ ખાતે નિર્માણધિન બિલ્ડીંગનો સ્લેબ પડી જવાથી એક મોટી દુર્ઘટના ઘટી હતી, જેમાં અનેક લોકો ઘાયલ થયા હતા. આ મુદ્દા પર આમ આદમી પાર્ટી દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ દરમિયાન આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ ડૉ.જ્વેલ વસરા, કચ્છ ઝોન કાર્યકારી પ્રમુખ કૈલાસદાન ગઢવી, ગાંધીનગર શહેર પ્રમુખ લાલભાઈ વણઝારા, અમદાવાદ શહેર મહામંત્રી જતીન પટેલ તથા વિદ્યાર્થી પાંખ ASAP ના મધ્યઝોન પ્રમુખ યાત્રીક પટેલ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે ગાંધીનગરમાં કુડાસણ ખાતે નિર્માણધિન બિલ્ડીંગનો સ્લેબ પડી જવાથી મોટી દુર્ઘટના ઘટી હતી જેમાં અનેક લોકો ઘાયલ થયા હતા. આ મામલો જન સુરક્ષા સાથે જોડાયેલ છે. 14 જેટલા ઘાયલ લોકોને હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા, જેમાંથી ચાર લોકો ICU માં છે અને અન્ય 8 લોકોની સારવાર ચાલી રહી છે. ઘટનાસ્થળ અને પરિસ્થિતિ જોઈને એવું લાગે છે કે આમાં ક્યાંકને ક્યાંક તંત્રની ભારે બેદરકારી છે, જે સ્લેબ તૂટ્યો છે તે અંગે અમે ઈજાગ્રસ્તો સાથે વાતચીત કરી તેમાં એક મુખ્ય મુદ્દો બહાર આવ્યો કે ક્યાંકને ક્યાંક માત્ર નોર્મલ સપોર્ટ આપવામાં આવ્યો હતો અને ઓવરવેટના કારણે સ્લેબ ધરાશાયી થયો હતો. ઈજાગ્રસ્તોમાં એક એવી માતા ICU માં છે જેનું છ મહિનાનું બાળક છે. તેથી અમારી એક જ માંગણી છે કે ગાંધીનગર મહાનગરપાલિકા એક તપાસ સમિતિની રચના કરે અને આ દુર્ઘટનામાં જે લોકો ભોગ બન્યા છે તે તમામ લોકોને યોગ્ય આર્થિક સહાય અને વળતર ચૂકવવામાં આવે. આ બિલ્ડિંગ કેવી રીતે પડી આમાં કોની બેદરકારી છે એ તમામ બાબતોની યોગ્ય તપાસ કરવામાં આવે એવી અમારી માંગ છે.

# ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણી માટે AAP ની કમર કસી: ગોપાલ ઈટાલીયાએ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ થયાનું જણાવ્યું

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી મુદ્દે પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી આવી રહી છે અને ઈતિહાસ ગવાહ છે કે પહેલી વખત જ્યારે આમ આદમી પાર્ટી ગાંધીનગરની કોર્પોરેશનની ચૂંટણીમાં ઉભી હતી ત્યારે ગાંધીનગરના લોકોએ આમ આદમી પાર્ટીને ખૂબ જ આશીર્વાદ આપ્યા અને 22% મત મળ્યા અને એક સીટ પણ આમ આદમી પાર્ટી જીતી. ગુજરાતના ઈતિહાસમાં ભાજપ-કોંગ્રેસ સિવાય બીજી કોઈ પાર્ટીને આટલા મત કોર્પોરેશનની ચૂંટણીમાં મળ્યા હોય એવું બન્યું નથી. ફરીથી ચૂંટણી આવી રહી છે ત્યારે આમ આદમી પાર્ટીએ ગાંધીનગરમાં કમર કસી છે અને ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા પણ ચાલી રહી છે. આ ચૂંટણીમાં પાટનગરમાં આમ આદમી પાર્ટીની સરકાર બને એવા લક્ષ્ય સાથે અમે તૈયારીઓ ચાલુ કરી છે. ચૂંટણીમાં કોંગ્રેસના ત્રણ કોર્પોરેટર ચૂંટાયા હતા પરંતુ તેઓ પક્ષ પલટો કરીને ભાજપમાં જતા રહ્યાં, પરંતુ મને ગર્વ થાય છે કે આમ આદમી પાર્ટીના એકમાત્ર કોર્પોરેટર તુષાર પરીખ આમ આદમી પાર્ટીમાં રહ્યા અને તેમણે પાર્ટીનો અને જનતાનો વિશ્વાસ જાળવી રાખ્યો છે. તો એકલા હાથે અમે ફરી એકવાર ચૂંટણીમાં ઉતરીશું.વધુમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, ગાંધીનગરના તમામ મતદારોને વિનંતી કરું છું કે આ વખતે અમને આશીર્વાદ આપો. ગાંધીનગરમાં રહેનાર સરકારી કર્મચારીઓ, ભણેલા ગણેલા લોકો અને મહેનત મજૂરી કરનારા તમામ લોકોને સારી સ્વાસ્થ્ય સુવિધા, શૈક્ષણિક સુવિધા, માળખાકીય સુવિધા મુદ્દે જે અપેક્ષાઓ છે એ અપેક્ષાઓ આમ આદમી પાર્ટી પૂર્ણ કરી શકે એમ છે. ગાંધીનગરની આસપાસના ગામડાઓને જબરદસ્તીથી મહાનગરપાલિકામાં ભેળવી દેવામાં આવ્યા પરંતુ ત્યાં સુવિધા નથી. એ તમામ પ્રશ્નોનું નિરાકરણ સત્તા પરિવર્તનમાં છે. ગાંધીનગરની ચૂંટણીનું માર્ગદર્શન અને નેતૃત્વ આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રભારી ગોપાલ રાય પોતે કરી રહ્યા છે. આ સિવાય ઈસુદાનભાઈ, મનોજભાઈ, ગુલાબભાઈ અને હું પોતે એમ અમે તમામ લોકો ગંભીરતાથી ગાંધીનગરની ચૂંટણી પર ધ્યાન આપી રહ્યા છીએ. ગાંધીનગરમાં જ્યાં રાજનેતાઓ રહે છે એના સિવાય તમામ જગ્યાએ ગંદકીનો પ્રશ્ન છે, સાફ-સફાઈનો પ્રશ્ન છે, અંતરયાળ ગામડાઓમાં રોડ રસ્તાનો પ્રશ્ન છે, માર્કેટનો પ્રશ્ન છે, શાળાઓની હાલત ખરાબ છે સીટી બસનો વહીવટ ખાડે ગયેલો છે. તો આ તમામ સમસ્યાઓનું સમાધાન સત્તા પરિવર્તનમાં છે.

# અમદાવાદમાં દંપતી સાથે જબરુ થયું, ફોન બંધ થયો અને અડધી કલાકે ચાલુ થતાં જ ખાતામાંથી 1 લાખની ચોરી

અમદાવાદ | વસ્ત્રાલ વિસ્તારમાં રહેતી 40 વર્ષીય ગૃહિણીના યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી અજાણ્યા સાયબર ગઠિયાએ ઓનલાઈન રૂ. 1 લાખ સેરવી લીધા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગત 30 ઓગસ્ટે દંપતી મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરી રહ્યું હતું ત્યારે પતિનો મોબાઈલ આપોઆપ સ્વિચ ઓફ થઈ ગયો હતો. જે બાદ બીજા દિવસે મોબાઈલ રિચાર્જ કરતી વખતે બેંક ટ્રાન્ઝેક્શન લિમિટ પૂરી થઈ ગઈ હોવાનું સામે આવતાં સાયબર ફ્રોડનો પર્દાફાશ થયો હતો. આ મામલે રામોલ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

વસ્ત્રાલ ખાતે નિરાંત ચાર રસ્તા પાસે આવેલ રાજધાની ટેનામેન્ટમાં રહેતા હિનાબેન પટેલે યુનિયન બેંક ઓફ ઈન્ડિયામાં ખાતું ધરાવે છે. આ બેંક ખાતા સાથે તેમના પતિ ભાવેશભાઈનો મોબાઈલ નંબર લિંક છે અને તેઓ ફોન-પે એપ્લિકેશનનો ઉપયોગ કરે છે. ગત 30 ઓગસ્ટ 2026ના રોજ હિનાબેન અને તેમના પતિ મેટ્રોમાં થલતેજ તરફ જઈ રહ્યા હતા ત્યારે ભાવેશભાઈનો મોબાઈલ અચાનક બંધ થઈ ગયો હતો અને આશરે અડધા કલાક બાદ આપોઆપ ચાલુ થઈ ગયો હતો.

# 12મીએ 9 જિલ્લામાં ભારે વરસાદની આગાહી:અમદાવાદમાં હળવા વરસાદની શક્યતા, આગામી 24 કલાકમાં દક્ષિણ ગુજરાતમાં મધ્યમ વરસાદ પડી શકે

ગુજરાતમાં આગામી દિવસોમાં વરસાદનું જોર વધવાની આગાહી હવામાન વિભાગે કરી છે. 12 સપ્ટેમ્બરે દક્ષિણ ગુજરાત સહિત કેટલાક જિલ્લામાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે 13 સપ્ટેમ્બરે નવસારી, વલસાડ અને ડાંગમાં અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આગામી 24 કલાકમાં દક્ષિણ ગુજરાતના છોટા ઉદેપુર, નર્મદા, ડાંગ, તાપી, નવસારી અને વલસાડમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આ ઉપરાંત વડોદરા, ભરૂચ અને સુરતમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદની આગાહી છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ સહિતના જિલ્લાઓમાં પણ છૂટાછવાયા વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્ર-કચ્છના રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, દ્વારકા અને કચ્છમાં પણ વરસાદ પડી શકે છે.

અમદાવાદમાં આજે સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ



રહેવાની સાથે હળવો વરસાદ થવાની શક્યતા છે. અમદાવાદનું મહત્તમ તાપમાન 36 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 26 ડિગ્રી નોંધાયું છે. મહત્તમ તાપમાન સામાન્ય કરતાં 3.3 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 1.1 ડિગ્રી વધુ છે. જ્યારે 10 સપ્ટેમ્બર સુધી અમદાવાદમાં સિઝનનો કુલ વરસાદ 595.7 મીમી નોંધાયો છે, જે સામાન્ય કરતાં 88.2 મીમી ઓછો છે. 15 સપ્ટેમ્બરે પણ દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી અને વલસાડમાં અતિભારે વરસાદની શક્યતા છે. અમરેલી અને ભાવનગરમાં પણ અતિભારે વરસાદની આગાહી છે. અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, નર્મદા, ભરૂચ, સુરત અને તાપી સહિતના વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા છે. 16 સપ્ટેમ્બરે સૌરાષ્ટ્રના પોરબંદર, જૂનાગઢ, દ્વારકા અને ગીર સોમનાથમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની શક્યતા છે. 17 સપ્ટેમ્બરે કોઈ મોટી હવામાન સિસ્ટમમાં ફેરફારની આગાહી નથી.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડી અને આસપાસના વિસ્તારમાં લો-પ્રેશર એરિયા યથાવત્ છે અને તેની સાથેનું સાયક્લોનિક સર્ક્યુલેશન દરિયાની સપાટીથી આશરે 9.4 કિમી સુધી વિસ્તરેલું છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાત અને આસપાસના વિસ્તારમાં 4.5થી 5.8 કિમીની ઊંચાઈએ સાયક્લોનિક સર્ક્યુલેશન પણ યથાવત્ છે. આ હવામાન પરિબળોને કારણે ગુજરાતમાં આગામી દિવસોમાં વરસાદી માહોલ બનવાની શક્યતા છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### આઈકોનિક મેળો ખૂની હુમલો અપડેટ, સારવાર અર્થે ખસેડવાની ત્વરિત કોશિશ

# ગોંડલના ખાનગી મેળામાં સરાજાહેર છરીના ઘા ઝીંકી સ્ટોલધારકની હત્યા

(એજન્સી) ગોંડલ । તા. 11

ગુજરાતના જાણીતા ગોંડલ શહેરના વછેરાના વાડા વિસ્તારમાં ચાલી રહેલા આઈકોનિક મેળામાં ફોટોફ્રેમ અને ભગવાનની છબીઓનો સ્ટોલ ચલાવીને પોતાની રોજીરોટી રળતા મધ્યપ્રદેશના પચીસ વર્ષીય ધંધાર્થી યુવાન પર પાંચ શખ્સોએ લોકોની ભારે ભીડભાડ વચ્ચે સરાજાહેર ઘાતકી હુમલો કરીને તેની હત્યા કરી નાખી હતી, જ્યારે આ લોહિયાળ સંઘર્ષમાં તેનો પિતરાઈ ભાઈ પણ ગંભીર રીતે ઘાયલ થયો હતો, જેને પગલે સમગ્ર મેળા પરિસરમાં ભારે નાસભાગ મચી ગઈ હતી અને સ્થાનિક વહીવટી તંત્ર તથા સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

મીડિયા અહેવાલ અનુસાર મૃતક યુવાનની ઓળખ રમાશંકર કમલપ્રસાદ બર્મન તરીકે થઈ છે, જે મધ્યપ્રદેશના પન્ના જિલ્લાના સુડોર ગામનો વતની હતો અને પોતાના પિતરાઈ ભાઈઓ સાથે મેળામાં સ્ટોલ લગાવીને વેપાર કરતો હતો. ગત રાત્રે આશરે અગિયાર વાગ્યાના સુમારે વોરાકોટડા રોડ વિસ્તારમાં રહેતો રાહુલ રાજુભાઈ ડોડીયા સહિત પાંચ શખ્સો તેના સ્ટોલ પર આવ્યા હતા અને ફોટોફ્રેમ ખરીદી હતી, પરંતુ માલ ખરીદ્યા બાદ પૈસા ચૂકવ્યા વગર જઈ રહેલા આ શખ્સો પાસે રમાશંકરે નાણાંની માંગણી કરતાં મામલો



ઉગ્ર બન્યો હતો અને ભાવતાલ બાબતે તેમની વચ્ચે તીખી રકઝક થઈ હતી.

બોલાચાલી દરમિયાન ઉશ્કેરાયેલા મુખ્ય આરોપી રાહુલે પોતાની પાસે રહેલી છરી કાઢીને યુવાનની છાતીના ભાગે ઘા ઝીંકી દીધો હતો, અને વચ્ચે બચાવ કરવા પડેલા પિતરાઈ ભાઈ વિશાલ શર્માને પણ છરીના ઘા વાગતા તે પણ લોહીલોહાણ થઈને જમીન પર પડી ગયો હતો. હુમલાને અં આપ્યા બાદ આરોપીઓ ઘટનાસ્થળેથી નાસવા લાગ્યા હતા, પરંતુ સદનસીબે તે જ સમયે મેળામાં પેટ્રોલિંગ કરી રહેલા પોલીસ અધિકારીઓએ તાત્કાલિક કાર્યવાહી કરીને મુખ્ય આરોપી રાહુલને ઝડપી લીધો હતો અને રાત્રે જ કડક કોમ્બિંગ હાથ ધરીને અન્ય ચાર સહઆરોપીઓ સમીદ અકબર સુમરા, અલ્ફાક રફીક શેખ, નવાઝ ઈરફાન દોઢિયા અને અસફાક મજીદ જુનેજાને પણ દબોચી લીધા હતા.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક સેવાભાવી સંસ્થાના કાર્યકરો દ્વારા ઘાયલ યુવાનને ત્વરિત એક્ટિવા વાહન મારફતે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, પરંતુ કમનસીબે હોસ્પિટલ પહોંચતા પહેલા જ યુવાને દમ તોડી દીધો હતો, જેના કારણે તેના પરિવાર પર આભ તૂટી પડ્યું છે. આ બનાવને પગલે મેળામાં આવેલા હજારો મુલાકાતીઓમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો અને તંત્રની સુરક્ષા વ્યવસ્થા પર લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની સઘન તપાસ શરૂ કરી છે અને મેળામાં વધારાના પોલીસ કાફલાને તૈનાત કરવામાં આવ્યો છે.

મૃતક પાસેથી મળેલા આધારકાર્ડના આધારે તેની ઓળખ રમાશંકર કમલપ્રસાદ બર્મન (ઉ.૨૫, મૂળ સુડોર ગામ, જિલ્લો પન્ના, મધ્યપ્રદેશ) તરીકે થઈ હતી. રમાશંકર પોતાના બે પિતરાઈ ભાઈ સાથે મેળામાં સ્ટોલ રાખી વેપાર કરતો હતો.

## સુરત માર્કેટ આગ કાવતરું, શ્યામ સંગીની માર્કેટ આગ સીસીટીવી કેદ



સુરત | સુરતના સારોલી વિસ્તારમાં આવેલા શ્યામ સંગીની ટેક્સટાઈલ માર્કેટમાં ગત નવમી સપ્ટેમ્બરના રોજ રાત્રે ફાટી નીકળેલી ભયાનક આગની ઘટનામાં એક અત્યંત ચોંકાવનારો વળાંક સામે આવ્યો છે, જ્યાં અંદાજે પચીસથી ત્રીસ કરોડ રૂપિયાના ભારે નુકસાનને સર્જનારી આ વિકરાળ આગ કોઈ અકસ્માત નહીં પરંતુ કોઈ અજાણ્યા ઈસમ દ્વારા ઈરાદાપૂર્વક લગાવવામાં આવેલું એક ખૂની કાવતરું હોવાનું પોલીસ તપાસ અને સીસીટીવી ફૂટેજ દ્વારા બહાર આવ્યું છે. મોડી રાત્રે ફાયર કંટ્રોલ રૂમને આ ગંભીર દુર્ઘટના અંગે માહિતી મળતાની સાથે જ તુરંત જ શરૂઆતમાં છ ફાયર ફાઈટર વાહનોને ઘટનાસ્થળે રવાના કરવામાં આવ્યા હતા, પરંતુ આગની વધતી જતી ભયાનકતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ધોરણે બ્રિગેડ કોલ જાહેર કરીને આશરે બસોથી વધુ ફાયર કર્મચારીઓને કામે લગાડવામાં આવ્યા હતા. સતત પાંત્રીસથી છત્રીસ કલાકની ભારે જહેમત અને સંઘર્ષ બાદ આ આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી, પરંતુ આ દુર્ઘટનામાં દસ કરતાં વધુ દુકાનો બળીને સંપૂર્ણપણે રાખ થઈ ગઈ હતી અને વેપારીઓને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો.

## રાજકોટ સાયબર ફ્રોડનો પર્દાફાશ અને કરોડની ઠગાઈ, બોગસ પેઢી દ્વારા કરોડોનું કૌભાંડ

(એજન્સી) રાજકોટ । તા. 11

રાજકોટ શહેરના સાયબર ક્રાઈમ પોલીસ મથક દ્વારા તાજેતરમાં એક અત્યંત ગંભીર અને ચોંકાવનારો સાયબર ફ્રોડનો માનો પર્દાફાશ કરવામાં આવ્યો છે, જેમાં આઈસીઆઈસીઆઈ બેંકમાં હનુમંત ઓર્ગેનિક ટ્રેડિંગ નામની એક બોગસ પેઢી ખોલીને તેના ખાતામાં સાયબર ઠગાઈના કુલ એક કરોડ તેર લાખ રૂપિયા જેટલી માતબર રકમ જમા કરાવવામાં આવી હોવાનું બહાર આવતા પોલીસે તાત્કાલિક ધોરણે કાયદેસરની સખત કાર્યવાહી હાથ ધરી છે.


પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર આ સમગ્ર કૌભાંડમાં દીપક જેરામ ગઢીયા, નિતિન રાજેશ ચક્રવર્તી અને શૈલેષ અમરશી લુણાગરીયા નામના ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. જમાદાર હર્ષરાજસિંહ જાડેજા દ્વારા નોંધાવવામાં આવેલી સત્તાવાર ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ આર્થિક લાભ મેળવવાની લાલચમાં આવીને જાણીજોઈને એક બનાવટી પેઢી ઊભી કરી હતી અને તેના નામે બેંક ખાતું ખોલાવીને સાયબર ગુનેગારોને નાણાં હેરફેર કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું, જેના કારણે કાયદાકીય શિખંજામાં આવેલા આ આરોપીઓની શોધખોળ ચાલુ છે.

આ સમગ્ર પ્રકરણની વિગતવાર તપાસ દરમિયાન એવું સામે આવ્યું છે કે દોઢેક માસ અગાઉ કિશન રામાણી નામના શખ્સે શૈલેષ સાથે મુલાકાત કરાવ્યા બાદ શૈલેષે કમિશનની લાલચ આપીને ખોટી પેઢીના નામે બેંક ખાતું ખોલાવવાનું આયોજન કર્યું હતું. આરોપીઓએ ભક્તિનગર સ્ટેશન પ્લોટનું ખોટું સરનામું દર્શાવીને મેસર્સ હનુમંત ઓર્ગેનિક ટ્રેડિંગના નામે ખાતું ખોલાવ્યું હતું અને ત્યારબાદ તે ખાતાની પાસબૂક, એટીએમ કાર્ડ તેમજ પાસવર્ડ શૈલેષને સોંપી દીધા હતા. ગત બીજી ઓગસ્ટના રોજ અમદાવાદની એક હોટલમાં શૈલેષે અન્ય પાર્ટી સાથે મુલાકાત પણ કરાવી હતી, પરંતુ વચન મુજબ કમિશનની કોઈ રકમ ન મળતા અને કરોડો રૂપિયાના શંકાસ્પદ વ્યવહારો બહાર આવતા સમગ્ર ભાંડો ફૂટ્યો હતો.

## ઈડી દ્વારા કરોડોની મિલકતો ટાંચમાં, સુરેશ પટેલ મિલકત જપ્તી કૌભાંડ કાર્યવાહી

(એજન્સી) સુરત । તા. 11

સુરત અને આસપાસના વિસ્તારોમાં ગુનાહિત પ્રવૃત્તિઓ અને ધાકધમકીના માધ્યમથી ગેરકાયદે સામ્રાજ્ય ઊભું કરનાર કુખ્યાત સુરેશ પટેલ ઉર્ફે સુખા સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા અત્યંત કડક પગલાં લેવામાં આવ્યા છે, જેમાં કેન્દ્રીય તપાસ એજન્સી દ્વારા દમણ અને



વલસાડ ખાતે આવેલી કરોડો રૂપિયાની મિલકતોને અસ્થાયી રૂપે ટાંચમાં લેવામાં આવી છે.

કેન્દ્રીય તપાસ એજન્સી દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ આ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આરોપી સુરેશ જગુ પટેલ અને તેના સહયોગીઓ વિરુદ્ધ અગાઉ વિવિધ પોલીસ મથકોમાં ગંભીર ગુનાઓ નોંધાયા હતા, જેના આધારે તપાસ હાથ ધરીને દમણ અને વલસાડ પંથકમાં ફેલાયેલી આશરે છ કરોડ પાવન લાખ રૂપિયાની કિંમતની સત્તર જેટલી અચલ સંપત્તિઓને સત્તાવાર રીતે જપ્ત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

તપાસમાં ખુલાસો થયો છે કે આરોપીએ પોતાના ફોજદારી રેકોર્ડ અને અપરાધિક ધાક-ધમકીના જોરે હરીફ વેપારીઓને ડરાવી-ધમકાવીને સ્ક્રેપ ટ્રેડિંગ અને ટ્રાન્સપોર્ટના વ્યવસાયમાં પોતાની મોનોપોલી જમાવી હતી. તેના વિરુદ્ધ હત્યા, ખંડણી, છેતરપિંડી અને ભ્રષ્ટાચાર જેવા અનેક ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. અગાઉ પણ આ મામલે વિશેષ અદાલતમાં ફરિયાદ દાખલ કરવામાં આવી ચુકી છે અને તપાસ એજન્સી દ્વારા અત્યાર સુધીમાં કુલ તેર કરોડ પંચ્યાસી લાખ રૂપિયાથી વધુની સંપત્તિઓ જપ્ત કે ફ્રીઝ કરવામાં આવી ચૂકી છે.

## સુરત શ્યામ સંગીની માર્કેટ આગ અકસ્માત નથી, માર્કેટ આગ કાવતરું

(એજન્સી) સુરત । તા. 11

સુરતના સારોલી વિસ્તારમાં આવેલા શ્યામ સંગીની ટેક્સટાઈલ માર્કેટમાં ગત નવમી સપ્ટેમ્બરના રોજ રાત્રે ફાટી નીકળેલી ભયાનક આગની ઘટનામાં એક અત્યંત ચોંકાવનારો વળાંક સામે આવ્યો છે, જ્યાં અંદાજે પચીસથી ત્રીસ કરોડ રૂપિયાના ભારે નુકસાનને સર્જનારી આ વિકરાળ આગ કોઈ અકસ્માત નહીં પરંતુ કોઈ અજાણ્યા ઈસમ દ્વારા ઈરાદાપૂર્વક લગાવવામાં આવેલું એક ખૂની કાવતરું હોવાનું પોલીસ તપાસ અને સીસીટીવી ફૂટેજ દ્વારા બહાર આવ્યું છે.

મોડી રાત્રે ફાયર કંટ્રોલ રૂમને આ ગંભીર દુર્ઘટના અંગે માહિતી મળતાની સાથે જ તુરંત જ શરૂઆતમાં છ ફાયર ફાઈટર વાહનોને ઘટનાસ્થળે રવાના કરવામાં આવ્યા હતા, પરંતુ આગની વધતી જતી ભયાનકતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ધોરણે બ્રિગેડ કોલ જાહેર કરીને આશરે બસોથી વધુ ફાયર કર્મચારીઓને કામે લગાડવામાં આવ્યા હતા. સતત પાંત્રીસથી છત્રીસ કલાકની ભારે જહેમત અને સંઘર્ષ બાદ આ આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી, પરંતુ આ દુર્ઘટનામાં દસ કરતાં વધુ દુકાનો બળીને સંપૂર્ણપણે રાખ થઈ ગઈ હતી અને વેપારીઓને કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો. આ મામલે શરૂ કરવામાં આવેલી સઘન તપાસ દરમિયાન જ્યારે આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજની ઊંડાણપૂર્વક ચકાસણી કરવામાં આવી ત્યારે એક અજાણ્યો ઈસમ ઈરાદાપૂર્વક આગ લગાડતો નજરે પડ્યો હતો, જેના કારણે આ સમગ્ર મામલો માત્ર અકસ્માતનો ન રહેતા એક ગંભીર ગુનાહિત કાવતરા તરફ ઈશારો કરી રહ્યો છે. સ્થાનિક વેપારીઓ અને વહીવટી તંત્રમાં આ ખુલાસાને કારણે ભારે ચકચાર મચી ગઈ છે અને પોલીસ દ્વારા તે ઈસમની ઓળખ કરવા તેમજ તેની પાછળના વાસ્તવિક કારણો શોધવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. આ ગંભીર અપરાધને અંજામ આપનાર તત્વોને ઝડપી પાડવા માટે સુરત પોલીસની વિવિધ ટીમો દ્વારા અત્યાધુનિક ટેકનોલોજી અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે, જેથી ભવિષ્યમાં આવા બનાવોનું પુનરાવર્તન ન થાય અને વેપારીઓને ન્યાય મળી શકે.

## સુરત જળસંચય અભિયાન નિષ્ફળ બેદરકારી, બોટનિકલ ગાર્ડન પાણીનો બગાડ



સુરત | સુરત મહાનગરપાલિકા દ્વારા વરસાદી પાણીના સંગ્રહ માટે અનેકવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, ત્યારે રાંદેર ઝોનના જહાંગીરપુરા વિસ્તારમાં આવેલા બોટનિકલ ગાર્ડન સામે પાલિકાના જ પાણી વિભાગના કેન્દ્ર બહાર પીવાનું પાણી કલાકો સુધી જાહેર રસ્તા પર વહીને વેડફાઈ રહ્યું હોવાની ગંભીર ઘટના સામે આવી છે, જે તંત્રની લાપરવાહીની પોલ ખોલે છે. મળતી માહિતી મુજબ, પાલિકા દ્વારા શહેરમાં ભલે 'કેચ ધ રેન' અભિયાન ચલાવવામાં આવી રહ્યું હોય, પરંતુ વાસ્તવિક સ્થિતિ એવી છે કે પાણી વિભાગના કેન્દ્રના મુખ્ય દરવાજા બહાર આવેલી પાઈપલાઈનની ચેમ્બરોમાંથી લાંબા સમયથી પાણી લીકેજ થઈ રહ્યું છે. બપોરના સમયે શરૂ થતો આ પાણીનો વેડફાટ મોડી રાત સુધી અટકવાનું નામ લેતો નથી, જેના કારણે કરોડો લીટર શુદ્ધ પીવાનું પાણી નાલાયક વહીવટના કારણે મોરીઓમાં અને રસ્તાઓ પર વહીને નષ્ટ થઈ રહ્યું છે. આ ગંભીર બેદરકારી માત્ર પાણીના લીકેજ પૂરતી મર્યાદિત નથી, પરંતુ સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર આ ખુલ્લી ચેમ્બરોમાંથી ખાનગી ટ્રેક્ટરો દ્વારા પાણી ભરીને અન્યત્ર લઈ જવામાં આવે છે.

### વિદેશમંત્રીશ્રી દ્વારા નર્મદા જિલ્લામાં વિકાસ કાર્યો

## નર્મદા જિલ્લાના વિકાસ કાર્યોની કેન્દ્રિય પ્રભારી સચિવશ્રી દ્વારા સમીક્ષા



(એજન્સી) રાજપીપલા । તા. 11

ભારત સરકારના માનનીય વિદેશમંત્રીશ્રી ડૉ. એસ. જયશંકર દ્વારા સંસદસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના અંતર્ગત નર્મદા જિલ્લામાં ફાળવવામાં આવતી ગ્રાન્ટના માધ્યમથી ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન વિવિધ જનહિતલક્ષી અને વિકાસલક્ષી કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે, જેની સમીક્ષા માટે નર્મદા જિલ્લાના કેન્દ્રિય પ્રભારી સચિવશ્રી રવિકુમાર અરોરાએ આજે જિલ્લા મથક રાજપીપલાની મુલાકાત લીધી હતી અને અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

કેન્દ્રિય પ્રભારી સચિવશ્રીએ સંસદસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના અંતર્ગત વિદેશમંત્રીશ્રી દ્વારા નર્મદા જિલ્લા માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટના માધ્યમથી હાથ ધરવામાં આવેલા વિવિધ વિકાસ કાર્યોની વિગતવાર સમીક્ષા કરી હતી. આ બેઠક દરમિયાન પૂર્ણ થયેલા તેમજ પ્રગતિ હેઠળના વિકાસ કામોની સ્થિતિ, કામગીરીની ગુણવત્તા અને આગામી સમયમાં હાથ ધરાનારા પ્રસ્તાવિત કામો અંગે સંબંધિત અધિકારીઓ પાસેથી જરૂરી વિગતો મેળવવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લાના વિકાસ સૂચકાંકોમાં વધુ સુધારો થાય અને વિકાસની કામગીરીનો સીધો લાભ છેવાડાના નાગરિકો સુધી પહોંચે તે માટે હાથ ધરવામાં આવી રહેલા વિવિધ પ્રયાસો અંગે ચર્ચા કરવામાં આવી હતી. આગામી સમયમાં હાથ ધરાનારા વિકાસલક્ષી આયોજન અંગે પણ પ્રભારી સચિવશ્રીએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું અને સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવા પર ભાર મૂક્યો હતો.

કેન્દ્રિય પ્રભારી સચિવશ્રી રવિકુમાર અરોરાએ ખાસ કરીને બાળકોના શિક્ષણ અને તેમના સર્વાંગી વિકાસને કેન્દ્રસ્થાને રાખીને વિકાસલક્ષી કામગીરીને વધુ વેગ આપવા ભાર મૂક્યો હતો. બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ તેમજ વધુ સારી શૈક્ષણિક સુવિધાઓ મળી રહે તે દિશામાં પ્રાથમિકતા સાથે આયોજન કરવા તેમણે સૂચન કર્યું હતું.

શાળાકીય સ્તરે વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ વધારવા અને શૈક્ષણિક વાતાવરણને વધુ સુધારીને યુવા પેઢીના ભવિષ્યને ઉજ્જવળ બનાવવાની દિશામાં વહીવટી તંત્ર દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સાથે જ નર્મદા જિલ્લામાં આરોગ્ય ક્ષેત્રે ઉપલબ્ધ સુવિધાઓ, તેની અસરકારકતા તથા જરૂરિયાત મુજબ આરોગ્ય સેવાઓના વધુ સશક્તિકરણ અંગે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

છેવાડાના અને વંચિત વિસ્તારો સુધી ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ વધુ સુલભ બને તે માટે જરૂરી આયોજન અને સંકલિત પ્રયાસો અંગે પણ ભાર મૂકાયો હતો. ગ્રામ્ય કક્ષાએ તબીબી સાધનો અને ડૉક્ટરોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે અધિકારીઓને ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી જેથી સામાન્ય નાગરિકોને સ્થાનિક સ્તરે જ ઉત્તમ સારવાર મળી રહે.

### નર્મદા જિલ્લામાં સેવા જ્યોતિ યાત્રા, વડનગરથી વારાણસી સેવા યાત્રા

# ગુજરાત સેવા જ્યોતિ યાત્રા વિકાસ અહેવાલ

(એજન્સી) રાજપીપલા । તા. 11

વડનગરથી વારાણસી સુધીની પ્રતિષ્ઠિત સેવા જ્યોતિ યાત્રા આગામી તેર સપ્ટેમ્બરના રોજ ઉનાઈ માતા મંદિરથી પ્રારંભ થઈને ચૌદ અને પંદર સપ્ટેમ્બર દરમિયાન નર્મદા જિલ્લાના વિવિધ માર્ગો પરથી પસાર થશે, જેને લઈને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે અને કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં ઉચ્ચસ્તરીય બેઠક યોજવામાં આવી છે.

સામાજિક જાગૃતિ અને સેવાના સંદેશ સાથે નીકળનારી આ યાત્રા ચૌદ સપ્ટેમ્બરના રોજ નર્મદા જિલ્લામાં પ્રવેશ કરશે અને બિરસામુંડા ટ્રાયબલ યુનિવર્સિટી તથા સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેશે. આ યાત્રા દરમિયાન યુવાનો અને નાગરિકોમાં વ્યસનમુક્તિ અંગેનો સંદેશ ફેલાવવા માટે વિશેષ કાર્યક્રમોનું આયોજન



કરવામાં આવ્યું છે, જેનાથી ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં સકારાત્મક વાતાવરણ ઊભું થશે. યાત્રામાં અંદાજે ચાલીસ જેટલા બાઈકર્સ અને અનેક શ્રદ્ધાળુઓ ઉત્સાહભેર જોડાવાના છે, તેમજ રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ પણ આ યાત્રામાં સહભાગી થઈને પ્રવાસને અદ્ભુત બનાવશે. નર્મદા જિલ્લામાં ભવ્ય સ્વાગત બાદ યાત્રાનું એકતાનગર ખાતે રાત્રિરોકાણ યોજાશે, અને ત્યારબાદ પંદર સપ્ટેમ્બરના રોજ સવારે આ યાત્રા એકતાનગરથી પ્રસ્થાન કરીને તિલકવાડા થઈને આગળના પ્રવાસ માટે વડોદરા જિલ્લામાં પ્રવેશ કરશે. મર્યાદિત સમયમાં તમામ વ્યવસ્થાઓ સુચારૂ રીતે પાર પડે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ માર્ગો પર સુરક્ષા અને આયોજનના કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યા છે. યાત્રાના ભવ્ય સ્વાગત અને સુચારૂ સંચાલન માટે જિલ્લા કલેક્ટરશ્રી ગંગા સિંઘની અધ્યક્ષતામાં રાજપીપલા ખાતે એક મહત્ત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં યાત્રાના રૂટ, આવાગમન વ્યવસ્થા, કાર્યક્રમ સ્થળો, યાત્રાળુઓ માટેની જરૂરી સુવિધાઓ અને કડક સુરક્ષા વ્યવસ્થા અંગે સઘન ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગોના અધિકારીઓને પરસ્પર સંકલન જાળવીને તમામ કાર્યો સમયસર પૂર્ણ કરવા સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. આ સમીક્ષા બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.વી.વાળા, નિવાસી અધિક કલેક્ટરશ્રી સી.કે.ઉંધાડ, પ્રાંત અધિકારી સુશ્રી પરશનજીત કૌર, નાયબ પોલીસ અધિક્ષકશ્રી પી.આર.પટેલ સહિત વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### આગામી તપાસ અને નાગરિકો માટે લાલબત્તી સમાન કિસ્સો

## સુરત સાયબર ક્રાઈમ કૌભાંડ મોટો ખુલાસો

(એજન્સી) સુરત । તા. 11

વડોદરાના વાસણા-ભાયલી રોડ પર રહેતા અને વ્યવસાયે સિમેન્ટ આર્ટીકલ કંપનીના ભાગીદાર એવા મિહિરકુમાર વડાલીયા સાથે સોશિયલ મીડિયાના માધ્યમથી લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં સાયબર ઠગોએ શેરબજારમાં ઊંચા નફાની લાલચ આપીને તેમની પાસેથી અલગ-અલગ તબક્કે સત્તર લાખ પંચોતેર હજાર રૂપિયા પડાવી લીધા હોવાનું સપાટી પર આવ્યું છે.

મળતી માહિતી મુજબ, ગત નવેમ્બર મહિનાની વીસ તારીખે મિહિરભાઈના ફેસબુક આઈડી પર એક અજાણ્યા શખ્સનો સંદેશો આવ્યો હતો, જેમાં શેરબજારમાં રોકાણ કરવાની લિંક મોકલવામાં આવી હતી. આ લિંક પર ક્લિક કરતા જ તેઓ એક વોટ્સએપ ગ્રૂપમાં જોડાઈ ગયા હતા, જ્યાં નકલી પ્રોફિટના સ્ક્રીનશોટ મોકલીને રોકાણકારોને ફસાવવામાં આવતા હતા. ઠગ ટોળકીએ આસુરી યુક્તિઓ રચીને એક વિશેષ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી અને તેમાં નફાનો આંકડો મોટો દેખાડીને વિશ્વાસ કેળવ્યો હતો. ઠગ ટોળકીના ચક્કરમાં ફસાયા બાદ ફરિયાદીએ કુલ સત્તર લાખ પંચોતેર હજાર રૂપિયાનું રોકાણ કર્યું હતું. થોડા દિવસો બાદ એપ્લિકેશનમાં અઢી કરોડથી વધુનો નફો બતાવવામાં આવ્યો હતો, પરંતુ જ્યારે તેમણે તે રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે સામે પક્ષે પચાસ લાખથી વધુના કમિશનની માંગણી કરવામાં આવી હતી. કમિશન ભરવાની ના પાડતા અથવા નફામાંથી કાપી લેવાનું કહેતા ઠગોએ ના પાડી દીધી હતી, જેના કારણે સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો અને આખરે આ મામલે પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ પ્રકરણ સામે આવ્યા બાદ સાયબર ક્રાઈમ શાખા દ્વારા અજાણ્યા ઈન્ટરનેટ ફ્રોડ કરનારાઓ વિરુદ્ધ સઘન તપાસ શરૂ કરવામાં આવી છે અને બેંક ખાતાઓની વિગતો મેળવવામાં આવી રહી છે.

### વડોદરામાં યુજીસીના નવા નિયમો સામે ભારે વિરોધ ફાટી નીકળ્યો

## શિક્ષણ સંસ્થાઓમાં નવા નિયમો સામે વિરોધ પ્રદર્શનો શરૂ થયા

(એજન્સી) વડોદરા । તા. 11

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં જાતિ આધારિત ભેદભાવ રોકવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા જાહેર કરવામાં આવેલા નવા વિવાદાસ્પદ નિયમો સામે ગુજરાતભરમાં અસંતોષની લાગણી પ્રસરતી જોવા મળી રહી છે, જેના ભાગરૂપે આજે સંસ્કારનગર વડોદરા ખાતે હિન્દુ એકતા મંચ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કરીને આ કાયદાને તાત્કાલિક ધોરણે પાછા ખેંચવાની પ્રબળ માંગ કરવામાં આવી છે.

દેશભરની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં શિસ્ત અને સમાનતાના નામે લાદવામાં આવી રહેલા આ નવા નિયમોને લઈને સ્થાનિક વિદ્યાર્થીઓ અને સામાજિક સંગઠનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વડોદરાના કલેક્ટર કચેરી ખાતે પહોંચેલા મંચના આગેવાનો અને કાર્યકરોએ જણાવ્યું હતું કે આવા નીતિગત નિર્ણયોથી શૈક્ષણિક વાતાવરણ બગડવાની પૂરેપૂરી સંભાવના છે અને સામાન્ય વર્ગના તેજસ્વી



વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પ્રતિકૂળ અસરો પડી શકે છે, જેને કોઈપણ સંજોગોમાં ચલાવી શકાય નહીં. આગણેવાનોએ સ્પષ્ટ શબ્દોમાં આક્ષેપ કર્યો હતો કે શિક્ષણ જગતમાં આ પ્રકારે જ્ઞાતિગત ભેદભાવને નિવારવાના નામે નવા નિયમો અસ્તિત્વમાં લાવવાની કોઈ આવશ્યકતા જ નહોતી, કારણ કે આનાથી વિદ્યાર્થીઓ વચ્ચે અંદરોઅંદર અસંતોષ અને વિભાજનની ભાવના વધવા પામી શકે છે. આવેદનપત્ર આપ્યા બાદ મીડિયા અહેવાલો મુજબ તેમણે સરકાર સમક્ષ એવો સુર વ્યક્ત કર્યો હતો.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

ખિન્ન તથા નિરાશ ન થાવ. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે-કોઈપણ નિર્ણય લેતા પહેલા તમામ સારાં નરસાં પાસાંને તકેદારીપૂર્વક ચકાસજો. લાયક ઉમેદવારો માટે વૈવાહિક જોડાણની શક્યતા. કેટલાક માટે નવો રોમાન્સ તેમનો ઉત્સાહ વધારશે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. સાંજે બાળકો સાથે થોડો આનંદદાયક સમય વિતાવજો. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે.

**કર્ક : ડ. હ.**

કામનું દબાણ તથા ઘરમાં તકલીફ તાણ લાવી શકે છે. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. સામાજિક અંતરાયો પાર નહીં કરી શકો.

**સિંહ : મ. ટ.**

તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

સ્વાસ્થ્ય સારૂં રહેશે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે. આખા બ્રહ્માંડની તમામ ખુશીઓ એ બે વ્યક્તિઓ વચ્ચે હોય છે જેઓ એકમેકના પ્રેમમાં હોય છે.

**તુલા : ર. ત.**

એવો દિવસ જ્યારે તમારા ચહેરા પર નિરંતર સ્મિત રહેશે અને અજાણ્યા લોકો પણ ઓળખીતા લાગશે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**

કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. સમજદારીપૂર્વક સરેલું રોકાણ જ વળતર આપશે-આથી તમે તમારી પરસેવાની કમાણી ક્યાંય રોકો તે પૂર્વે પૂરેપૂરી ખાતરી કરી લેજો. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. તમે તમારા સંતાન પાસેથી કોઈક પાઠ શીખવાના છો. તેમનો સૂક્ષ્મ તેજપુંજ ખૂબ જ પવિત્ર હોય છે અને તેમના આસાપાસના લોકોને તેમની નિર્દોષતા,આનંદીપણું તથા નકારાત્મકતાના અભાવ દ્વારા બદલી શકે છે.

**મકર : ખ. જ.**

ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. સાંજ માટે કશું ખાસ આયોજન કરો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો.

**મીન : દ.ચ. ઝ. થ.**

તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ.

## ભક્તિભાવ

### નખત્રાણા જલારામ મંદિરે ગુંજ્યા ભજન-સત્સંગના સૂર : ભક્તિભાવ વચ્ચે ગુરુવારની આરતી યોજાઈ



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

શ્રી નખત્રાણા લોહાણા મહાજન સંચાલિત શ્રી દરિયા સ્થાન શ્રી જલારામ મંદિર મધ્ય (૧૪૮) ખાતે ગુરુવારની આરતીનું ભક્તિમય વાતાવરણમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આરતીના દાતા તરીકે શ્રી જલારામ ભગત, નખત્રાણા દ્વારા આરતી ઉતારવામાં આવી હતી.આ પ્રસંગે પૂજ્ય જલારામ બાપાના ભક્તજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આરતી પૂર્વે ભજન-સત્સંગનો કાર્યક્રમ યોજાતા સમગ્ર મંદિર પરિસર ભક્તિના રંગે રંગાયું હતું. ત્યારબાદ વિધિવત્ આરતી ઉતારવામાં આવી હતી.મંદિરના પૂજારી રમેશભાઈ જોશી દ્વારા પૂજનવિધિ કરવામાં આવી હતી. આરતી બાદ ઉપસ્થિત ભક્તજનોને દાતા પરિવાર તરફથી પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગુરુવારની આ ધાર્મિક પ્રવૃત્તિથી મંદિર પરિસરમાં શ્રદ્ધા અને ભક્તિનો માહોલ છવાયો હતો.

### પનીરનું શાક અને ફ્રૂટ સલાડ ખાધા બાદ તબિયત બગડી

# આણંદ: વલ્લભ વિદ્યાનગરની ગર્લ્સ હોસ્ટેલમાં 200થી વધુ વિદ્યાર્થિનીઓને ફૂડ પોઈઝનિંગ

(એજન્સી) આણંદ | તા.11

વલ્લભ વિદ્યાનગરની ગર્લ્સ હોસ્ટેલમાં 200થી વધુ વિદ્યાર્થિનીઓને ફૂડ પોઈઝનિંગ, રસોડા જોવા મળી ગંદકી!આણંદના વલ્લભ વિદ્યાનગર સ્થિત રાણક ગર્લ્સ હોસ્ટેલમાં રાત્રિના ભોજન બાદ એકાએક 200થી વધુ વિદ્યાર્થિનીઓની તબિયત લથડતાં દોડધામ મચી ગઈ હતી. મોડી રાત્રે વિદ્યાર્થિનીઓને અસહ્ય પેટમાં દુ:ખાવો, ઝાડા અને ઉલટી જેવાં ફૂડ પોઈઝનિંગના ગંભીર લક્ષણો દેખાતાં હોસ્પિટલ ખસેડાઈ હતી. જ્યારે તબિયત વધુ નાજુક બનતાં 20થી વધુ વિદ્યાર્થિનીઓને તાત્કાલિક ખાનગી હોસ્પિટલોમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. મળતી માહિતી અનુસાર, હોસ્ટેલમાં રાત્રિના ભોજનમાં વિદ્યાર્થિનીઓને પનીરનું શાક અને ફ્રૂટ સલાડ પીરસવામાં આવ્યું હતું. આ ખોરાક લીધાના થોડા જ કલાકોમાં એક પછી એક વિદ્યાર્થિનીઓની તબિયત ખરાબ થવા લાગી હતી. વાસી અથવા દૂષિત



ખોરાક પીરસાયો હોવાના કારણે આ ગંભીર પરિસ્થિતિ સર્જાઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાને પગલે હોસ્ટેલ તંત્રની બેદરકારી સામે વિદ્યાર્થિનીઓ અને વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.ઘટનાની જાણ થતાં જ આરોગ્ય વિભાગ, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ તેમજ સ્થાનિક તંત્રની ટીમ રાણક ગર્લ્સ હોસ્ટેલ ખાતે દોડી ગઈ હતી. અધિકારીઓએ હોસ્ટેલના મેસ/રસોડાની તપાસ હાથ ધરતાં અત્યંત ગંદકી અને અસ્વચ્છતા જોવા મળી હતી, જ્યારે સ્ટોર રૂમમાં સંગ્રહ કરેલા અનાજમાં જીવાત પણ મળી આવી હતી. તપાસ ટીમે સ્થળ પરથી ખોરાકના સેમ્પલ લઈને લેબોરેટરી ટેસ્ટિંગ માટે મોકલી આપ્યા છે.

હાલમાં આરોગ્ય વિભાગની વિશેષ ટીમો દ્વારા હોસ્ટેલ પરિસરમાં જ કેમ્પ શરૂ કરીને અન્ય તમામ વિદ્યાર્થિનીઓનું સતત હેલ્થ ચેકઅપ કરવામાં આવી હતી. રાહતની વાત એ છે કે, સમયસર સારવાર મળવાના કારણે અસરગ્રસ્ત તમામ વિદ્યાર્થિનીઓની તબિયતમાં ધીમે ધીમે સુધારો થઈ રહ્યો છે. બીજી તરફ, વિદ્યાર્થિનીઓના જીવ સાથે ખેલ ખેલનારા હોસ્ટેલ સંચાલકો સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. આણંદના વલ્લભ વિદ્યાનગરની રાણક ગર્લ્સ હોસ્ટેલમાં 200થી વધુ વિદ્યાર્થિનીઓને ફૂડ પોઈઝનિંગ થયું. પનીરનું શાક અને ફ્રૂટ સલાડ ખાધા બાદ પેટમાં દુ:ખાવો, ઝાડા-ઉલટી થતા 20થી વધુને હોસ્પિટલ ખસેડાઈ. આરોગ્ય વિભાગની તપાસમાં રસોડામાં ગંદકી અને અનાજમાં જીવાત મળી. હોસ્ટેલ તંત્ર સામે કાર્યવાહીની માંગ ઉઠી છે.

## જામનગરના ચેલામાં કારખાનામાં ડ્રો મશીનમાં કામ કરી રહેલા શ્રમિક યુવાનનો હાથ મશીનમાં ફસાઈ જતા કરૂણ મૃત્યુ

(એજન્સી) જામનગર | તા.11

જામનગરના ચેલામાં આવેલા ઈન્ડિયન બ્રાસ કારખાનામાં 10 સપ્ટેમ્બરે સવારે 10 વાગ્યે મૂળ બિહારના 20 વર્ષીય શ્રમિક રહીસકુમાર સંતોષપાલનું ડ્રો મશીનમાં શર્ટ ફસાઈ જતાં ગંભીર અકસ્માત થયો. તેમને ડાબા ખભાથી છાતીના ભાગે ગંભીર ઈજાઓ થતાં આંતરિક અવયવો બહાર આવી ગયા હતા. તાત્કાલિક જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા, જ્યાં સારવાર દરમિયાન તેમનું કરૂણ મૃત્યુ થયું. પોલીસે અપમૃત્યુ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જામનગર તાલુકાના ચેલા વિસ્તારમાં આવેલા ઔદ્યોગિક કારખાનામાં ડ્રો મશીનમાં શર્ટ ફસાઈ જતાં હાથ પણ મશીનમાં આવી જવાથી મૂળ બિહારના 20 વર્ષીય શ્રમિકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. મશીનમાં ખેંચાઈ જવાના કારણે યુવાનના શરીરમાંથી અવયવો બહાર આવી જતાં ગંભીર હાલત સર્જાઈ હતી. તેને તાત્કાલિક સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.બનાવની વિગતો મુજબ, ચેલા ખાતે વિઝન ઈન્ડસ્ટ્રીયલ પાર્કના પ્લોટ નં.241માં આવેલા ઈન્ડિયન બ્રાસ નામના કારખાનામાં મૂળ બિહારના રહેવાસી રહીસકુમાર સંતોષપાલ (ઉ.વ. 20) મજૂરી કામ કરતા હતા. તા.10 સપ્ટેમ્બરના રોજ સવારે આશરે 10 વાગ્યાના અરસામાં તેઓ ડ્રો મશીનમાં સળિયા નાખવાનું કામ કરી રહ્યા હતા.

### સપ્લાયર ફરાર

## જામનગરના જોગવડમાં મકાનમાંથી નશીલા પદાર્થ 23.85 ગ્રામ હેરોઈન સાથે પંજાબના 3 શખ્સો ઝડપાયા

જામનગર : જામનગર પોલીસે નશીલા પદાર્થો સામે ઝુંબેશ ચલાવી મેઘપર (પડાણા) પોલીસે જોગવડ ગામની સીમમાંથી 3 પંજાબી શખ્સોને ઝડપ્યા છે. તેમની પાસેથી 23.85 ગ્રામ હેરોઈન, મોર્ફીન, કોડેન સહિત કુલ 4,94,400નો મુદ્દામાલ જપ્ત કરાયો. આ શખ્સો મજૂરીના બહાને અહીં રહેતા હતા. પોલીસે સપ્લાયર જગરૂપનસિંઘ વિરુદ્ધ પણ ગુનો નોંધી, તેને ઝડપવા તપાસ હાથ ધરી છે. નશીલા માદક પદાર્થોના ગેરકાયદેસર વેપાર અને સેવન સામે ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનની ટીમે જોગવડ ગામની સીમમાં રામદૂતનગર વિસ્તારમાં દરોડો પાડી હેરોઈન સહિતના માદક પદાર્થોના જથ્થા સાથે પંજાબના ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી કુલ 23.85 ગ્રામ હેરોઈન, મોફીન અને કોડેનનો જથ્થો, જેની કિંમત રૂ.4,77,000 થાય છે, તેમજ અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.4,94,400નો મુદ્દામાલ કબજે કર્યો છે.

મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનના સ્ટાફને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે જોગવડ ગામની સીમમાં રામદૂતનગર વિસ્તારમાં જયેશભાઈ ઉનડકટની ઓરડીઓ પૈકીની નંબર-11ની ઓરડીમાં ભાડેથી રહેતા જશવંતસિંઘ પંજાબી, જગમીતસિંઘ પંજાબી અને થોમસ મસીહ નામના ત્રણ શખ્સો પાસે કેફી માદક પદાર્થનો પાવડર છે અને તેઓ હાલ ઓરડીમાં હાજર છે. જે બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો.

### શિક્ષણનું મહત્વ'

## ‘આજના યુગમાં શિક્ષણનું મહત્વ’ વિષય પર વકૃત્વ સ્પર્ધા યોજાઈ હતી

કમલેશ પટેલ. સંખેડા

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંખેડા ખાતે 11 સપ્ટેમ્બર 2026 ના રોજ ‘આજના યુગમાં શિક્ષણનું મહત્વ’ વિષય પર વકૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં 12 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.સ્પર્ધાની શરૂઆતમાં કોલેજના આચાર્ય ડો. ડી.વી. પટેલે વિષયને અનુરૂપ ઉદબોધન આપ્યું હતું.આ કાર્યક્રમનું આયોજન અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. પરેશ એસ. પુરાણીએ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડો. રાકેશ આર. વણકરસાધુ દ્વારા કરવામાં આવ્યું હતું.



નિર્ણાયક તરીકે પ્રા. નીલાબેન સોલંકી અને ડો. કનુભાઈ પરમારે સેવા આપી હતી.

### 150 લોકો પાસેથી કરોડો ખંખેર્યાના આરોપ

## સિક્કાના વેપારીને સિગરેટ ઈમ્પોર્ટ-એક્સપોર્ટના ધંધામાં બમણું વળતર આપવાની લાલચ આપી રૂ.12 લાખનો ચૂનો

(એજન્સી) જામનગર | તા.11

જામનગરના સિક્કા ગામમાં શીપિંગ કંપની સાથે સંકળાયેલા અસગર પીરઝાદાએ સિગારેટના ધંધામાં બમણા વળતરની લાલચ આપી. તેણે જનરલ સ્ટોરના વેપારી સુરજભાઈ ભગોરા પાસેથી રૂ. 12 લાખ પડાવ્યા. આ ઉપરાંત, 150થી વધુ લોકો પાસેથી રૂ. 5 કરોડ મેળવી છેતરપિંડી આચરી. સિક્કા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ 316(2) હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. જામનગર તાલુકાના સિક્કા ગામમાં રહેવાસી એક શખ્સએ પોતે શિપિંગ કંપની સાથે જોડાયેલો અને સિગરેટના ઈમ્પોર્ટ-એક્સપોર્ટના ધંધામાં રોકાણ કરાવી બમણું વળતર આપવાની લાલચ આપી સિક્કામાં જનરલ સ્ટોર ચાલવતા એક વેપારીની રૂ.12 લાખની રકમ મેળવી પરત નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાઈ છે. ઉપરાંત આશરે 150 થી વધુ વ્યક્તિ પાસેથી રોકાણના બહાને પાંચેક કરોડ રૂપિયાની રકમ મેળવી લઈ છુંમંતર થઈ ગયાનું ફરિયાદમાં જણાવ્યું છે સિક્કા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ 316(2) હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ફરિયાદી સિક્કા ગામના જનરલ સ્ટોરના સંચાલક સુરજભાઈ રામજીભાઈ ભગોરાએ પોલીસને જણાવ્યું છે કે, સિક્કા ગામમાં




રહેતા આરોપી અસગર ગફાર પીરઝાદા સાથે તેમની અગાઉથી ઓળખાણ હતી. આરોપીએ પોતે શીપિંગ કંપનીમાં કામ કરતો હોવાનું જણાવી બહાર સંપર્ક હોવાના કારણે સિગરેટના ઈમ્પોર્ટ-એક્સપોર્ટનો ધંધો કરતો હોવાનું કહ્યું હતું. આ ધંધામાં સારી કમાણી થતી હોવાનું જણાવી વધુ મોટા પ્રમાણમાં ધંધો કરવા માટે ભંડોળની જરૂરિયાત હોવાનું કહેવામાં આવ્યું હતું.ફરિયાદ મુજબ, આરોપીએ ફરિયાદી પાસે અગાઉ રૂ.3 લાખ રોકાણ કરાવ્યા હતા અને એક મહિના બાદ રૂ.3 લાખ પરત આપ્યા હતા. ત્યારબાદ ફરીથી રૂ.3 લાખ રોકાણ કરાવવા જણાવતાં ફરિયાદીએ રોકાણ કર્યું હતું. બાદમાં આરોપીએ વધુ રકમની જરૂર હોવાનું જણાવી ફરિયાદી પાસેથી કુલ રૂ.12 લાખ મેળવ્યા હતા અને તેના બદલામાં ચેક આપ્યો હતો. જોકે, રકમ પરત આપવાના બદલે આરોપી ટાળટૂળ કરવા લાગ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે, આરોપી પાસેથી પોતાની રકમની ઉઘરાણી કરતાં તે 10થી 15 દિવસમાં રકમ પરત આપી દેશે.

## 8 યુવાનો મક્કા અને મદીના શરીફની પવિત્ર યાત્રા માટે રવાના







| કમલેશ પટેલ | . સંખેડા

સંખેડાના કસ્બા વિસ્તારમાંથી 8 યુવાનો મક્કા અને મદીના શરીફની પવિત્ર યાત્રા માટે રવાના થયા છે. આ યુવાનોને વિદાય આપવા માટે કસ્બાના મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.આ યાત્રા પર જનારા યુવાનોમાં ફેઝાન શેખ, સેજાન શેખ, સોહેલ શેખ, જિયાન બેલીમ, મુબસીર કાઝી, લુકમાન સિંધી, હમજા સિંધી અને કાદિર મન્સૂરીનો સમાવેશ થાય છે.આ 8 યુવાનો મુસ્લિમોની છેલ્લી અને પવિત્ર યાત્રા ગણાતી મક્કા શરીફ અને મદીના શરીફ જવા માટે નીકળ્યા છે. તેઓ વડોદરાની અલીફ ટૂર દ્વારા રવાના થયા છે અને તેમની યાત્રા 20 દિવસની રહેશે.યુવાનોને વિદાય આપવા માટે સંખેડા કસ્બાના મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. લોકોએ યુવાનોને સંખેડા ગામ માટે ખાસ દુઆ કરવા જણાવ્યું હતું.

### જામનગરમાં દારૂના નશામાં રિક્ષા હંકારી સ્કૂટરને ટક્કર મારતાં સ્કૂટર સવાર બે યુવકોને ઈજા : રીક્ષા ચાલક સામે પોલીસ ફરિયાદ

જામનગર : જામનગરમાં દી-પ્લોટ વિસ્તારમાં દારૂ પીધેલી હાલતમાં રિક્ષાચાલક શક્તિ ઠાકેચાએ પુરઝડપે સ્કૂટરને ટક્કર મારી. આ અકસ્માતમાં સ્કૂટર સવાર રોહિતભાઈ અને રાહુલ રોડ પર પટકાયા હતા. રાહુલને હાથ-પગમાં ઈજા થઈ હતી અને મોબાઈલ તૂટી ગયો હતો. સિટી-એ પોલીસે રિક્ષાચાલક સામે કલમ 281, 125(એ), 185, અને 66(1)(બી) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જામનગરના દી-પ્લોટ વિસ્તારમાં દારૂના નશામાં પુરઝડપે રિક્ષા હંકારી રહેલા ચાલકે સ્કૂટરને ટક્કર મારતાં સ્કૂટર સવાર બે યુવકો રોડ પર પટકાયા હતા. અકસ્માતમાં એક યુવકને હાથ અને પગમાં ઈજા થઈ હતી, જ્યારે મોબાઈલ ફોન પણ તૂટી ગયો હતો.બનાવ અંગે શંકરટેકરી સિદ્ધાર્થ કોલોનીમાં રહેતા રોહિતભાઈ નાથાભાઈ ચાંડપા (ઉ.વ.20)એ ફરિયાદ નોંધાવી છે.

## 1980નો ટ્રેન્ડ પાછો ફર્યો... પણ એક સવાલ દિલને સ્પર્શી જાય છે!

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

1980નો ફેશન લુક આજે સોશિયલ મીડિયામાં ટ્રેન્ડિંગ છે પણ શું 80 વર્ષના વડીલ સાથે બેસવાનો સમય છે?આજકાલ સોશિયલ મીડિયા પર “1980નો લુક” જાણે ફરી જીવંત થયો છે. ચાર દાયકા પહેલાંની ફેશન, હેરસ્ટાઈલ અને પહેરવેશની તસવીરો લોકો ઉત્સાહથી શેર કરી રહ્યા છે. જૂની તસવીરો જોઈને સ્મૃતિઓ તાજી થાય છે અને ઘણા લોકો કહે છે– “વાહ! એ સમય પણ શું સમય હતો!”પરંતુ આ ટ્રેન્ડ વચ્ચે એક સવાલ મનમાં ઊભો થાય છે.આપણે 40 વર્ષ જૂની ફેશનને તો પ્રેમથી સાચવીએ છીએ, પરંતુ આજના 80 વર્ષના વડીલ સાથે થોડો સમય બેસવા તૈયાર છીએ? જે વડીલોએ આપણું બાળપણ જોયું, પરિવારને સંભાળ્યો, સંઘર્ષ કરીને આપણું ભવિષ્ય બનાવ્યું–આજે તેમને કદાચ આપણા થોડા સમય, બે મીઠા



શબ્દો અને એક હૂંફાળા સાથની જરૂર છે.આ વાત કોઈના વિરોધમાં નથી બસ એક મારો વિચાર છે.જૂની તસવીરો શેર કરવી, જૂની ફેશનને યાદ કરવી અને એ સમયની યાદોને જીવંત કરવી એ પણ સુંદર વાત છે. પરંતુ એ સાથે એ સમયના સંસ્કાર, સંબંધો અને વડીલો પ્રત્યેની લાગણી પણ જીવંત રહે, એ વધુ જરૂરી છે.ફેશન પાછી આવી શકે છે. જૂની તસવીરો ફરી વાયરલ થઈ શકે છે. પણ વડીલો સાથે વિતાવેલો સમય પાછો આવતો નથી.

### કેન્દ્રિય પ્રભારી સચિવ રવિકુમાર અરોરા એ સમીક્ષા કરી

## નર્મદા જિલ્લાના વિકાસ કાર્યોની સમીક્ષા કરવા માં આવી

(એજન્સી) રાજપીપલા | તા.11

ભારત સરકારના વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર દ્વારા MPLADS અંતર્ગત નર્મદા જિલ્લાને ફાળવવામાં આવતી ગ્રાન્ટના માધ્યમથી જિલ્લામાં વિવિધ જનહિતલક્ષી અને વિકાસલક્ષી કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ વિકાસ કાર્યોના અસરકારક અમલીકરણ અને પ્રગતિની સમીક્ષા માટે નર્મદા જિલ્લાના કેન્દ્ર સરકાર ના પ્રભારી સચિવ રવિકુમાર અરોરાએ આજે જિલ્લા મથક રાજપીપલાની મુલાકાત લીધી હતી.કેન્દ્રિય પ્રભારી સચિવે MPLADS અંતર્ગત વિદેશમંત્રી દ્વારા નર્મદા જિલ્લા માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટના માધ્યમથી હાથ ધરવામાં આવેલા વિવિધ વિકાસ કાર્યોની વિગતવાર સમીક્ષા કરી હતી. આ બેઠક દરમિયાન પૂર્ણ થયેલા તેમજ પ્રગતિ હેઠળના વિકાસ કામોની હાલ ની સ્થિતિ, કામગીરીની ગુણવત્તા અને આગામી સમયમાં હાથ ધરાનારા પ્રસ્તાવિત કામો અંગે સંબંધિત અધિકારીઓ પાસેથી જરૂરી વિગતો મેળવી હતી.

આ ઉપરાંત એસ્પિરેશનલ નર્મદા જિલ્લા અંતર્ગત વિવિધ ક્ષેત્રોમાં થઈ રહેલી પ્રગતિની પણ વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લાના વિકાસ સૂચક





અંકો માં વધુ સુધારો થાય અને વિકાસની કામગીરીનો સીધો લાભ છેવાડાના નાગરિકો સુધી પહોંચે તે માટે હાથ ધરવામાં આવી રહેલા વિવિધ પ્રયાસો અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. આગામી સમયમાં હાથ ધરાનારા વિકાસલક્ષી આયોજન અંગે પણ પ્રભારી સચિવે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.કેન્દ્રિય પ્રભારી સચિવ રવિકુમાર અરોરાએ ખાસ કરીને બાળકોના શિક્ષણ અને તેમના સર્વાંગી વિકાસને કેન્દ્રસ્થાને રાખીને વિકાસલક્ષી કામગીરીને વધુ વેગ આપવા ભાર મૂક્યો હતો. બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ, વધુ સારી શૈક્ષણિક સુવિધાઓ મળી રહે તે દિશામાં પ્રાથમિકતા સાથે આયોજન કરવા તેમણે સૂચન કર્યું હતું.સાથે જ નર્મદા જિલ્લામાં આરોગ્ય ક્ષેત્રે ઉપલબ્ધ સુવિધાઓ, તેની અસરકારકતા તથા જરૂરિયાત મુજબ આરોગ્ય સેવાઓના વધુ સશક્તિકરણ અંગે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. છેવાડાના અને વંચિત વિસ્તારો સુધી ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ વધુ સુલભ બને તે માટે જરૂરી આયોજન અને સંકલિત પ્રયાસો અંગે પણ ભાર મૂકાયો હતો. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર ગંગા સિંઘ, જિલ્લા વિકાસ અધિકારી આર.વી.વાળા, નિવાસી અધિક કલેક્ટર સી.કે.ઉંધાડ, જિલ્લા આયોજન અધિકારી આઈ.જી.પટેલ સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા હતા.

### નવરાત્રી પહેલાં હાઈવે બનશે વધુ સુરક્ષિત

## ઝાડી-ઝાંખર દૂર કરવાની કામગીરી શરૂ

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

નખત્રાણા-માતાનામઢ-લખપત હાઈવે પર લાંબા સમયથી વધેલી ઝાડી-ઝાંખર અને કાંટાળી વનસ્પતિને દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. ખાસ કરીને હાઈવેની સાઈડમાં વધેલી ઝાડીઓના કારણે વાહનચાલકોને કેટલાક સ્થળોએ માર્ગની બાજુનો વિસ્તાર તેમજ સામેથી આવતા વાહનોની દૃશ્યતા અંગે મુશ્કેલી સર્જાતી હતી.હાલ કોટડા (જ) અને મથલ ગામ વચ્ચે મશીનરીની મદદથી ઝાડી-કાંટિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. મશીન દ્વારા માર્ગની બંને બાજુની વધેલી ઝાડીઓ અને કાંટાળા છોડ દૂર કરવામાં આવી રહ્યા છે, જેના કારણે હાઈવે વધુ ખુલ્લો અને સ્વચ્છ બનશે.આ કામગીરી ખાસ



કરીને આગામી નવરાત્રી દરમિયાન માતાનામઢ તરફ જતા પદયાત્રીઓ અને વાહનચાલકો માટે માર્ગને વધુ સુરક્ષિત અને સુવિધાજનક બનાવવામાં મદદરૂપ બનશે. રસ્તાની બાજુની દૃશ્યતા વધવાથી અકસ્માતના જોખમમાં ઘટાડો થવાની પણ આશા છે.હાઈવે પર ઝાડી-ઝાંખરની સફાઈ સાથે નિયમિત જાળવણી કામગીરી પણ સતત ચાલુ રાખવામાં આવે તેવી વાહનચાલકો અને સ્થાનિકોમાં માંગ સાથે અપેક્ષા વ્યક્ત થઈ રહી છે.

## હવે એપ ખોલ્યા વગર જ થશે પેમેન્ટ :

# QR કોડ સ્કેન કરવાનો જમાનો ગયો! UPI 'ટેપ એન્ડ પે' શરૂ

(એજન્સી) મુંબઈ | તા.11

મુંબઈમાં ગ્લોબલ ફિનટેક ફેસ્ટમાં UPI દ્વારા 'Tap & Pay' ફીચર લોન્ચ કરાયું છે. હવે NFC સપોર્ટવાળા સ્માર્ટફોનથી POS મશીન પર ટેપ કરીને પેમેન્ટ કરી શકાશે, જેનાથી QR કોડ સ્કેન કરવાની કે UPI ID દાખલ કરવાની જરૂર નહીં પડે. આ સુવિધા PhonePe, Google Pay જેવી એપ્સ પર પણ ઉપલબ્ધ થશે અને ઓછા ઈન્ટરનેટમાં પણ કામ કરશે.

ડિજિટલ પેમેન્ટને વધુ સરળ બનાવવાની દિશામાં UPIએ નવું 'Tap & Pay' ફીચર લોન્ચ કર્યું છે. મુંબઈમાં આયોજિત ગ્લોબલ ફિનટેક ફેસ્ટ દરમિયાન રજૂ કરવામાં આવેલી આ સુવિધા હેઠળ હવે પેમેન્ટ કરવા માટે દરેક વખતે UPI ID દાખલ કરવાની કે QR કોડ સ્કેન કરવાની જરૂર નહીં પડે. યુઝર NFC સપોર્ટ ધરાવતા સ્માર્ટફોનને POS મશીન પર ટેપ કરીને પેમેન્ટ કરી શકશે. આ સુવિધાનો ઉપયોગ કરવા માટે સ્માર્ટફોનમાં NFC સપોર્ટ હોવો જરૂરી છે. પેમેન્ટ કરતી વખતે યુઝરે ફોન અનલોક કરીને તેને NFC સક્ષમ Point of Sale એટલે કે POS ટર્મિનલ પાસે લઈ જવાનો રહેશે. POS મશીનમાં જે રકમ દાખલ કરવામાં આવી હશે, તે મુજબ પેમેન્ટ પ્રક્રિયા આગળ વધશે. એટલે કે ગ્રાહકને દુકાનદાર દ્વારા આપવામાં આવેલા QR કોડને કેમેરાથી સ્કેન કરવાની જરૂર નહીં પડે. આ ફીચર ખાસ



કરીને ઝડપી પેમેન્ટ માટે ઉપયોગી બની શકે છે, કારણ કે તેમાં UPI ID ટાઈપ કરવાની અથવા QR કોડ શોધવાની પ્રક્રિયા દૂર થાય છે.

UPIનું સંચાલન કરતી નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા (NPCI) દ્વારા Tap & Payને UPI ઈકોસિસ્ટમની નવી સુવિધા તરીકે રજૂ કરવામાં આવી છે. આનો અર્થ એ છે કે વિવિધ UPI એપ્સ સાથે તેનો ઉપયોગ કરી શકાશે. PhonePe, Google Pay, BHIM અથવા અન્ય UPI એપનો ઉપયોગ કરતા ગ્રાહકો માટે NFC આધારિત પેમેન્ટની પ્રક્રિયા વધુ સરળ બનવાની શક્યતા છે. યુઝરે દરેક વખતે UPI એપ ખોલવાની જરૂર નહીં પડે.

NPCI અનુસાર Tap & Pay ફીચર ઓછા અથવા શૂન્ય ઈન્ટરનેટ કનેક્શનવાળા વિસ્તારોમાં પણ કામ કરી શકે છે. જોકે, આ માટે ફોન અને POS ટર્મિનલ બંનેમાં જરૂરી NFC અને પેમેન્ટ સપોર્ટ હોવો જરૂરી રહેશે.

ગ્લોબલ ફિનટેક ફેસ્ટમાં ડિજિટલ પેમેન્ટ ઉપરાંત કોર્પોરેટ બોન્ડના ટોકનાઈઝેશન માટે Demat 2.0ના પાયલટ પ્રોજેક્ટની પણ જાહેરાત કરવામાં આવી છે. આ પહેલ હેઠળ પરંપરાગત કોર્પોરેટ બોન્ડની માલિકીને બ્લોકચેન આધારિત ડિજિટલ ટોકનના સ્વરૂપમાં રજૂ કરવામાં આવશે. તેનો હેતુ કોઈ નવું રોકાણ ઉત્પાદન બનાવવાનો નહીં, પરંતુ બોન્ડના ટ્રાન્ઝેક્શન અને મેનેજમેન્ટને વધુ ટેક્નોલોજી આધારિત બનાવવાનો છે. આ જાહેરાત RBI ગવર્નર સંજય મલ્હોત્રા અને SEBI ચેરમેન તુહિન કાંત પાંડે દ્વારા ગ્લોબલ ફિનટેક ફેસ્ટ દરમિયાન કરવામાં આવી હતી.

# ઈક્વિટી ફંડોમાં રોકાણ ૧૯ ટકા વધીને રૂ.૨૯,૩૨૯ કરોડ

મુંબઈ : જીઓપોલિટીકલ જોખમ સતત વધવા સાથે સેકન્ડરી માર્કેટમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની વેચવાલીના દબાણે સેન્ટિમેન્ટ સતત ડહોળાયેલું રહ્યા છતાં મ્યુચ્યુઅલ ફંડોમાં ઈક્વિટી ફંડોમાં ઓગસ્ટ મહિનામાં રોકાણ પ્રવાહમાં પોઝિટીવ ૧૯ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. જુલાઈની તુલનાએ ઓગસ્ટમાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણ પ્રવાહ ૧૯ ટકા વધીને રૂ.૨૯,૩૨૯ કરોડ થયું છે. સ્મોલ, મિડ કેપ શેરોમાં રોકાણકારોનું રોકાણ આકર્ષણ માસિક ધોરણે રેકોર્ડ ઊંચાઈએ નોંધાયું છે. આ સાથે સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસપીઆઈ) થકી થતું રોકાણ પણ રેકોર્ડ રૂ.૩૨,૨૯૭ કરોડ નોંધાયું છે. મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં ઓગસ્ટમાં નેટ ફોલિયોમાં ૨૬.૫૪ લાખનો ઉમેરો થયો છે. જે સાથે કુલ ફોલિયો ૨૮.૩૫ કરોડ થયા છે.

એસોસિયેશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફી)ના આંકડા મુજબ સ્મોલ કેપ ફંડોમાં ઓગસ્ટમાં રોકાણ આકર્ષણ રૂ.૭૯૭૩ કરોડનું રહ્યું છે. જ્યારે મિડ-કેપ ફંડોમાં રોકાણ પ્રવાહ રૂ.૬૯૮૯ કરોડ રહ્યો છે. લાર્જ કેપ ફંડોમાં રોકાણમાં સતત ઓટ આવીને આ વખતે સતત બીજા મહિને રૂ.૧૧૪૭ કરોડનો ચોખ્ખો ઉપાડ નોંધાયો છે. મ્યુચ્યુઅલ ફંડોના વહીવટ હેઠળની અસ્કયામતો (એયુએમ) જુલાઈના રૂ.૮૫.૭૬ લાખ કરોડની તુલનાએ ઓગસ્ટમાં ૧.૫ ટકા વધીને રૂ.૮૭.૦૮ લાખ કરોડ પહોંચી છે.એસઆઈપી થકી રોકાણ પ્રવાહ જુલાઈના રૂ.૩૧,૯૬૧ કરોડની તુલનાએ ઓગસ્ટમાં રૂ.૩૨,૦૦૦ કરોડનો આંક પાર કરી ગયો છે. એસઆઈપી એકાઉન્ટોની સંખ્યા પણ ૯.૯૦ કરોડની તુલનાએ વધીને ૧૦.૦૨ કરોડ પહોંચી છે. કુલ એસઆઈપી એકાઉન્ટની સંખ્યા ઓગસ્ટના અંતે ૧૦.૬૨ કરોડ થઈ છે. ઓગસ્ટમાં નવી ૬૬.૩૯ લાખ એસઆઈપી નોંધાઈ છે. જ્યારે ૫૩.૮૨ લાખ એસઆઈપી બંધ થઈ છે. એસઆઈપી બંધ કરવાનો રેશીયો જુલાઈના ૮૧.૮ ટકાની તુલનાએ ઓગસ્ટમાં ૮૧.૧ ટકા રહ્યો છે. ઓગસ્ટમાં સ્મોલ-કેપ ફંડોમાં રેકોર્ડ રૂ.૭૯૭૩ કરોડનો રોકાણ પ્રવાહ નોંધાયો છે, જે જુલાઈમાં રૂ.૭૭૬૮ કરોડ રહ્યો હતો. મિડ કેપ ફંડોમાં રોકાણ પ્રવાહ રૂ.૬૧૯૨ કરોડની તુલનાએ વધીને ઓગસ્ટમાં રૂ.૬૯૮૯ કરોડ રહ્યો છે. ફ્લેક્સી-કેપ ફંડોમાં રોકાણ રૂ.૫૦૫૯ કરોડ અને લાર્જ એન્ડ મિડ કેપ પંડોમાં રૂ.૩૮૭૩ કરોડ રહ્યો છે.

## News Brief

### ઓગસ્ટમાં સોનાના વૈશ્વિક ભાવમાં ૧૩ ટકા સાથે અત્યારસુધીની ત્રીજી મોટી મન્થલી તેજી

મુંબઈ : વર્તમાન વર્ષના ઓગસ્ટમાં સોનાના વૈશ્વિક ભાવમાં ૧૩ ટકા રેલી જોવા મળી છે. છેલ્લા ૨૫ વર્ષમાં કોઈ એક મહિનામાં આ ત્રીજુ મોટુ વળતર છે એમ વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (ડબ્લ્યુજીસી) ના એક રિપોર્ટમાં જણાવાયું હતું. એક્સચેન્જ ટ્રેડેડ ફન્ડસ (ઈટીએફસ) દ્વારા જંગી ખરીદી તથા ડોલરમાં નબળાઈને કારણે સોનામાં આ રેલી જોવા મળી છે. ઓગસ્ટમાં ઈટીએફસમાં જંગી ઈન્ફલોસ રહ્યો હતો.ગત મહિને વૈશ્વિક રોકાણકારોએ ગોલ્ડ ઈટીએફસમાં ૧૮ અબજ ડોલર ઠાલવ્યા છે. મૂલ્યની દ્રષ્ટિએ અત્યારસુધીમાં આ બીજો મોટો મન્થલી ઈન્ફલો છે.ઉત્તર અમેરિકામાં લિસ્ટેડ ફન્ડોમાં ૭.૭૦ અબજ ડોલરનો ફલો રહ્યો હતો જ્યારે યુરોપમાં ૭.૯૦ અબજ ડોલરનો ફલો રહ્યો છે જે આ ક્ષેત્રનો અત્યારસુધીનો સૌથી વધુ મન્થલી ફલો હોવાનું કાઉન્સિલના રિપોર્ટમાં જણાવાયું હતું.પોઝિટિવ ફલોસ તથા સોનાના ઊંચા ભાવના ટેકા સાથે વૈશ્વિક સ્તરે ગોલ્ડ ઈટીએફસની એસેટ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) ૧૬ ટકા વધી ૬૧૫ અબજ ડોલર પહોંચી ગઈ છે. વોલ્યુમની દ્રષ્ટિએ ઈટીએફસ પાસે એકંદર સોનુ ૧૨૧ ટન વધી ૪૧૮૯ ટન સાથે ઓલ ટાઈમ હાઈ પહોંચ્યુ છે. એશિયામાં કાર્યરત ગોલ્ડ ઈટીએફસમાં બે અબજ ડોલરનો પ્રવાહ રહ્યો હતો જે ફેબ્રુઆરી બાદ સૌથી ઊંચો છે. એશિયામાં સૌથી વધુ ચીનમાં લિસ્ટેડ ઈટીએફસમાં રહ્યો હોવાનું પણ કાઉન્સિલના ડેટા જણાવે છે.

## શ્રી અજય કુમાર ચૌધરી, નોન-એક્ઝિક્યુટિવ ચેરમેન અને સ્વતંત્ર ડિરેક્ટર, NPCI GFF 2026 ખાતે

# વિશ્વાસનું આર્કિટેક્ચર: ચુકવણીઓથી આગળ વધીને ઈન્ટેલિજન્સ અને પ્રોગ્રામેબિલિટી સુધી આગેકૂચ

(એજન્સી) મુંબઈ | તા.11

7મા ગ્લોબલ ફિનટેક ફેસ્ટ (GFF) 2026માં નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) ના નોન-એક્ઝિક્યુટિવ ચેરમેન અને સ્વતંત્ર ડિરેક્ટર શ્રી અજય કુમાર ચૌધરીએ મુખ્ય ભાષણ આપતા જણાવ્યું હતું કે, 'આગામી ફાઈનાન્સિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધા હેતુને સમજવા માટે પર્યાપ્ત બુદ્ધિશાળી, મૂલ્યનું સંકલન કરવા માટે પૂરતું પ્રોગ્રામેબલ, ભવિષ્યનાં જોખમોનો સામનો કરવા માટે પૂરતું સ્થિતિસ્થાપક અને દરેક નાગરિકની સેવા કરવા માટે પૂરતી સમાવેશી હોવું જ જોઈએ'. 'વિશ્વાસનું આર્કિટેક્ચર: ચુકવણીઓથી આગળ વધીને ઈન્ટેલિજન્સ અને પ્રોગ્રામેબિલિટીમાં આગેકૂચ' વિષય પર બોલતી વખતે શ્રી ચૌધરીએ કહ્યું હતું કે ફાઈનાન્સિયલ સિસ્ટમ એવા તબક્કામાં પ્રવેશી રહી છે જ્યાં સિસ્ટમો વધુ બુદ્ધિશાળી બની રહી છે, અસ્કયામતો અને વ્યવહારો વધુ પ્રોગ્રામેબલ બની રહ્યા છે અને ડિજિટલ ટ્રસ્ટ પોતે જ ફરી પરિભાષિત થઈ રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, 'હવે સવાલ એ નથી રહ્યો કે નવી ટેકનોલોજીઓથી ફાઈનાન્સિયલ બાબતો પર અસર પડશે કે નહીં, પરંતુ સવાલ એ છે કે પરિવર્તનના આ દોરમાં આપણે કેટલા અસરકારક રીતે આગળ વધી રહ્યા છીએ અને જોખમો પર નિયંત્રણ ગુમાવ્યા વિના તકોને કેવી રીતે ઝડપી રહ્યા છીએ.' 'UPIના 10 વર્ષ પૂર્ણ થવા પર, શ્રી ચૌધરીએ એ બાબત પર પ્રકાશ પાડ્યો હતો કે, UPI એ ઓગસ્ટ 2026માં 752 સહભાગી બેંકો મારફતે 29.8 લાખ કરોડ રૂપિયાના



મૂલ્યની 24.5 અબજથી વધુ લેવડદેવડોની પ્રક્રિયા કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, UPI રોજિંદા જીવનમાં જડિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરીકે વિકાસ્યું છે, તેમજ ડિજિટલ ચુકવણીઓને ભારતની વિકાસ યાત્રાના કેન્દ્રમાં રાખનારા રાષ્ટ્રીય નેતૃત્વને તેમણે આ બાબતનો શ્રેય આપ્યો હતો. તેમણે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના વૈશ્વિક સ્તરે UPIની હિમાયત કરવાના અવિરત પ્રયાસોની પ્રશંસા કરી હતી, જેના કારણે તે ભારતની ટેક્નોલોજિકલ ક્ષમતા અને આત્મવિશ્વાસની સૌથી દૃશ્યમાન અભિવ્યક્તિઓમાંથી એક બને છે. ફાઈનાન્સિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ભવિષ્ય અંગે બોલતી વખતે, શ્રી ચૌધરીએ ત્રણ મુખ્ય પરિવર્તનની રૂપરેખા આપી હતી જે પરિવર્તનના આગામી તબક્કાને વ્યાખ્યાયિત કરશે. તેમણે કહ્યું હતું કે, પ્રથમ પરિવર્તન, સૂચનાઓથી ઉદ્દેશ્ય તરફ જવાનું છે, જ્યાં એજન્ટિક AIની મદદથી સિસ્ટમો ઉદ્દેશ્યોનું અર્થઘટન કરવા અને અધિકૃત આદેશોમાં કામ કરવા માટે સમર્થ બની શકે છે. જો કે, તેમણે એ વાત પર ભાર મૂક્યો કે નાણાકીય વ્યવસ્થાઓમાં માણસનું આધિપત્ય પાયામાં રહેવાનું જરૂરી છે. તેમણે કહ્યું હતું કે "ઉદ્દેશ અમર્યાદિત મશીન સ્વાયત્તતાનો નહીં પરંતુ સીમિત અને જવાબદાર એજન્સી તરીકેનો હોવો જોઈએ'. તેમણે ઉમેર્યું હતું કે, UPI ઈકોસિસ્ટમમાં ડિજિટલ એજન્ટોને ઓળખવા અને અધિકૃત કરવા માટે NPCI પ્રોટોકોલની તપાસ કરી રહ્યું છે, સાથે જ આંતર-કાર્યક્ષમતા અને પતાવટની અંતિમતા જાળવી રાખે છે.

### એક્સિસ બેંક અને હિટાચી પેમેન્ટ સર્વિસિસે સ્માર્ટ બેન્કિંગ અને મર્ચન્ટ પેમેન્ટને લગતા અનુભવ માટે AI-સંચાલિત સોલ્યુશન્સ રજૂ કર્યાં

મુંબઈ | ભારતમાં ખાનગી સેક્ટરની સૌથી મોટી બેંકો પૈકીની એક એક્સિસ બેંકે એન્ડ-ટુ-એન્ડ પેમેન્ટ અને કોમર્સ સોલ્યુશન પૂરી પાડતી અગ્રણી કંપની હિટાચી પેમેન્ટ સર્વિસિસ સાથે મળી AI-સંચાલિત બે નવા ઈનોવેશન-એક્સપ્રેસ બેન્કિંગ:ડિજિટલ બેન્કિંગ પોઈન્ટ 2.0 અને AI સાઉન્ડબોક્સ રજૂ કર્યાં છે. ચાવીરૂપ કસ્ટમર અને મર્ચન્ટ ટચપોઈન્ટ્સને લઈ AI વિસ્તરણ કરવા સાથે એક્સપ્રેસ બેન્કિંગ:ડિજિટલ બેન્કિંગ પોઈન્ટ 2.0 નેચરલ-લેંગ્વેજ ઈન્ટરેક્શન્સ મારફતે ગ્રાહકોને બેન્કિંગ સર્વિસિસમાં એક્સેસ કરવા અને સહાયતા મેળવવા સક્ષમ બનાવે છે ત્યારે AI સાઉન્ડબોક્સ મર્ચન્ટ્સને વોઈસ અને રિસિવ રિયલ-ટાઈમ રિસ્પોન્સિસ મારફતે પેમેન્ટ સંબંધિત પ્રશ્નો પૂછવાની સુવિધા પૂરી પાડે છે. આ બન્ને સાથે મળી દરરોજની બેન્કિંગ તથા પેમેન્ટ સંબંધિત અનુભવોમાં કન્વર્ઝેશનલ ઈન્ટેલિજન્સને સામેલ કરે છે, જેથી આ અનુભવ વધારે સરળ, સુલભ અને પરસ્પર જોડાયેલ બની જાય છે. એક્સપ્રેસ બેન્કિંગ: ભારતની સૌ પ્રથમ ડિજિટલ બેન્કિંગ પોઈન્ટને ગ્લોબલ ફિનટેક ફેસ્ટ 2025 ખાતે રજૂ કરવામાં આવેલ. વધુ એક પગલું આગળ વધારતા એક્સેસ બેન્કિંગ: ડિજિટલ બેન્કિંગ પોઈન્ટ 2.0 ફિઝીકલ બેન્કિંગને લગતા અનુભવમાં વાતચીત કરનારા AI નો પણ સમાવેશ કરે છે. આ સોલ્યુશનને અગાઉના વર્ઝન IIM અમદાવાદ, લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી, ચંડીગઢ ગ્રુપ ઓફ કોલેજીસ, કેપજેમિની અને સત્વ નોલેજ સિટી જેવા વ્યાપક પ્રમાણમાં લોકોની અવર-જવર ધરાવતી શૈક્ષણિક સંસ્થા તથા કોર્પોરેટ સંકુલોમાં લગાવવામાં આવ્યા છે.આ જગ્યા પર તેને લગાવવાથી એક એવા સ્કેલેબલ, 24X7 બ્રાંચ-લાઈટ બેન્કિંગ મોડેલની પુષ્ટી થઈ છે કે જે ગ્રાહકોને તેમના અભ્યાસ અને કામ કરવાની જગ્યા પાસે બેન્કિંગ સુવિધા આપે છે. આ પ્લેટફોર્મે વિદ્યાર્થીઓ, પગારદાર વ્યવસાયિકો તથા કોર્પોરેટ કર્મચારીઓ જેવા વિવિધ પ્રકારના લોકોને સર્વિસિસ પૂરી પાડે છે, આ સાથે દરરોજની બેન્કિંગ સંબંધિત જરૂરિયાતો માટે પરંપરાગત બ્રાંચ મોડલ પર નિર્ભરતાને પણ ઓછી કરે છે.

### એસએસ રિટેલ લિમિટેડનો આઈપીઓ બુધવાર, 16 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે



(એજન્સી) અમદાવાદ | તા.11

એસએસ રિટેલ લિમિટેડે ('Company' or 'SS Retail') તેના ઈક્વિટી શેરના આઈપીઓની જાહેરાત કરી હતી. ઓફરની વિગતો આ મુજબ છે: આ ઓફરમાં [.] ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂનો સમાવેશ થાય છે, જેની કુલ કિંમત રૂ. 3,600.00 મિલિયન સુધીની છે. આ ઉપરાંત, પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ સિદ્ધાર્થ ગુણવંત શાહ, દીપા સિદ્ધાર્થ શાહ, હર્ષલ કિશોર પારેખ અને ભાવિની હર્ષલ પારેખ તેમજ અન્ય શેર વેચનારા હિસ્સેદાર રાખી નરેન્દ્ર ફિરોદિયા દ્વારા [.] ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ સામેલ છે, જેની કુલ કિંમત રૂ. 1,400.00 મિલિયન સુધીની છે.એસએસ રિટેલ મોબાઈલ ફોન, એસેસરીઝ અને અન્ય ઈલેક્ટ્રોનિક વસ્તુઓ માટેની મલ્ટી-બ્રાન્ડ રિટેલ ચેઈન છે. કંપની હાલમાં 5 રાજ્યોમાં કાર્યરત છે, જેમાં મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્ય પ્રદેશ, ગોવા અને ગુજરાતનો સમાવેશ થાય છે (નાણાંકીય વર્ષ 2027માં કામગીરી શરૂ કરી હતી).એસએસ રિટેલ મેટ્રો શહેરો, મિની મેટ્રો શહેરો, ટિયર-1 શહેરો, ટિયર-2 શહેરો તથા ટિયર-3 અને તેનાથી આગળના શહેરો સહિત વિવિધ પ્રકારનાં શહેરોમાં અનેક પ્રોડક્ટ કેટેગરીમાં વેપાર કરે છે. જોકે, કંપનીનું મુખ્ય ધ્યાન ટિયર-2 અને ટિયર-3 તથા તેનાથી આગળના શહેરોમાં મોબાઈલ ફોન અને એસેસરીઝના રિટેલ વેચાણ પર રહ્યું છે. 31 માર્ચ, 2026 સુધીમાં કંપની ભારતમાં 503 સ્ટોર ચલાવતી હતી, જેમાંથી 458 સ્ટોર મહારાષ્ટ્રમાં હતા. નોલેજ કંપની રિપોર્ટ મુજબ, આ સંખ્યાને કારણે કંપની પશ્ચિમ ભારતમાં એટલે કે ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, મધ્ય પ્રદેશ, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવમાં તેમજ મહારાષ્ટ્રમાં સૌથી મોટી મોબાઈલ ફોન રિટેલ ચેઈન તરીકે સ્થાન ધરાવે છે અને તેના સમકક્ષ સ્પર્ધકોમાં ભારતમાં ત્રીજા ક્રમે સૌથી મોટી મોબાઈલ રિટેલ ચેઈન છે.વર્ષો દરમિયાન કંપનીએ પોતાની કામગીરીનો વિસ્તાર કર્યો છે અને તેના સ્ટોરની સંખ્યા 31 માર્ચ, 2024ના રોજ 109 શહેરોમાં 236 સ્ટોરથી વધીને 31 માર્ચ, 2026ના રોજ 215 શહેરોમાં 503 સ્ટોર થઈ છે. આ સમયગાળા દરમિયાન સ્ટોરની સંખ્યામાં 45.99 ટકાના સીએજીઆરથી વધારો થયો છે. નોલેજ કંપની રિપોર્ટ મુજબ, આ વૃદ્ધિને કારણે કંપની દેશની સૌથી ઝડપથી વિકસતી મોબાઈલ રિટેલ ચેઈન્સમાંની એક બની છે. વધુમાં, નોલેજ કંપની રિપોર્ટ મુજબ, કંપનીનો આ વૃદ્ધિ દર તેના સમકક્ષ સ્પર્ધકોમાં માત્ર બીજો સૌથી ઊંચો દર જ નથી, પરંતુ આ જ સમયગાળા દરમિયાન સમકક્ષ કંપનીઓના 19.29 ટકાના સરેરાશ વૃદ્ધિ દર કરતાં આશરે 2.4 ગણો વધારે છે. 31 માર્ચ, 2026 સુધીમાં કંપનીના સ્ટોર કુલ 2,41,365 ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલા હતા. નોલેજ કંપની રિપોર્ટ મુજબ, નાણાંકીય વર્ષ 2026માં કંપનીનું પ્રતિ ચોરસ ફૂટ વેચાણ રૂ. 1,46,347.03 હતું, જે તેના સમકક્ષ સ્પર્ધકોમાં સૌથી વધુ હતું. આ બાબત કંપનીના વિવિધ પ્રકારના સ્ટોરમાં ઉપલબ્ધ જગ્યાના કાર્યક્ષમ ઉપયોગ અને સ્ટોરની સારી ઉત્પાદકતા દર્શાવે છે.

### 523.7 કરોડ રૂપિયાના ગુજરાત પ્લાન્ટમાં રોકાણ સાથે ગેસ્ટેમ્પ ભારતમાં પોતાનું વિસ્તરણ વધાર્યું

(એજન્સી) ભાગલપુર | તા.11

ઓટોમોટિવ ઉદ્યોગ માટે ઉચ્ચ ટેક્નિકલ ક્ષમતાવાળા મેટલ કમ્પોનન્ટ્સની ડિઝાઈન, વિકાસ અને ઉત્પાદન ક્ષેત્રે નિષ્ણાત બહુરાષ્ટ્રીય કંપની ગેસ્ટેમ્પે આજે ભગાપુરા ખાતે પોતાના પ્લાન્ટનું સત્તાવાર ઉદ્ઘાટન કર્યું. આ ભારતમાં કંપનીની પાંચમી પ્રોડક્શન ફેસિલિટી છે. ગુજરાતમાં આવેલો આ પ્લાન્ટ દેશના અગ્રણી ઓટોમોટિવ મેન્યુફેક્ચરિંગ હબમાંનો એક છે. આ પ્રોજેક્ટમાં ફેઝ 1 અને ફેઝ 2 હેઠળ કુલ 523.7 કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું છે. આ રોકાણ ભારતમાં ગેસ્ટેમ્પની લાંબા ગાળાની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે. કંપની છેલ્લા 20 વર્ષથી ભારતમાં કાર્યરત છે.પ્લાન્ટનું સત્તાવાર ઉદ્ઘાટન ગેસ્ટેમ્પના એક્ઝિક્યુટિવ ચેરમેન ફ્રાન્સિસ્કો જે. રિબેરાસ, એશિયાના CEO એન્ટોનિયો લોપેઝ, કન્ટ્રી મેનેજર અને ગેસ્ટેમ્પ ઈન્ડિયાના પ્રેસિડેન્ટ ગ્લિન જોન્સ અને ચીફ કોર્પોરેટ ઓફિસર પેટ્રિશિયા રિબેરાસ દ્વારા કરવામાં આવ્યું.ભગાપુરા પ્લાન્ટમાં કરવામાં આવેલું આ રોકાણ ભારતીય બજારમાં કંપનીના વિશ્વાસને દર્શાવે છે. આ રોકાણ એવા સમયે કરવામાં આવી રહ્યું છે જ્યારે 2026માં



વિશ્વભરમાં લાઈટ વ્હીકલ્સના ઉત્પાદનમાં ઘટાડો થવાની શક્યતા છે. આવી સ્થિતિમાં ગેસ્ટેમ્પ પોતાની પસંદગી આધારિત રોકાણ વ્યૂહરચના પર આગળ વધી રહી છે, જેમાં વિકાસની વધુ સંભાવના ધરાવતા બજારોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે અને સાથે સાથે વિશ્વભરમાં કુલ મૂડી ખર્ચને નિયંત્રણમાં રાખવામાં આવી રહ્યો છે.આ પ્લાન્ટ હાલમાં 31,790 ચોરસ મીટરની મેન્યુફેક્ચરિંગ ક્ષમતા ધરાવે છે, જેને ભવિષ્યમાં વિકાસ માટે મંજૂરી મળે તો વધતી માંગને પહોંચી વળવા વધુ વિસ્તારી શકાય છે. હાલના S&P Global Mobilityના અંદાજ મુજબ, ભારતમાં લાઈટ વ્હીકલ્સનું ઉત્પાદન 2030 સુધીમાં 78 લાખ યુનિટ સુધી પહોંચી શકે છે, જે 2025ના સ્તરની સરખામણીએ 28%નો વધારો હશે. ભગાપુરા પ્લાન્ટમાં હાલમાં લગભગ 240 લોકો કામ કરે છે. ગેસ્ટેમ્પના એક્ઝિક્યુટિવ ચેરમેન ફ્રાન્સિસ્કો જે. રિબેરાસે જણાવ્યું હતું કે, "ભારત ગેસ્ટેમ્પ માટે એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક પ્રાથમિકતા છે. અહીં બે દાયકા પૂર્ણ કર્યા બાદ, અમે દેશમાં કાર્યરત સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ઓટોમેકર્સ માટે એક વિશ્વસનીય ટેક્નોલોજી પાર્ટનર તરીકે પોતાની મજબૂત ઓળખ બનાવી છે. ગુજરાતમાં અમારું રોકાણ અમને ભારતના અગ્રણી ઔદ્યોગિક હબમાંના એકમાં મેન્યુફેક્ચરિંગ શરૂ કરવાની તક આપે છે. તેનાથી ભારતમાં અમારી હાજરી વધુ મજબૂત થશે અને આ મહત્વપૂર્ણ બજારમાં આગળના વિકાસને વેગ મળશે."તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "ભારતમાં બજારની મજબૂત વૃદ્ધિની સંભાવનાઓ, વાહનોની ગુણવત્તામાં સતત સુધારા અને વધુને વધુ કડક બની રહેલી સલામતીની જરૂરિયાતો, ગેસ્ટેમ્પ માટે મહત્વપૂર્ણ તકો ઊભી કરશે. અમારી અદ્યતન ટેક્નોલોજીઓ, પ્રોડક્ટ્સ અને વેલ્યુ પ્રપોઝિશન ખાસ કરીને હળવા અને વધુ સુરક્ષિત કમ્પોનન્ટ્સ પૂરા પાડવા પર કેન્દ્રિત છે, જે ઓટોમેકર્સને આ બદલાતા પડકારોનો સામનો કરવામાં મદદ કરે છે."

# મોંઘવારીથી જનતાના ખિસ્સા ખાલી, પણ ઓઈલ કંપનીઓને જલસા! નફાનો આંકડો જાણી ચોંકી જશો

(એજન્સી) નવી દિલ્હી | તા.11

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ તેલના ભાવ 100 ડૉલરને પાર પહોંચતા Indian Oil, BPCL અને HPCL જેવી સરકારી ઓઈલ કંપનીઓને મોટો ફાયદો થયો છે. જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં તેમને કુલ 14,470 કરોડ રૂપિયાનો નફો થવાનો અંદાજ છે, જ્યારે અગાઉના ક્વાર્ટરમાં 18,150 કરોડનું નુકસાન થયું હતું. રિફાઈનિંગ અને માર્કેટિંગ માર્જિન સુધરતા આ સ્થિતિ સર્જાઈ છે. આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલના ભાવમાં તાજેતરમાં મોટો ઉછાળો આવ્યો છે અને તે પ્રતિ બેરલ 100 ડૉલરને પાર પહોંચી ગયો છે. દેશમાં મે મહિનાથી પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર હોવા છતાં સામાન્ય જનતા મોંઘવારીનો સામનો કરી રહી છે, જ્યારે બીજી તરફ સરકારી ઓઈલ કંપનીઓ માટે મોટી કમાણીનો તબક્કો શરૂ થયો છે.જુલાઈથી સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં ઈન્ડિયન ઓઈલ, BPCL અને HPCLનો કુલ નફો 14,470 કરોડ રૂપિયા રહેવાનો અંદાજ છે. નોંધનીય બાબત એ છે કે એપ્રિલથી જૂનના પ્રથમ ક્વાર્ટરમાં આ જ કંપનીઓને 18,150 કરોડ રૂપિયાનું જંગી નુકસાન થયું હતું, જે હવે સીધા મોટા નફામાં ફેરવાઈ ગયું છે. રિફાઈનિંગ માર્જિનની મજબૂતી અને માર્કેટિંગ માર્જિનમાં આવેલા જબરદસ્ત સુધારાના કારણે આ મોટો પલટો આવ્યો છે. ICICI સિક્યોરિટીઝના રિપોર્ટ અનુસાર, તાજેતરના અઠવાડિયામાં માર્જિનમાં થોડો ઘટાડો નોંધાયો હોવા છતાં, બીજી ક્વાર્ટરની સરેરાશ સ્થિતિ પ્રથમ ક્વાર્ટર કરતાં ઘણી વધુ મજબૂત રહી છે.

# લોકરમાંથી દાગીના ચોરાય તો વળતર કેટલું મળે? જામનગર કાંડ બાદ જાણી લો RBIના નિયમો

જામનગર : જામનગરના એક બેંક લોકરમાં રાખેલા આશરે 39.48 લાખ રૂપિયાના સોનાના ઘરેણાંને નકલી ઘરેણાંથી બદલી નાખવામાં આવ્યા હતા. આ મામલો ત્યારે સામે આવ્યો જ્યારે જામનગર પોલીસે 3 સપ્ટેમ્બરે ઈન્ડિયન બેંકની રણજીતસાગર રોડ શાખાને સૂચના આપી કે બેંકના લોકરથી લાખો રૂપિયાનું સોનું ચોરી થવાની આશંકા છે. બેંક અધિકારીઓ માટે આ કોઈ આંચકાથી ઓછું ન હતું, કારણ કે લોકર વાળા વૉલ્ટને ખોલવા માટે બે ચાવીઓની જરૂર પડે છે. તપાસ થઈ તો ખબર પડી કે ઘરેણાં પોતાની જગ્યા પર તો રાખેલા હતા, પરંતુ અસલી નહોતા. બેંકે જ્યારે પોતાના જ્વેલર પાસે લોકરમાં રાખેલા ઘરેણાંની તપાસ કરાવી તો આખો મામલો ખુલી ગયો. મંગળસૂત્ર, હાર, અંગૂઠીઓ, કાનના બુટ્ટીઓ અને પેન્ડન્ટ સહિત કુલ 342.10 ગ્રામ સોનાના ઘરેણાં લોકરમાં રાખેલા હતા. પરંતુ તપાસમાં ખબર પડી કે અસલી ઘરેણાંની જગ્યાએ નકલી ઘરેણાં મૂકી દેવામાં આવ્યા હતા. એફઆઈઆર (FIR) મુજબ, બેંકના પટાવાળા હસમુખ દિનેશ પરિયાએ વૉલ્ટની ચાવીઓ મેળવી લીધી અને આશરે 39.48 લાખ રૂપિયાના સોનાના ઘરેણાં કાઢીને તેની જગ્યાએ નકલી ઘરેણાં મૂકી દીધા. બેંકના નિયમ મુજબ વૉલ્ટ ખોલવા માટે બે ચાવીઓની જરૂર હતી. આ બંને ચાવીઓ બે અલગ-અલગ અધિકારીઓ પાસે રહેતી હતી. જામનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશનના જણાવ્યા મુજબ, એક ચાવી બ્રાન્ચ મેનેજર અને બીજી ડેપ્યુટી પાસે રહેતી હતી. પરંતુ જે દિવસે આ ઘટના બની, ડેપ્યુટી રજા પર હતા.

## ૨૭ના પ્રથમ પાંચ મહિનામાં ટાર્ગેટના ૭૭ ટકા રકમ પ્રાપ્ત

# ડિસઈન્વેસ્ટમેન્ટ મારફત ટાર્ગેટ કરતા વધુ નાણાં ઊભા કરાશે

મુંબઈ : છેલ્લા આઠ વર્ષના ગાળામાં વર્તમાન નાણાં વર્ષમાં ડિસઈન્વેસ્ટમેન્ટ મારફત કેન્દ્ર સરકાર બજેટ અંદાજ કરતા પહેલી જ વખત વધુ નાણાં ઊભા કરશે તેવી શકયતા જોવાઈ રહી છે. વર્તમાન નાણાં વર્ષ ૨૦૨૬-૨૭માં ડિસઈન્વેસ્ટમેન્ટ તથા એસેટ મનિટાઈઝેશન મારફત રૂપિયા ૮૦,૦૦૦ કરોડ ઊભા કરવાનો કેન્દ્રનો ટાર્ગેટ છે જેમાંથી ૭૭ ટકા જેટલી રકમ પ્રથમ પાંચ મહિનામાં જ ઊભી કરી લેવાઈ હોવાનું પ્રાપ્ત આંકડા પરથી જણાય છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ પાંચ મહિનામાં સરકારે હિસ્સાના વેચાણ તથા એસેટ મનિટાઈઝેશન મારફત રૂપિયા ૬૨૧૨૫ કરોડ ઊભા કરી લીધા છે. ઊ ભી કરાયેલી આ રકમમાં ડિસઈન્વેસ્ટમેન્ટ મારફતનો આંક રૂપિયા ૫૫૭૫૮ કરોડ રહ્યો છે જ્યારે એસેટ મનિટાઈઝેશન મારફત રૂપિયા ૬૩૬૭ કરોડ ઊભા કરાયા છે, એમ ડીપાર્ટમેન્ટ ઓફ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પબ્લિક એસેટ મેનેજમેન્ટના ડેટા જણાવે છે.વર્તમાન નાણાં વર્ષમાં રૂપિયા ૩૦,૦૦૦ કરોડથી વ ધુ રકમ એકલા એલઆઈસીમાં હિસ્સાના વેચાણ મારફત મેળવાઈ છે. હવે પછી આઈડીબીઆઈમાં હિસ્સાના સ્ટ્રેટેજિક વેચાણની સરકાર યોજના ધરાવે છે.

આઈડીબીઆઈનું વેચાણ તેના અંતિમ તબક્કામાં છે અને આ વેચાણ મારફત સરકાર નોંધપાત્ર રકમ ઊભી કરવા ધારે છે. વર્તમાન વર્ષનો ડિસઈન્વેસ્ટમેન્ટ ટાર્ગેટ પાર થઈ થશે તો નાણાં વર્ષ ૨૦૧૮-૧૯ બાદ પહેલી જ વખત ટાર્ગેટ કરતા વધુ નાણાં મેળવ્યાનું જોવા મળશે. નાણાં વર્ષ ૨૦૧૮-૧૯માં રૂપિયા ૮૦,૦૦૦ કરોડના ટાર્ગેટ સામે કેન્દ્રએ રૂપિયા ૮૪૯૭૨ કરોડ ઊભા કર્યા હતા. કેન્દ્ર સરકાર ચાલુ નાણાકીય વર્ષ 2026-27માં ડિસઈન્વેસ્ટમેન્ટ દ્વારા 80,000 કરોડના લક્ષ્યાંક સામે 77% એટલે કે 62,125 કરોડ રૂપિયા પ્રથમ પાંચ મહિનામાં જ મેળવી ચૂકી છે. LICના હિસ્સા વેચાણથી 30,000 કરોડથી વધુ મળ્યા છે. IDBIના વેચાણ અંતિમ તબક્કામાં છે. આઠ વર્ષ બાદ સરકાર લક્ષ્યાંક કરતાં વધુ ભંડોળ મેળવશે તેવી શક્યતા છે, જે મુંબઈમાંથી જાણવા મળ્યું છે.

## આવક મર્યાદા અને મળતા અન્ય કલ્યાણકારી લાભો

# મફત સારવાર, દવાઓ અને પેન્શન: કેટલો પગાર હશે તો મળશે ESICના 5 લાભ

(એજન્સી) નવી દિલ્હી | તા.11

કેન્દ્રીય શ્રમ મંત્રાલય દ્વારા ઓછી આવક ધરાવતા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે 'કર્મચારી રાજ્ય વીમા યોજના' (ESIC) ચલાવવામાં આવે છે. હવે ESIC ઓળખપત્રમાં આધાર સીડિંગ ફરજિયાત કરાયું છે. આ યોજના હેઠળ કર્મચારીઓ અને તેમના પરિવારને ESIC કાર્ડ દ્વારા મફત સારવાર મળે છે. 21,000 રૂપિયા સુધીનો માસિક પગાર ધરાવતા કર્મચારીઓ આ લાભ મેળવી શકે છે.

ઓછી આવક ધરાવતા પ્રાઈવેટ સેક્ટરના કર્મચારીઓ માટે કેન્દ્રીય શ્રમ મંત્રાલય દ્વારા હેલ્થ સ્કીમ ચલાવવામાં આવે છે, જેને 'કર્મચારી રાજ્ય વીમા યોજના' (ESIC) તરીકે ઓળખવામાં આવે છે. આ યોજના કર્મચારીઓ અને તેમના પરિવાર પર આવતા ઈલાજના ખર્ચનો બોજ ઘટાડવા માટે બનાવવામાં આવી



છે. આ સ્કીમનો લાભ પ્રાઈવેટ કંપનીઓ, ફેક્ટરીઓ અને કારખાનાઓમાં કામ કરતા કર્મચારીઓને આપવામાં આવે છે, જેના માટે તેમને ESIC કાર્ડ ઈશ્યૂ કરવામાં આવે છે. હવે આ યોજનામાં એક નવો નિયમ લાગુ કરવામાં આવ્યો છે, જેના હેઠળ સામાજિક સુરક્ષા સંહિતા, 2020ની કલમ 142 મુજબ ESIC ઓળખપત્રમાં આધાર સીડિંગ (Aadhaar Seeding) કરવું ફરજિયાત કરી દેવામાં આવ્યું છે. એટલે કે હવે ESIC કાર્ડને આધાર કાર્ડ સાથે લિંક કરવું પડશે.

ESIC યોજના હેઠળ કર્મચારીઓને મફત સારવાર અને દવાઓનો લાભ મળે છે. આ માટે કર્મચારીઓએ ESIC ડિસ્પેન્સરી અથવા ESIC હોસ્પિટલ જવું પડે છે. કર્મચારી પોતાના ESIC કાર્ડ અને કંપની તરફથી મળેલા જરૂરી દસ્તાવેજોના આધારે રજિસ્ટ્રેશન કરાવીને મફતમાં સારવાર અને દવાઓ મેળવી શકે છે.

ESIC એ કેન્દ્ર સરકારની એક મહત્ત્વપૂર્ણ હેલ્થ ઈન્સ્યોરન્સ સ્કીમ છે, જે ખાસ કરીને પ્રાઈવેટ સેક્ટરના કર્મચારીઓ માટે તૈયાર કરવામાં આવી છે. જો કોઈ કર્મચારી સાથે અચાનક અકસ્માત કે કોઈ ઈમરજન્સી થાય, તો સારવાર માટે ESIC દ્વારા આર્થિક મદદ મળે છે. આ યોજનામાં માત્ર કર્મચારીને જ નહીં, પરંતુ તેના સમગ્ર પરિવારને પણ મેડિકલ કેરનો લાભ આપવામાં આવે છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય મજૂરો અને અસ્થાયી કર્મચારીઓને સ્વાસ્થ્ય સંબંધિત કટોકટીમાં મદદ પૂરી પાડવાનો છે.

આ યોજનાનો લાભ તમામ પ્રાઈવેટ કર્મચારીઓને મળતો નથી. નિયમ મુજબ, જે કર્મચારીઓનો માસિક મૂળ પગાર (Basic Salary) 21,000 રૂપિયા સુધીનો હોય, તેઓ જ આ યોજના માટે પાત્ર ગણાય છે. જોકે, દિવ્યાંગ કર્મચારીઓ માટે આમાં છૂટછાટ આપવામાં આવી છે અને તેમના માટે મૂળ પગારની મર્યાદા 25,000 રૂપિયા નક્કી કરવામાં આવી છે. ESIC યોજના હેઠળ બીમારીનો લાભ, માતૃત્વ લાભ, પેન્શન લાભ, આશ્રિતોને મળતો લાભ અને અપંગતા હિત લાભ જેવા અનેક ફાયદાઓ પણ સમાવિષ્ટ છે. ESIની હોસ્પિટલો ઉપરાંત તેની સાથે જોડાયેલી કે રિફર કરવામાં આવેલી મોટી હોસ્પિટલોમાં પણ આ યોજના હેઠળ નિઃશુલ્ક સારવાર પૂરી પાડવામાં આવે છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ 01**

# પત્ની અમૃતાને કારણે દેવેન્દ્ર ફડણવીસની સ્થિતિ કફોડી

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના પત્ની અમૃતા ફડણવીસ એમની વર્તણૂકને કારણે વારંવાર વિવાદમાં ફસાય છે. નવરાત્રી દરમિયાન હિન્દુઓના ગરબામાં મુસ્લિમોને પ્રવેશ આપવો જોઈએ નહીં એવું નિવેદન નીતિન રાણાએ આપ્યું હતું. આ બાબતે અમૃતા ફડણવીસે બીનસંપ્રદાયીક સ્ટેન્ડ લઈને એવું કહ્યું હતું કે હિન્દુ ધર્મની ઉજવણીમાં બીજા કોઈ પણ ધર્મને આવકારશે. હમણાં જ અમૃતા ફડણવીસે એમના બંગલામાં બેડરૂમ લેવલે રીયાઝ નામના યુવાન યુ-ટ્યુબરને બોલાવી એની સાથે ડાન્સ કર્યો હતો એનો વીડિયો વાયરલ થવાથી પણ કેટલાક ભવા ચઢી ગયા છે. હવે અમૃતાએ મરાઠા અનામત આંદોલનના નેતા અને ભાજપના કટ્ટર વિરોધી મનોજ જરાંગે પાટીલને પોતાના ભાઈ ગણાવ્યા છે અને એમને ઘરે પધારવા આમંત્રણ આપ્યું છે. પત્નીની વર્તણૂક પસંદ હોય કે નહીં, દેવેન્દ્ર ભાઈએ સમસમીને બેસી રહેવું પડે છે.જમ્મુ-કાશ્મીરના પહેલા આતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટીવલના ઉદઘાટન સમારંભમાં નેશનલ કોન્ફરન્સના નેતાઓએ સંપૂર્ણ વંદે માતરમ ગાયું હતું. નેશનલ કોંગ્રેસના સાથી પક્ષ કોંગ્રેસને આ વાત પસંદ આવી નહીં. કોંગ્રેસે આ બાબતે નેશનલ કોંગ્રેસને ટોણો માર્યો છે. કાર્યક્રમમાં મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા અને નેશનલ કોંગ્રેસના પ્રમુખ ફારૂક અબ્દુલ્લા પણ ૩ મીનીટ ૧૦ સેકન્ડના રાષ્ટ્ર ગીતના સન્માન સમારંભમાં ઉભા રહ્યા હતા. હવે ભાજપએ આ બાબતે કોંગ્રેસની ટીકા કરી છે. ભાજપનું કહેવું છે કે કોંગ્રેસ ૨૧મી સદીની મુસ્લિમ લીગ બની ચૂકી છે. જમ્મુ-કાશ્મીરમાં ૨૦૧૯ પહેલા સ્થાનીક રાજકીય પક્ષો આર્ટીકલ ૩૭૦ના નામે કોઈપણ હદે જવા તૈયાર રહેતા હતા. આજ જમ્મુ-કાશ્મીરમાં વંદે માતરમના તમામ ૬ છંદ ગાવામાં આવે છે અને કોંગ્રેસે રાજકીય પ્રતિસ્થાનો પ્રશ્ન બનાવી દીધો છે.તામિલનાડુના મુખ્યમંત્રી વિજયએ 'તમિલગા વેટ્રી કઝગમ' (ટીવીકે)ના નેતૃત્વવાળા સત્તાધારી ગઠબંધનનું નામ 'સેક્યુલર સોશ્યલ જસ્ટીસ વિકટરી એલાયન્સ' રાખ્યું છે. પક્ષના સિદ્ધાંતો ધર્મનિરપેક્ષ અને સામાજિક ન્યાયના હોવાથી આ નામ રાખવામાં આવ્યું છે. ટીવીકે અને કોંગ્રેસ સિવાય આ ગઠબંધનમાં એમડીએમકે, આઈયુએમએમએલ અને વીસીકે પણ છે. ગઠબંધનનું નેતૃત્વ ટીવીકે કરશે. આ નામકરણ મુખ્યમંત્રી વિજયએ કર્યું છે. વીસીકેના નેતા એસએમએસ બાલાજીનું કહેવું છે કે, 'હવે બધાને ખબર પડી જશે કે આ ગઠબંધન ભાજપ અને ફાસીવાદી તાકાતોનો વિરોધ કરશે. એવી ટીકા થઈ રહી હતી કે, ટીવીકે ભાજપ માટે કૂણો પડ્યો છે. હવે સ્થિતિ સાફ થઈ ગઈ છે.' જ્યારે બાલાજીને પૂછવામાં આવ્યું કે ટીવીકે ઈંડિયા ગઠબંધન સાથે હાથ મેળવશે ત્યારે એમણે કહ્યું હતું કે, એવું ત્યારે થશે કે જ્યારે ટીવીકે પાસે સંસદ સભ્યો હશે.પંજાબ કોંગ્રેસમાં વકરેલા જુથવાદ વચ્ચે ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને સાંસદ ચરણજીત સિંહ ચન્ની પક્ષના નવા નિમાયેલા પ્રદેશ પ્રભારી સચીન પાયલોટને મળ્યા હતા. આ ઉપરાંત સાંસદ અને ભૂતપૂર્વ ઉપમુખ્યમંત્રી સુખજિંદર રંધાવા પણ સચીન પાયલોટને મળ્યા હતા. ચન્નીનું માનવું છે કે કોંગ્રેસ હાઈકમાન્ડે પાયલોટને પંજાબના પ્રભારી બનાવીને ડહાપણનું કામ કર્યું છે. પાયલોટની નિમણૂક પછી હવે કાર્યકરોનો ઉત્સાહ વધ્યો છે અને પરિસ્થિતિમાં સુધારો થયો છે. ચન્નીના કહેવા પ્રમાણે પંજાબના લોકો સચીન પાયલોટને પસંદ કરે છે અને એમના પ્રભારી બનવાથી પંજાબ કોંગ્રેસને હવે નવી આશા દેખાઈ રહી છે. પંજાબ કોંગ્રેસમાં છેલ્લા ઘણા સમયથી ખેંચતાણ ચાલી રહી હતી અને ચન્ની જૂથના નેતાઓ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમરિંદર સિંહ રાજા વડીંગને દૂર કરવાની માંગણી કરી રહ્યા હતા.બાંકીપુર બેઠક પરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા પ્રશાંત કિશોરના સરકારી રહેઠાણ સામે જનસેવા કેન્દ્ર ખાતે લોકોનો ધસારો ચાલુ છે. બાંકીપુર સહિત બીજા જિલ્લાઓમાંથી પણ લોકો પોતાની તકલીફ લઈને અહીં આવી રહ્યા છે. એમ કહેવાય છે કે પ્રશાંત કિશોરને મળીને પાછા જનાર લોકો ખુશ થઈને પરત ફરે છે. પ્રશાંત કિશોર પાસે કામની અરજીઓ લઈને લોકો આવે છે અને જાતભાતની સમસ્યાઓનું નિરાકરણ કરવાનું પણ પ્રશાંત કિશોરને કહે છે. ધરણા પ્રદર્શનો કર્યા પછી પણ જેમના કામ થતા નથી એમને પ્રશાંત કિશોર માર્ગદર્શન આપે છે. પ્રશાંત કિશોરની મોટી ટીમ દરેકની સમસ્યા સાંભળીને એમનું નિરાકરણ કરવાના પ્રયત્ન કરે છે. પ્રશાંત કિશોરના દરબારમાં આવનાર લોકોનું કહેવું છે કે આવી વ્યવસ્થા એમણે ભૂતકાળમાં જોઈ નથી. બેકાર વિદ્યાર્થીઓના બાયોડેટા પ્રશાંત કિશોરની ઓફિસમાં જમા કરાવવા માટે પણ લાઈન લાગે છે.

## રિલાયન્સ અને ઝાયડસની CSR પહેલથી 'સ્વર્ગારોહણ' અભિયાનને વેગ

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

પર્યાવરણમૈત્રી અંતિમ સંસ્કારની દિશામાં રિલાયન્સ દ્વારા ભેસાણ તાલુકાના મેંદપરા અને કારિયા ગામમાં 'સ્વર્ગારોહણ' ભઠ્ઠીઓ સ્થાપિત કરવામાં આવી છે. CSR અંતર્ગત થયેલી આ પહેલથી ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છ અને પર્યાવરણમૈત્રી અંતિમ સંસ્કારની સુવિધા ઉપલબ્ધ બની છે. કેશોદના સંશોધક અને નવપ્રવર્તક અર્જુનભાઈ મોહનલાલ પાઘડાર દ્વારા વિકસાવવામાં આવેલી 'સ્વર્ગારોહણ' પ્રણાલીમાં પરંપરાગત ધાર્મિક વિધિઓ જાળવી રાખીને



લાકડાના વપરાશ અને પર્યાવરણ પરની અસર ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ ઉપરાંત ઝાયડસ લાઈફસાયન્સિસ લિમિટેડ દ્વારા વર્ષ 2025માં પાંચ ગામોમાં 'સ્વર્ગારોહણ' ભઠ્ઠીઓ સ્થાપિત કરવામાં આવી હતી. GIANના ઈનોવેશન પ્રોગ્રામમમાં પણ ઝાયડસ અને GIANનો સહયોગ મળ્યો છે. 'સ્વર્ગારોહણ' ટેકનોલોજીને DPIIT દ્વારા 'ગ્રીન ટેકનોલોજી સ્ટાર્ટઅપ' તરીકે માન્યતા તેમજ ભારતીય પેટન્ટ નં. 380576 પ્રાપ્ત થયું છે. રિલાયન્સ અને ઝાયડસ જેવી કંપનીઓની CSR પહેલથી સ્વદેશી પર્યાવરણમૈત્રી ટેકનોલોજીને ગ્રામ્ય વિસ્તારો સુધી પહોંચાડવાનો માર્ગ ખુલ્યો છે.

## સાંગાણી હોસ્પિટલ, કેશોદ ખાતે 20 બેડની આધુનિક NICU તથા અદ્યતન બ્લડ બેંકનો શુભારંભ

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

કેશોદ અને આસપાસ ના વિસ્તારના દર્દીઓને વધુ સારી અને આધુનિક આરોગ્ય સેવાઓ સ્થાનિક સ્તરે મળી રહે તે હેતુથી સાંગાણી હોસ્પિટલ, કેશોદ ખાતે નવી આરોગ્ય સુવિધાઓનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સાંસદશ્રી રાજેશભાઈ ચૂડાસમાના વરદ હસ્તે 20 બેડની આધુનિક NICU તથા અદ્યતન બ્લડ બેંકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સાંગાણી હોસ્પિટલ ખાતે આયુષ્માન ભારત-PM-JAY યોજના હેઠળ અન્ય આરોગ્ય સુવિધાઓ પણ કાર્યરત છે. નવી શરૂ કરાયેલી 20 બેડની આધુનિક NICU (નવજાત શિશુ સઘન સારવાર સાધારણ એકમ) સેન્ટ્રલાઈઝ્ડ યુનિટ તરીકે કાર્ય કરશે. અહીં કેશોદ સહિત આસપાસના વિસ્તારોના નવજાત અને બાળરોગ નિષ્ણાતોની દેખરેખ હેઠળ બાળકોને સારવાર મળી શકશે. ગંભીર સ્થિતિ ધરાવતા નવજાત શિશુઓને ICU જેવી સઘન સારવાર સ્થાનિક સ્તરે જ મળી રહે તે માટે આ સુવિધા મહત્વપૂર્ણ



બની રહેશે. આ ઉપરાંત હોસ્પિટલ ખાતે ફુલ-ટાઈમ પેથોલોજિસ્ટ તેમજ વિવિધ બ્લડ કોમ્પોનેન્ટ્સ અલગ કરવાની આધુનિક સાધનસામગ્રી ધરાવતી અદ્યતન બ્લડ બેંક/બ્લડ સેન્ટર પણ શરૂ કરવામાં આવ્યું છે. જરૂરિયાત મુજબ વિવિધ પ્રકારના બ્લડ કોમ્પોનેન્ટ્સ ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જેના કારણે દર્દીઓને ગંભીર પરિસ્થિતિ માં લોહી માટે જૂનાગઢ કે રાજકોટ જવાની જરૂરિયાતમાં ઘટાડો થશે, નવી આરોગ્ય સુવિધાઓના કારણે કેશોદ તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોના દર્દીઓને ગંભીર પરિસ્થિતિમાં સારવાર માટે અન્ય મોટા શહેરોમાં જવાની જરૂરિયાત ઘટશે. ખાસ કરીને નવજાત શિશુની સારવાર તથા રક્તસેવા જેવી મહત્વપૂર્ણ આરોગ્ય સુવિધાઓ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ બનતાં લોકોને મોટી રાહત મળશે. સાંગાણી હોસ્પિટલ દ્વારા કેશોદ વિસ્તારના લોકો માટે કરવામાં આવેલો આ પ્રયાસ આરોગ્ય ક્ષેત્રે મહત્વપૂર્ણ સેવા બની રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

## ગરબાડા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી નીલાબેનના અધ્યક્ષ સ્થાને "પોષણ ઉત્સવ"ની ઉત્સાહભેર ઉજવણીકરાઈ



**દિપક રાવલ દાહોદ લીમખેડા**

ગરબાડા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીના અધ્યક્ષ સ્થાને "પોષણ ઉત્સવ"*ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ શ્રી નીલાબેન, જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રીસુધીર જોશી , તાલુકા આરોગ્ય અધિકારી શ્રી અવિનાશ ડામોર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પોષણનું મહત્વ સમજાવી "સુપોષિત પરિવાર - સ્વસ્થ સમાજ" નો સંદેશ આપવામાં આવ્યો હતો. બાળકો અને માતાઓના યોગ્ય પોષણ માટે સ્થાનિક સ્તરે ઉપલબ્ધ અનાજ, કઠોળ, લીલા શાકભાજી, ફળો તેમજ મિલેટ્સ જેવા પૌષ્ટિક ખાદ્યપદાર્થોના ઉપયોગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.પોષણ ઉત્સવ અંતર્ગત આંગણવાડી કેન્દ્રો ખાતે વિવિધ પોષણલક્ષી પ્રવૃત્તિઓ, પોષણયુક્ત વાનગીઓનું પ્રદર્શન તથા પોષણ જાગૃતિ પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી.કાર્યક્રમ દરમિયાન THR તથા મિલેટ્સના ઉપયોગના ફાયદાઓ અંગે પણ સમજ આપવામાં આવી હતી. પોષણયુક્ત વાનગીઓ દ્વારા રોજિંદા આહારમાં પૌષ્ટિક તત્વોનો સમાવેશ કેવી રીતે કરી શકાય તે અંગે ઉપસ્થિત બહેનો ને માહિતગાર કરવામાં આવ્યા હતા તેમજ આંગણવાડી કાર્યકર બહેનોને આ સંદેશ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે ઝુંબેશ ના ભાગરૂપે કામગીરી કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું."સારો પોષણ - સારા સ્વાસ્થ્યની પહેલી સીડી" તથા "સુપોષિત પરિવાર - સ્વસ્થ સમાજ"ના સંદેશ સાથે ગરબાડા ખાતે પોષણ ઉત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

## અંબાજી ખાતે ફૂડ સેફ્ટી અવેરનેસ કમ રજીસ્ટ્રેશન કેમ્પ યોજાયો

માહીતી બ્યુરો, પાલનપુર: ભાદરવી પૂનમ મહામેળો-૨૦૨૬ના અનુસંધાને અંબાજી ખાતે ફૂડ સેફ્ટી અવેરનેસ કમ રજીસ્ટ્રેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન સ્થળ પર ફૂડ બિઝનેસ સાથે સંકળાયેલા વેપારીઓને ફૂડ સેફ્ટી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત વેપારીઓને ફૂડ રજીસ્ટ્રેશન અંગે જરૂરી માહિતી અને પ્રક્રિયા સમજાવવામાં આવી હતી.કેમ્પ દરમિયાન કુલ ૫૪ ફૂડ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ માટેની અરજીઓ સ્થળ પર જ કરવામાં આવી હતી અને અરજીઓની પ્રક્રિયા પૂર્ણ કરી સ્થળ પર જ ફૂડ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. ભાદરવી પૂનમ મહામેળા દરમિયાન શ્રદ્ધાળુઓને સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત ખાદ્યસામગ્રી મળી રહે તે માટે વેપારીઓને સ્વચ્છતા, ખાદ્ય સુરક્ષા તથા ફૂડ સેફ્ટીના નિયમોનું પાલન કરવા અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

## શ્રાવણ માસ અંતર્ગત અમાસ નિમિતે શ્રીકષ્ટભંજનદેવને ચાંદીના આકર્ષક વાઘા સાથે શસ્ત્રોનો દિવ્ય શણગાર કરાયો



**નરેન્દ્ર દવે જૂનાગઢ**

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી શ્રીહરિપ્રકાશદાસજી (અથાણા વાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શ્રાવણ માસ અમાસ નિમિતે તા.11-09-2026ને શુક્રવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ દાદાને શિવસ્વરૂપ શણગાર કરવામાં આવ્યો, હનુમાનજી મહારાજને ચાંદીના આકર્ષક વાઘા, મનોહર મયૂરાકાર મુગટ તેમજ તલવારો, ગદાઓ અને પરંપરાગત શસ્ત્રોનો ભવ્ય શણગાર કરવામાં આવ્યો હતો.આજે સવારે 5:45 કલાકે શણગાર આરતી પૂજારી સ્વામીદ્વારા કરવામાં આવી હતી. આ અનેરા દર્શનનો લાભ અનેક ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લઈ ધન્યતાનો અનુભવ કરેલ. મહત્વનું છે કે, શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજને અત્યંત આકર્ષક, ઝળહળતા અને ચાંદીના વાઘા તથા મુગટથી શણગારવામાં આવ્યા છે, સિંહાસને અનેક તલવારો, ગદાઓ, ફરસા અને પરંપરાગત શસ્ત્રોનો શણગાર એક અદ્ભુત શૌર્ય અને વીરતાપૂર્ણ છે.

## ડો.સુભાષ મહિલા કોલેજ ખાતે વિદ્યાર્થીનીઓને CPRની જીવનરક્ષક તાલીમ અપાઈ

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

ડો.સુભાષ મહિલા આર્ટસ, કોમર્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ તથા રોટરી ક્લબ, જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે કોલેજની વિદ્યાર્થીનીઓ માટે હૃદય અને ફેફસાંનું પુનર્જીવન (Cardiopulmonary Resuscitation - CPR) અંગેની જીવનરક્ષક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જૂનાગઢની જાણીતી ત્રિમૂર્તિ હોસ્પિટલના ફિઝિશ્યન ડો.શૈલેષ જાદવ દ્વારા વિદ્યાર્થીનીઓને CPRની જરૂરિયાત, કટોકટીની પરિસ્થિતિમાં તેની પ્રક્રિયા તથા રાખવાની જરૂરી સાવચેતી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સંસ્થાના આદ્યસ્થાપક શ્રી બાપુજી (પેથલજીભાઈ ચાવડા)ની સ્મૃતિમાં સ્મરણાંજલિ ગાનથી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના આચાર્યશ્રી ડો. બલરામ ચાવડાએ જણાવ્યું હતું કે આજના સમયમાં વિદ્યાર્થીનીઓ માત્ર શૈક્ષણિક જ્ઞાન પૂરતું સીમિત ન રહે, પરંતુ જીવનમાં ઉપયોગી બને તેવી વિવિધ બાબતોનું જ્ઞાન પણ મેળવે તે જરૂરી છે. CPR જેવી જીવનરક્ષક તાલીમ કટોકટીના સમયે કોઈનો જીવ બચાવવામાં ઉપયોગી બની શકે છે. તેથી આવી તાલીમનું વિશેષ મહત્વ છે. ડો.શૈલેષ જાદવે સમજાવ્યું હતું કે હૃદયની ધબકારા અને સામાન્ય શ્વાસ બંધ થઈ ગયેલી વ્યક્તિને તાત્કાલિક જીવનરક્ષા પૂરી પાડવા માટે CPR કરવામાં આવે છે. આવી સ્થિતિમાં સૌપ્રથમ પોતાની અને દર્દીની સલામતી તપાસવી, વ્યક્તિ પ્રતિસાદ આપે છે કે નહીં તે તપાસવું, મદદ માટે લોકોને બોલાવવા તથા 112



ઈમર્જન્સી નંબર પર ફોન કરવો અને વ્યક્તિ સામાન્ય રીતે શ્વાસ લે છે કે નહીં તે તપાસવું જરૂરી છે. વ્યક્તિ બેભાન હોય અને સામાન્ય રીતે શ્વાસ લેતી ન હોય અથવા માત્ર હાંફતી હોય તો તાત્કાલિક CPR શરૂ કરવાની જરૂરિયાત અંગે પણ તેમણે માર્ગદર્શન આપ્યું હતું. પુખ્ત વ્યક્તિમાં છાતીના મધ્ય ભાગે યોગ્ય રીતે 100થી 120 પ્રતિ મિનિટના દરે Chest Compressions કરવાની પદ્ધતિ સમજાવવામાં આવી હતી. સાથે જ બાળક અને શિશુ માટે CPRની પદ્ધતિ તથા છાતી પર દબાણ કરવાની ઊંડાઈ અલગ હોય છે તે અંગે પણ ખાસ સમજ આપવામાં આવી હતી. CPR કરતી વખતે થતી સામાન્ય ભૂલો અંગે પણ વિદ્યાર્થીની ઓને માહિતગાર કરવામાં આવી હતી. બેભાન વ્યક્તિને પાણી પીવડાવવું નહીં, મોંમાં દવા નાખવી નહીં, તેને બેસાડવાનો પ્રયાસ ન કરવો તથા માત્ર નાડી તપાસવામાં લાંબો સમય ન વેડફવો જેવી મહત્વપૂર્ણ બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સુંદર સંચાલન ડો. નયનાબેન ગજ્જર દ્વારા કરવામાં આવ્યું હતું, તથા પ્રા.ચેતનાબેન ચુડાસમાએ વક્તાનો પરિચય કરાવ્યો હતો. ડો.મહેશ કિકાણીએ આભારવિધિ કરી હતી. વિદ્યાર્થીનીઓને કોલેજકાળ દરમિયાન જીવનમાં ઉપયોગી જ્ઞાન અને કૌશલ્યો પ્રાપ્ત થાય તથા સમાજોપયોગી પ્રવૃત્તિઓ દ્વારા માનવસેવાની ભાવના વિકસે તેવા ઉમદા હેતુથી કાર્યક્રમનું આયોજન કરવા બદલ સંસ્થાના ટ્રસ્ટીશ્રી જવાહરભાઈ ચાવડા તથા શ્રીમતિ મિતાબેન ચાવડાએ સહુને અભિનંદન પાઠવ્યા હતા.

## બનાસકાંઠામાં 'દિવ્યાંગ સેવાસેતુ' અભિયાન: સરકારી યોજનાઓના લાભ માટે તાલુકા કક્ષાએ યોજાશે વિશેષ તપાસ કેમ્પ

માહીતી બ્યુરો, પાલનપુર | ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭થી દિવ્યાંગ કલ્યાણની વિવિધ યોજનાઓનો લાભ મેળવવા માટે યુનિક ડિસેબિલિટી આઈડી (UDID) અથવા તેના એનરોલમેન્ટ નંબરને ફરજિયાત કરવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં કોઈપણ દિવ્યાંગજન સરકારી યોજનાકીય લાભથી વંચિત ન રહે તે હેતુથી જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ 'દિવ્યાંગ સેવાસેતુ' અંતર્ગત તાલુકાવાર દિવ્યાંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે દિવ્યાંગજનોએ હજુ સુધી UDID માટે રજીસ્ટ્રેશન કરાવ્યું નથી અથવા અગાઉનું દિવ્યાંગતા પ્રમાણપત્રની મુદત પૂર્ણ થઈ ગઈ છે, તેઓને આ કેમ્પનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે. કેમ્પ દરમિયાન નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા જરૂરી તબીબી તપાસ કરી દિવ્યાંગતા પ્રમાણપત્ર તથા UDID કાર્ડ મેળવવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે અને વિવિધ દિવ્યાંગલક્ષી યોજનાઓ અંગે જરૂરી માર્ગદર્શન તથા સહાય પૂરી પાડવામાં આવશે.આ કેમ્પનું આયોજન દાંતીવાડા ખાતે તા. ૦૭ સપ્ટેમ્બર, ડીસા ખાતે તા. ૦૮ સપ્ટેમ્બર, કાંકરેજ/થરાદ માટે થરા ખાતે તા. ૧૦ સપ્ટેમ્બર, વડગામ ખાતે તા. ૧૪ સપ્ટેમ્બર, અમીરગઢ/પાલનપુર માટે પાલનપુર ખાતે તા. ૧૬ સપ્ટેમ્બર, ધાનેરા ખાતે તા. ૧૭ સપ્ટેમ્બર તથા દાંતા/અંબાજી માટે અંબાજી ખાતે તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાશે. અત્યાર સુધી યોજાયેલા કેમ્પોમાં કુલ ૫૮૯ દિવ્યાંગજનોની તપાસ કરવામાં આવી છે, જેમાં ઓર્થોપેડિક, મનોદિવ્યાંગ તથા અંધત્વ સહિતની દિવ્યાંગતા અંગેની તપાસ હાથ ધરવામાં આવી છે અને કુલ ૨૮૧ લાભાર્થીઓને દિવ્યાંગતા પ્રમાણપત્ર આપવામાં આવ્યા છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દિવ્યાંગજનોને પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયા સરળ બને અને સરકારી યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તે માટે આ સેવાસેતુ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.કેમ્પમાં આવતા દિવ્યાંગજનોએ પાસપોર્ટ સાઈઝના બે ફોટા, ઓરિજિનલ આધારકાર્ડ ચકાસણી માટે, આધારકાર્ડની એક ઝેરોક્ષ નકલ તથા આધારકાર્ડ સાથે લિંક થયેલ મોબાઈલ ફોન સાથે લાવવાનો રહેશે, જેથી જરૂરી OTP પ્રક્રિયા પૂર્ણ કરી શકાય. દિવ્યાંગ ભાઈ-બહેનો સમયસર અને જરૂરી દસ્તાવેજો સાથે ઉપસ્થિત રહી કેમ્પનો લાભ લે તેવી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. દિવ્યાંગજનોને અધિકાર, સન્માન અને સરકારી સેવાઓનો લાભ સુલભ રીતે મળી રહે તે માટે જિલ્લા તંત્ર દ્વારા જરૂરી માર્ગદર્શન અને સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

## સાંયરા અને આણંદપર (યક્ષ) વચ્ચે આવેલ શ્રી કંથેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણી અમાસે વડવાઈથી શોભતો મહાકાલ શણગાર

**આણંદપરના પત્રકાર રમેશભાઈ સોનીની દીકરી અને શિક્ષિકા અનિતા સોનીની કલા કૃતિ બની આકર્ષણનું કેન્દ્ર**

મહેશ એલ. સોની નખત્રાણા

સાંયરા (યક્ષ) અને આણંદપર (યક્ષ) વચ્ચે આવેલ આશરે ૭૦૦ વર્ષ જૂના પ્રાચીન તેમજ જાગૃત શ્રી કંથેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણી અમાસ નિમિત્તે નિજ મંદિરમાં મહાદેવજીનો અદ્ભુત અને અલૌકિક શણગાર કરવામાં આવ્યો હતો.આ શણગારની મુખ્ય વિશેષતા એ હતી કે, વડની વડવાઈઓમાંથી મહાદેવજીની જટાઓ બનાવવામાં આવી હતી, સાથે સાથે લટકતી ખોપડીઓ, નાના ડમરું, ત્રિશુળ અને ગુલાબના ફૂલોથી મંદિરને શણગારવામાં આવ્યું હતું. નિજ મંદિરમાં લાલ રંગની રોશનીમાં આ શણગાર સાક્ષાત મહાકાલના દરબાર જેવો ભાસતો હતો.આ અદ્ભુત અને આબેહૂબ કલાકૃતિ આણંદપર યક્ષના જાણીતા પત્રકાર શ્રી રમેશભાઈ સોનીની દીકરી




અનિતા સોની દ્વારા તૈયાર કરવામાં આવી છે.અનિતા સોની વ્યવસાયે પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે, સાથે જ તેમને ચિત્રકલા અને હસ્તકલાનો પણ ગાઢ શોખ છે. શાળામાં પણ તેઓ અવારનવાર પોતાની આગવી કલા કૃતિઓ સર્જી બાળકોમાં કલા પ્રત્યે રુચિ કેળવાય તે માટે સતત પ્રયત્નશીલ રહે છે.શ્રાવણી અમાસના દિવસે તેમણે કાળા રંગ, વડવાઈની જટાઓ, ચંદ્ર અને ત્રીજા નેત્ર સાથે મહાદેવના રૌદ્ર સ્વરૂપને જે રીતે કંડાર્યું છે, તેને જોઈ દર્શનાર્થીઓ ભાવવિભોર થઈ ગયા હતા.અત્રે ઉલ્લેખનીય છેકે શ્રાવણ માસ દરમિયાન આ મંદિરના પૂજારી શ્રી વૈભવગિરીજી દ્વારા આશરે બે હજાર ખીલી ના આસન પર બેસી વિશ્વ કલ્યાણ અર્થે કઠિન તપસ્યા કરવામાં આવી હતી.


## નખત્રાણા તાલુકાના મથલ ગામનું બસ સ્ટેન્ડ અત્યંત જર્જરિત હાલતમાં: મુસાફરો ત્રાહિમામ, તંત્ર ઘોર નિદ્રામાં!



**મહેશ એલ. સોની નખત્રાણા**

નખત્રાણા તાલુકાના મથલ ગામનું બસ સ્ટેન્ડ છેલ્લા ૪ થી ૫ વર્ષથી અત્યંત ભયજનક અને જર્જરિત હાલતમાં જોવા મળી રહ્યું છે. સમયાંતરે તેની હાલત દિવસેને દિવસે વધુને વધુ બદતર બનતી જઈ રહી છે, પરંતુ તંત્ર દ્વારા તેની તરફ ઘોર ઉપેક્ષા સેવવામાં આવી રહી છે.હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી છે, ત્યારે બસ સ્ટેન્ડની છત જર્જરિત થઈ જતા છતમાંથી સતત પાણી ટપકે છે. બેસવા માટે એક પણ સળંગ બાંકડો નથી, પ્લાસ્ટર ખરી ગયું છે અને ક્યાંક તો છતના સળિયા પણ દેખાઈ રહ્યા છે. આવી દયનીય પરિસ્થિતિમાં મુસાફરોને ઉભા રહેવા પણ સ્થાન નથી.આ બસ સ્ટેન્ડ વિદ્યાર્થીઓ, વૃદ્ધો અને રોજીંદા અપડાઉન કરતા નોકરિયાત વર્ગ માટે જીવાદોરી સમાન છે. પરંતુ તંત્રની બેદરકારીને કારણે શાળાએ જતા માસૂમ ભૂલકાઓ અને વૃદ્ધોને વરસતા વરસાદમાં પલળતા ઉભા રહેવું પડે છે, જે અત્યંત દુઃખદ બાબત છે.તંત્ર કોઈ મોટી દુર્ઘટના સર્જાય, છત ધરાશાયી થાય અને કોઈ નિર્દોષની જાનહાનિ થાય તેની રાહ જોઈ રહ્યું છે કે શું? તેવા સવાલો ગ્રામજનોમાં ઉઠી રહ્યા છે.ત્યારે તંત્ર ઘોર નિદ્રામાંથી જાગે અને આ જર્જરિત બસ સ્ટેન્ડનું તાત્કાલિક ધોરણે સમારકામ હાથ ધરે અથવા તો નવું સુવિધાયુક્ત બસ સ્ટેન્ડ બનાવી આપે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.આ અંગે તંત્ર ગંભીરતા દાખવી યોગ્ય નિવારણ લાવે તેવી ઉગ્ર માંગ ભીમ આર્મી ભારત એકતા મિશનના નખત્રાણા તાલુકા મહામંત્રી શ્રી હીરજી જે. ભદ્રુ તથા મથલ ગામના જાગૃત ગ્રામજનો દ્વારા કરવામાં આવી છે.

## કચ્છના ગાંધીધામમાં 300 બેઘર ગરીબ હિંદુ પરિવારોને ન્યાય અપાવવા માટે લખન ધુવાના અચોક્કસ મુદતના ભૂખ હડતાળ



**મહેશ એલ. સોની નખત્રાણા**

કચ્છના ગાંધીધામમાં વર્ષોથી વસવાટ કરતા લગભગ 300 ગરીબ હિંદુ પરિવારોને મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલી દબાણ હટાવો કાર્યવાહીમાં બેઘર કરી દેવામાં આવ્યા છે.આ બેઘર પરિવારોને ન્યાય અપાવવા માટે બહુજન આર્મી સામાજિક એકતા મિશન ભારતના સંસ્થાપક શ્રી લખન ધુવા ના નેતૃત્વમાં ગાંધીધામ મહાનગરપાલિકા સામે 55 દિવસ સુધી ધરણા કરવામાં આવ્યા હતા. પ્રશાસન તરફથી કોઈ નક્કર પરિણામ ન મળતા, લખન ધુવાએ પીડિત પરિવારો સાથે ગાંધીધામથી ભુજ સુધી પગપાળા હિજરત કરીને કચ્છ જિલ્લા કલેક્ટર કચેરી સામે ધરણા શરૂ કર્યા છે.હવે આ લડતએ મોટું સ્વરૂપ લીધું છે. સોમવારથી સંસ્થાપક લખન ધુવા સહિત 3 કાર્યકરો કલેક્ટર કચેરી, ભુજ સામે અચોક્કસ મુદતના ભૂખ હડતાળ પર બેસી ગયા છે, જેનાથી કચ્છના રાજકીય અને સામાજિક મોરચે હલચલ તેજ થઈ ગઈ છે.બેઘર થયેલા 300 પરિવારોને તાત્કાલિક ઘર અથવા રહેણાંક પ્લોટ ફાળવવામાં આવે.લખન ધુવાએ કહ્યું, 'જ્યાં સુધી ગરીબોને તેમનો હક નહીં મળે, ત્યાં સુધી અમે કોઈપણ કિંમતે પાછા નહીં હટીએ. આ ગરીબોની હક્કની લડાઈ માં અમને ઘણા સામાજિક સંગઠનોનો ટેકો મળી રહ્યો છે.' જો વહેલી તકે ન્યાય નહિ મળે તો આવનારા દિવસોમાં આંદોલન વધુ મજબૂત અને ઉગ્ર બનવાના સંકેતો છે.

## વિરાણીમોટીની દીકરીએ વધાર્યું કચ્છનું ગૌરવ
## હેન્સી સોમજીયાણીની કોઈ પણ કોચિંગ વગર પ્રથમ પ્રયાસે ભારતીય વાયુ સેનામાં પસંદગી



**મહેશ એલ.સોની નખત્રાણા**

કચ્છના નખત્રાણા તાલુકાના વિરાણીમોટી ગામની દીકરી કુ. હેન્સી કમલેશકુમાર સોમજીયાણીએ ભારતીય વાયુ સેના (Indian Air Force) માં પસંદગી મેળવી સમગ્ર કચ્છ જિલ્લા અને વિરાણી ગામનું નામ રોશન કર્યું છે.પ્રાપ્ત માહિતી મુજબ હેન્સીબેને ભારતીય વાયુ સેનાની અતિ કઠિન ગણાતી AFCAT પરીક્ષા અને ૫ દિવસના SSB ઈન્ટરવ્યૂને પ્રથમ પ્રયાસે જ સફળતાપૂર્વક પાસ કરી પોતાની આગવી સિદ્ધિ હાંસલ કરી છે.આ સિદ્ધિમાં સૌથી ગૌરવપૂર્ણ બાબત એ છે કે હેન્સીબેને કોઈપણ પ્રકારના ખાનગી કોચિંગ કે ક્લાસ વગર, સ્વ-મહેનત અને આત્મવિશ્વાસના જોરે આ સફળતા મેળવી છે, જે આજની યુવા પેઢી માટે એક પ્રેરણાસ્ત્રોત સમાન છે.હેન્સીબેન શરૂઆતથી જ એક તેજસ્વી વિદ્યાર્થિની રહી છે. તેઓ એન્જિનિયરિંગમાં ગોલ્ડ મેડાલિસ્ટછે. ઉપરાંત NCC માં પણ તેમણે રાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી RDC (Republic Day Camp) કેમ્પમાં All India Best Cadet નો પ્રતિષ્ઠિત ખિતાબ પણ પોતાના નામે કર્યો છે.વિરાણીમોટીના એક સામાન્ય પરિવારની દીકરીએ આકાશને આંબવા જેવી આ સિદ્ધિ મેળવતા સમગ્ર ગામમાં અને કચ્છમાં હર્ષની લાગણી ફેલાઈ છે. તેમની આ સિદ્ધિ બદલ અબડાસા વિસ્તારના ધારાસભ્ય પ્રદ્યુમન સિંહ જાડેજા, નખત્રાણા તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખશ્રી ભરત ભાઈ સોમજીયાણી તેમજ સગા-સંબંધીઓ અને શુભેચ્છકો એ અભિનંદન પાઠવ્યા હતા.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં લાઈફ સાયન્સ વિભાગ દ્વારા બ્રાયોફાઈટ ડેની ઉજવણી અંતર્ગત ત્રિ દિવસીય રાષ્ટ્રીય વર્કશોપનુ થયુ આયોજન

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢનાં લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટ દ્વારા ત્રિ-દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ગુજરાત રાજ્યમાં સૌથી વધુ ગિરનારમાં દ્વિઅંગી વનસ્પતિ નોંધાઈ છે જેના અવલોકનાર્થે મુંબઇ, ઉદયપુર, છત્તીસગઢ ના વિદ્યાર્થીઓએ દ્વિઅંગી વનસ્પતિ નિહાળી સોરઠનાં વનસ્પતિ સૃષ્ટીનાં ભૌગોલીક અને એન્વાયરલમેન્ટ અસરોની સમીક્ષા કરી હતી. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ લાઈફ સાયન્સ દ્વારા વર્લ્ડ બ્રાયોફાઈટ ડેની ઉજવણી નિમિત્તે ત્રણ દિવસ નેશનલ વર્કશોપનુ આયોજનમાં કેરલા, લખનઉથી ઉપસ્થિત વિષય નિષ્ણાંત શિક્ષણશાસ્ત્રીઓએ દેશભરમાં બોટની ક્ષેત્રે થઈ રહેલ સંશોધનો અને તેની ફલશ્રુતિથી માહિતગાર કરી ઉપસ્થિત છાત્રોને દ્વિઅંગી વનસ્પતિ અંગે લીધેલ નમુનાઓને માઈક્રોસ્કોપ પર નમુનાઓનું પૃથ્થકરણ કરી જાણકારી નિર્દેશિત કરી હતી. લખનૌથી પધારેલ ડો. વિનયુકમાર શાહુએ જણાવ્યુ હતુ કે જંગલની ઈકોસિસ્ટમમાં અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાતી દ્વિઅંગી વનસ્પતિના સંરક્ષણ અને તેની યોગ્ય ઓળખવિધિ થાય તે હેતુથી આ વર્કશોપ નું થયેલ આયોજન ફળદાયી રહેશે. આ વનસ્પતિ કદમાં ખૂબ જ સૂક્ષ્મ અને નાની હોવાથી સામાન્ય રીતે તેને ઓળખવી મુશ્કેલ હોય છે. જેથી સંશોધકો અને વિદ્યાર્થીઓને તેનું પ્રાયોગિક જ્ઞાન મળે તે મુખ્ય લક્ષ્ય છે.ત્યારે નેશનલ વર્કશોપ દ્વારા મળનાર ફલશ્રૃતિ સંશોધકો માટે ઉપયોગી બનશે. રાષ્ટ્રીય વર્કશોપમાં કેરલથી બોટનીકલ વિભાગમાં સેવા બજાવતા ડો. મંજુલાજી સહીત ગુજરાતના વિવિધ વિસ્તારો ઉપરાંત અન્ય રાજ્યો જેવા કે મુંબઈ, ઉદયપુર, જોધપુર અને છત્તીસગઢથી મોટી સંખ્યામાં પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. લખનઉ અને કેરલાથી આવેલા એક્સપર્ટોએ વર્કશોપમાં જોડાયેલા વિદ્યાર્થીઓએ દ્વિઅંગી વનસ્પતિ વિશે માહિતગાર કર્યા બાદ એક્સપર્ટ, પ્રોફેસરો અને વિદ્યાર્થીઓની ટીમ દ્વારા ફિલ્ડ વિઝીટ કરી હતી જેમાં દ્વિઅંગી વનસ્પતિ છાત્રોએ નિહાળીને માહિતી મેળવી હતી. કાર્યશાળાનાં ઉદઘાટન પ્રસંગે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે જણાવ્યુ હતુ કે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કાર્યક્ષેત્રિય ચારેય જિલ્લાઓ જેમાં જૂનાગઢને ગિર-ગિરનાર ની વન્યસૃષ્ટી, દેવભુમિ દ્વારકામાં આલેચ, અને દરિયાઇ જળસૃષ્ટી, પોરબંદરમાં બરડો અને સાગરતટ, અને ગીર સોમનાથ માં ગીરની વનસૃષ્ટી સાથે વિશાળ જળસૃષ્ટીની અપાર ભેટ કુદરતે આપી છે.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત યોજાયેલ સ્પર્ધાઓનાં વિજેતા સ્પર્ધકો થયા સન્માનિત

**નરેન્દ્ર દવે જૂનાગઢ**

ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલય જુનગઢનાં સાંસ્કૃતિક સેલ દ્વારા યુનિ.નાં વિદ્યાભવનો માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ દ્વારા વિકાસ સપ્તાહની થઈ રહેલ ઉજવણી અંતર્ગત આયોજીત નિબંધ લેખન, વકતૃત્વ , ચિત્ર, વ્લોગ, રીલ નિર્માણ સ્પર્ધાઓ સહિત સોશ્યલ મીડીયા ન્યુઝ ક્રિયેશન જેવી કોમ્પીટીશનમાં વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને પ્રોત્સાહક ભેટ વિતરણ કાર્યક્રમ સાથે તજજ્ઞ વક્તા માર્ગદર્શક કાર્યક્રમનાં અધ્યક્ષ અને યુનિ.નાં કુલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણે સ્પર્ધા ઓમાં ઉત્કૃષ્ઠ પ્રદાન કરનાર અને ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને બિરદાવી જણાવ્યુ હતુ કે રાજ્યની પ્રગતિ અને ૨૫ વર્ષની સુશાસનની યાત્રાની ઉજવણીના ભાગરૂપે તા. ૮ સપ્ટેમ્બરથી ૧૪ સપ્ટેમ્બર દરમિયાન યુનિ.નાં વિદ્યાભવનોમાં 'વિકાસ



સપ્તાહ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી જેમાં યુવા વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે 'વિકાસ સપ્તાહ અનુસંધાને વિવિધ સ્પર્ધાઓનું જે આયોજન થયુ તે સરાહનીય છે. 'વિકસિત ભારત @ ૨૦૪૭' ના વિઝનને સાકાર કરવા માટે, 'વિકસિત ગુજરાત'ના નિર્માણમાં યુવાનોને પોતાની ઊર્જા સાથે ખભેખભો મિલાવીને યોગદાન આપવા આહવાન કર્યું હતું. આ તકે નિષ્ણાંત વ્યાખ્યાન અન્વયે વિદ્યાર્થી ઓને પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. કાર્યક્રમને સફળ બનાવવા ડો. રૂપાબેન ડાંગરનાં માર્ગદર્શનમાં મુકુન્દ શુક્લા શોધસ્કોલર્સ મેહુલ ભટ્ટ સહિત છાત્રોએ જહેમત ઉઠાવી હતી.



## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 76માં જન્મદિવસની ઉજવણીના આયોજન માટે લીમખેડા તાલુકા ભાજપની મહત્વની બેઠક યોજાઈ

**દિપક રાવલ દાહોદ | લીમખેડા**

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના આગામી 76માં જન્મદિવસની ભવ્ય ઉજવણીના આયોજનના ભાગરૂપે લીમખેડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC) ખાતે તાલુકા ભાજપની એક મહત્વની બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં લોકપ્રિય સાંસદ શ્રી જશવંતસિંહજી ભાભોર સાહેબ અને જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી સ્નેહલભાઈ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે એપીએમસીના સેક્રેટરી શ્રી ભરતભાઈ ભરવાડ, તાલુકા ભાજપ પ્રમુખ, મંડળના વિવિધ હોદ્દેદારો, સનિષ્ઠ કાર્યકર્તાઓ તેમજ સ્થાનિક સરપંચશ્રીઓ સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને મહેમાનો હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન વડાપ્રધાનશ્રીના જન્મદિવસ નિમિત્તે તાલુકાભરમાં લોકકલ્યાણ અને સેવાકીય પ્રવૃત્તિઓ સહિતના વિવિધ કાર્યક્રમોનું સુચારુ આયોજન કરવા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ કાર્યક્રમોને સફળ બનાવવા માટે કાર્યકરોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને વડાપ્રધાનશ્રીના દીર્ઘાયુની કામના સાથે ઉજવણીને યાદગાર બનાવવા ઉત્સાહ દર્શાવ્યો હતો.

## દાહોદના પાંચવાડા ગામે ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ ટીબીના દર્દીઓને નિક્ષય પોષણ કીટનું વિતરણ કરાયું



દિપક રાવલ દાહોદ લીમખેડા

ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ગરબાડા તાલુકાના પાંચવાડા ગામ ખાતે ટીબીના દર્દીઓને સારવાર દરમિયાન પોષણક્ષમ આહાર મળી રહે તે હેતુથી 'નિક્ષય પોષણ કીટ' વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા ક્ષય અધિકારી તથા તાલુકા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં IMPACT INDIA ની PSMRI ટીમ અને KHPT ના સહયોગથી ગામના સરપંચશ્રી હામીર દીતુભેન રામસિંગભાઈના હસ્તે ૯ ટીબી દર્દીઓને પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે પાંચવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આયુષ મેડિકલ ઓફિસર ડૉ. રાગિની ઢિંગા, પી.એચ.સી. સુપરવાઈઝર મહેશ નીનામા, પીએમ મનોજીત બિસવાસ, ડીએલ પરેશભાઈ, સીસી જ્યોત્સનાબેન નળવાયા સહિત આરોગ્ય વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ટીબીની સારવારમાં દવાઓની સાથે પૌષ્ટિક આહાર ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. આ પોષણ કીટ દ્વારા દર્દીઓને જરૂરી પૌષ્ટિક આહાર મળવાની સાથે તેઓ નિયમિત સારવાર પૂર્ણ કરવા માટે પ્રોત્સાહિત થશે. દેશને ટીબી મુક્ત બનાવવાના સંકલ્પ સાથે આરોગ્ય વિભાગ, સ્થાનિક પંચાયત અને સહયોગી સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે આ સરાહનીય કામગીરી કરવામાં આવી છે.

## જૂનાગઢ એસ.ટી. વિભાગ દ્વારા નિયમ ભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી, રૂ. ૧.૦૮ લાખથી વધુ દંડ વસૂલાયો


નરેન્દ્ર દવે જૂનાગઢ

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના જૂનાગઢ વિભાગ દ્વારા ઓગસ્ટ-૨૦૨૬ દરમિયાન મુસાફરોની સુરક્ષા, નિયમોના પાલન અને સ્વચ્છતા જાળવવાના હેતુથી વિવિધ પ્રકારની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વિભાગીય નિયામકશ્રી વી.બી.ડાંગરના જણાવ્યા મુજબ, મુસાફર પાસેથી રૂ. ૨૫ લઈ ટિકિટ નહીં આપનાર કુલ ૧ કંડક્ટર પકડવામાં આવેલ તેની સામે નિગમના ધારાધોરણો મુજબ ખાતાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત, ટિકિટ લીધા વગર મુસાફરી કરતા કુલ ૨૫ મુસાફરો ઝડપાયા હતા. તેમની સામે સ્થળ પર જ દંડાત્મક કાર્યવાહી કરી કુલ રૂ. ૮,૦૫૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. વિભાગના કુલ ૯ ડેપો ખાતે ધુમ્રપાન કરનાર તેમજ બસ અને બસ સ્ટેશન પર પાન-માવો ખાઈને પિચકારી મારી ગંદકી ફેલાવનાર કુલ ૪૮૭ વ્યક્તિઓ સામે કેસ કરવામાં આવ્યા હતા. તેમની પાસેથી કુલ રૂ. ૭,૨૩૫નો દંડ વસૂલવામાં આવ્યો હતો. આ ઉપરાંત, વિભાગના વિસ્તારમાં નો-પાર્કિંગ હેઠળ કાર્યવાહી હાથ ધરી કુલ ૨૫ વાહનો ડિટેઇન કરવામાં આવ્યા હતા અને તેમની પાસેથી કુલ રૂ. ૯૨,૯૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. આમ, ઓગસ્ટ-૨૦૨૬ દરમિયાન જૂનાગઢ એસ.ટી. વિભાગ દ્વારા વિવિધ પ્રકારના નિયમભંગ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.જૂનાગઢ એસ.ટી. વિભાગ દ્વારા મુસાફરોને નિયમોનું પાલન કરવા, ટિકિટ મેળવીને જ મુસાફરી કરવા તેમજ બસ અને બસ સ્ટેશન પર સ્વચ્છતા જાળવવા અપીલ કરવામાં આવી છે. નિયમભંગ કરનારાઓ સામેની કાર્યવાહી આગામી દિવસોમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે તેમ વિભાગીય નિયામકશ્રી વી. બી.ડાંગરએ એક યાદીમાં જણાવ્યું છે.

## સંખેડામાં હડકવા સામે તકેદારીના ભાગરૂપે રસીકરણ અભિયાન શરૂ: ૫૦થી વધુ રખડતી ગાયોને અપાઈ રસી

રિપોર્ટર-કમલેશ પટેલ | સંખેડા

સંખેડા ગામમાં થોડા દિવસ પહેલા હડકવા (રેબીઝ) ના કારણે 7 રખડતી ગાયોના મોત થયા હતા. ગામમાં એકસાથે ગાયોના મોત થતા ગ્રામજનોમાં ચિંતા ફેલાઈ હતી. રખડતા પશુઓમાં હડકવો ફેલાવવાનો ભય હતો, જેને ધ્યાનમાં રાખીને ગ્રામ પંચાયત હરકતમાં આવી છે.સંખેડા ગ્રામ પંચાયતે સંખેડા પશુ દવાખાનાના ડોક્ટરોના સહયોગથી આજે સવારથી જ રસીકરણ અભિયાન શરૂ કર્યું હતું. ચિરાગભાઈ રબારી અને પંચાયતની ટીમે ગામની ગલીઓ, બજાર અને ચોક વિસ્તારમાં ફરી રહેલી 50થી



વધુ રખડતી ગાયોને પકડીને હડકવા વિરોધી રસી આપી હતી.આ અંગે સંખેડા ગ્રામ પંચાયતના સરપંચ નીતિનભાઈ શાહ અને પૂર્વ ડેપ્યુટી સરપંચ પ્રકાશભાઈ વસાવાએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, ગામમાં રખડતી ગાયોના મોત બાદ અન્ય પશુઓ અને માણસોમાં હડકવો ન ફેલાય તે માટે તકેદારીના ભાગરૂપે આ રસીકરણ કરાયું છે.તેમણે વધુમાં જણાવ્યું કે, આગામી દિવસોમાં પણ આ કામગીરી ચાલુ રહેશે. તેમણે લોકોને પોતાના પાલતુ પશુઓને પણ રસી અપાવવા અપીલ કરી છે.ગ્રામ પંચાયતની આ કામગીરીને ગ્રામજનોએ આવકારી છે.

## જૂનાગઢ શહેર સહિત સમગ્ર જિલ્લામાં આગામી ગણેશ ચતુર્થીને અનુલક્ષીને જાહેરનામું

નરેન્દ્ર દવે જૂનાગઢ

આગામી તારીખ ૧૫/૦૯/૨૦૨૬ ના રોજ ગણેશ ચતુર્થીનો તહેવાર આવે છે. આ તહેવારના અનુસંધાને જાહેર સુલેહ- શાંતિ, સુખાકારી, સલામતી, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર સાવચેતીનાં પગલા લેવાનું ઈષ્ટ જણાય છે. તેથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બી. એસ.બારડ, જૂનાગઢ દ્વારા તેમને મળેલ સત્તાની રૂઈએ જૂનાગઢ જિલ્લાના તમામ વિસ્તારમાં અત્રે જણાવ્યા મુજબ અમલવારી કરવા માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં જણાવ્યા અનુસાર મૂર્તિકારો દ્વારા બનાવવામાં આવતી મૂર્તિઓનાં સ્થળે ગંદકી થાય નહિ રોગચાળો ફેલાય નહિ તેની પુરતી તકેદારી રાખવાની રહેશે. મૂર્તિકારો કે સ્થાપના કરનારએ કોઈપણ ધર્મની ધાર્મિક લાગણી દુભાય તેવા ચિન્હો કે નિશાનીઓ રાખવા નહિ. આ મૂર્તિઓનું જાહેરમાં, નદી, નાળા કે તળાવનાં પાણીમાં વિસર્જન કરવાથી પાણીમાં રહેતા પાણીજન્ય જીવોને તથા મનુષ્યોને નુકશાન થાય છે. જેથી આવી જગ્યાઓએ વિસર્જન કરવું નહિ. શ્રી ગણેશજીની મૂર્તિઓ બનાવવામાં પ્લાસ્ટર ઓફ પેરીસ (પી.ઓ.પી.) મટીરીયલનો ઉપયોગ કરવો નહિ કે કેમિકલ્સવાળા રંગોનો ઉપયોગ કરવો નહિ. શ્રી ગણેશજી ની મૂર્તિ નવ ફુટ બેઠક સહિતથી ઉંચી રાખી શકાશે નહિ કે આવી મોટી મૂર્તિઓ ની સ્થાપના કરી શકાશે નહિ. તેમજ સ્થાનિક સત્તામંડળ દ્વારા નજીકમાં કૃત્રિમ વિસર્જન કુંડ બનાવવાનાં રહેશે. શ્રી ગણેશ વિસર્જન માટે સંબંધિત સત્તાધિકારીશ્રી પાસેથી પૂર્વ મંજુરી મેળવવાની રહેશે. પરંપરાગત અને મંજુરીમાં જણાવ્યા અનુસારના રૂટ ઉપર જ લોકોએ વિસર્જન કરવા માટે જવાનું રહેશે. પૂર્વમંજુરી મેળવ્યા વિના જાહેર માર્ગો ઉપર પરિવહન કરી શકાશે નહિ. આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત નિયમ અનુસાર શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામું આગામી તારીખ ૨૬/૦૯/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

## 'બિનસ્વાર્થનો સ્નેહ એ જ સાચી સંપત્તિ' — જયસુખ પટેલે શુભેચ્છકોનો માન્યો આભાર



જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

જન્મદિવસ નિમિત્તે મળેલી સ્નેહભરી શુભેચ્છાઓ, આશીર્વાદ અને શુભકામનાઓ બદલ નખત્રાણા તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ તથા કચ્છ જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી જયસુખભાઈ પટેલે સૌ શુભેચ્છકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.તેમણે જણાવ્યું હતું કે, સૌના પ્રેમ, લાગણી અને શુભેચ્છાઓએ તેમના જન્મદિવસને વધુ યાદગાર અને આનંદમય બનાવ્યો છે. આ પ્રસંગે તેમણે લાગણીસભર શબ્દોમાં જણાવ્યું હતું કે, "બિનસ્વાર્થનો સ્નેહ એ જ સાચી સંપત્તિ છે."સૌનો આ અમૂલ્ય સ્નેહ અને આશીર્વાદ હંમેશા મળતો રહે તેવી પ્રાર્થના સાથે તેમણે તમામ શુભેચ્છકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

## ગામના આંગણે નિષ્ણાત તબીબોની સેવા: વાલ્કામોટા-ઘડાણીમાં ૨૦૪ ગ્રામજનોનું નિદાન



વાલ્કામોટા આયુષ્યમાન આરોગ્ય મંદિર તથા ઘડાણી ગ્રામ પંચાયત ખાતે યોજાયેલા સર્વરોગ નિદાન કેમ્પમાં નિષ્ણાત તબીબો દ્વારા ગ્રામજનોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

ગ્રામ્ય વિસ્તારોમાં લોકોને નિષ્ણાત તબીબી સેવાઓ સરળતાથી મળી રહે તે હેતુથી આયુષ્માન આરોગ્ય મંદિર વાલ્કામોટા તથા ઘડાણી ગ્રામ પંચાયત કચેરી ખાતે અદાણી ફાઉન્ડેશનના ઉપક્રમે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો.મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તથા તાલુકા આરોગ્ય અધિકારીની સૂચના અને મેડિકલ ઓફિસરના માર્ગદર્શન હેઠળ યોજાયેલા કેમ્પ પૂર્વે વાલ્કામોટા, વાલ્કા નાના, પાનેલી, હરીપર, ઘડાણી અને વિગોડી ગામોમાં પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હતો. વાલ્કામોટા ખાતે સવારે ૧૦થી બપોરે ૧ વાગ્યા સુધી તથા ઘડાણી ખાતે બપોરે ૩થી ૫ વાગ્યા સુધી યોજાયેલા કેમ્પમાં અદાણી ફાઉન્ડેશનના નિષ્ણાત તબીબોએ સેવા આપી હતી. ડૉ. ધ્રુવી શાહ (આંખ), ડૉ. ચંદ્રક ઓથ (બાળરોગ), ડૉ. નિકી પટેલ (ફિઝિશિયન) અને ડૉ. નિરાલી વઘાસિયા (સ્ત્રીરોગ) દ્વારા દર્દીઓની તપાસ કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.વાલ્કામોટા ખાતે જનરલ ૪૫, આંખ ૪૩, સગર્ભા ૧૫, ગાયનેક ૨૬ અને બાળરોગ ૫ મળી કુલ ૧૩૪ લોકોએ લાભ લીધો હતો. સગર્ભા બહેનોને પ્રોટીન પાઉડર આપી આરોગ્યલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઘડાણી ગ્રામ પંચાયત કચેરી ખાતે જનરલ ૨૮, આંખ ૧૬, ગાયનેક ૧૪ અને બાળરોગ ૧૨ મળી કુલ ૭૦ લોકોએ નિદાન અને તબીબી માર્ગદર્શન મેળવ્યું હતું. બંને સ્થળે મળી કુલ ૨૦૪ ગ્રામજનોએ કેમ્પનો લાભ લીધો હતો.કેમ્પ દરમિયાન મનહરભાઈ ચાવડા તથા જસરાજભાઈ સોધમ દ્વારા દવાઓનું વિતરણ કરી તેના ઉપયોગ અંગે સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ, આરોગ્યકર્મીઓ, આશા બહેનો તથા અદાણી ફાઉન્ડેશનની હેલ્થ ટીમ ઉપસ્થિત રહી હતી.PHC રવાપરના MPHS શ્રી સુલેમાન એ. પીંજારાએ કેમ્પનો હેતુ સમજાવ્યો હતો તથા આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ટી.વી. કિશનભાઈ પટેલે કર્યું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં આવા આરોગ્ય કેમ્પો નિયમિત યોજાય અને લોકોને નિષ્ણાત તબીબોની સેવા સતત મળતી રહે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

## રખડતા ઢોરો સામે મોટી કાર્યવાહી:-૨૫૦થી વધુ ઢોરોને પકડી રંગ ઉપવન ખાતે રખાયા



સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં આહવા શહેરમાં રખડતા ઢોરોના કારણે નાગરિકો, રાહદારીઓ અને વાહનચાલકોને પડતી મુશ્કેલીઓ તેમજ અકસ્માતના જોખમને ગંભીરતાથી ધ્યાનમાં લઈને આહવા ગ્રામ પંચાયત દ્વારા એક સરાહનીય ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.આહવા ગ્રામ પંચાયતનાં સરપંચ હરીરામ સાંવતના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગ્રામ પંચાયતની ટીમે તાત્કાલિક નિર્ણય લઈને શહેરના વિવિધ વિસ્તારોમાંથી ૨૫૦થી વધુ રખડતા ઢોરોને પકડી રંગ ઉપવન ગ્રાઉન્ડ ખાતે એકત્રિત કર્યા છે. આ કામગીરી દરમિયાન ગ્રામ પંચાયતે માત્ર ઢોરોને પકડવા પૂરતી સીમિત ન રહેતા, તેમના માટે પૂરતા પ્રમાણમાં ઘાસચારા અને પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા પણ કરી છે. પંચાયતનો આ માનવતાવાદી અને સંવેદનશીલ અભિગમ દર્શાવે છે કે જનસુરક્ષાની સાથે પશુઓની સંભાળનું પણ પૂરતું ધ્યાન રાખવામાં આવ્યું છે.લાંબા સમયથી ચાલતી રખડતા પશુઓની સમસ્યાથી આહવાના રહીશો પરેશાન હતા. ત્યારે સરપંચશ્રી હરીરામ સાવંતે જનહિતને પ્રાથમિકતા આપી સમયસર નિર્ણય લીધો છે, જેનાથી શહેરમાં સ્વચ્છતા, સલામતી અને સુવ્યવસ્થા જળવાઈ રહેશે. સ્થાનિક નાગરિકો તરફથી સ્થળ પર જઈને કરાયેલી આ નક્કર કાર્યવાહી અને આહવા ગ્રામ પંચાયતની ટીમની પ્રશંસનીય કામગીરીને ભારે સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે.

## મોબાઈલ ફોન શોધી મૂળ માલિકને સોંપ્યો, 'તેરા તુજકો અર્પણ' અભિયાન હેઠળ સફળતા..



સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં વઘઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોરી થયેલો મોબાઈલ ફોન શોધી કાઢી તેના મૂળ માલિકને પરત સોંપવામાં વઘઈ પોલીસને સફળતા મળી છે. સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંઘ અને ડાંગ-આહવાના પોલીસ અધિક્ષક પૂજા યાદવ દ્વારા મિલકત સંબંધિત ગુનાઓ શોધી કાઢવા માટે આપવામાં આવેલી સખત સૂચનાઓ અન્વયે આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. નાયબ પોલીસ અધિક્ષક કે.આર. ડીમરીના માર્ગદર્શન હેઠળ વઘઈ પોલીસે 'તેરા તુજકો અર્પણ' અંતર્ગત પ્રશંસનીય કામગીરી કરી છે.ઘટનાની વિગત અનુસાર, કાલીબેલ ગામના આંબલી ફળિયા ખાતે ગત તા. ૨૦/૦૬/૨૦૨૬ની રાત્રિથી તા. ૨૧/૦૬/૨૦૨૬ના વહેલી સવાર દરમિયાન અજાણ્યા ચોર ઈસમે ફરિયાદીના મકાનમાં પ્રવેશ કરી રૂ. ૨૨,૦૦૦/- ની કિંમતનો મોટોરોલા કંપનીનો મોબાઈલ ફોન ચોરી લીધો હતો. આ સંદર્ભે વઘઈ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ (BNS) ની કલમ ૩૦૫(એ) અને ૩૩૧(૪) મુજબ ગુનો નોંધાયો હતો. ગુનો નોંધાયા બાદ પોલીસ ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે સઘન તપાસ શરૂ કરી હતી.પોલીસની સતત અને અસરકારક તપાસના અંતે ચોરાયેલો મોબાઈલ ફોન શોધી કાઢવામાં આવ્યો હતો. ત્યારબાદ જરૂરી કાયદેસરની કાર્યવાહી ત્વરિત પૂર્ણ કરીને મોબાઈલ ફોન તેના મૂળ માલિકને સુરક્ષિત રીતે પરત સોંપવામાં આવ્યો હતો.

### અમરેલી જિલ્લામાં સૌથી ચર્ચામાં રહેલો કિસ્સો

## મોટા આંકડીયા ગામે ૫ વર્ષ ના બાળકનું અપહરણ : અમરેલી પોલીસની કાબિલેદાદ કામગીરી, અપહૃત બાળકને ૧૫ કલાકમાં છોડાવીને પરિવારને સોંપ્યું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી ના મોટા આંકડિયાથી અપહરણ કરાયેલા બાળકને શોધવા પોલીસે ૧૭૦ જેટલા CCTV કેમેરા ચેક કર્યા હતા, મધ્યપ્રદેશના લલિત નામના આરોપીની ધરપકડ.અમરેલી પોલીસે અપહૃત બાળકને ૧૫ કલાકમાં છોડાવીને પરિવારને સોંપ્યું.અમરેલી પોલીસે અપહૃત બાળકને ૧૫ કલાકમાં છોડાવીને પરિવારને સોંપ્યો.અમરેલી મોટા આંકડીયા



ગામેથી પાંચ વર્ષના એક બાળકનું અપહરણ થયું હતું. અમરેલી પોલીસે અપહૃત બાળકને છોડાવવા માટે તાત્કાલિક ઓપરેશન હાથ ધરીને માત્ર ૧૫ કલાકમાં જ બાળકને સલામત રીતે શોધી કાઢ્યું હતું અને પરિવારને સોંપી દીધું હતું. બાળક પરત મળતાં પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.અમરેલી પોલીસના જણાવ્યા અનુસાર, મધ્યપ્રદેશના એક પરિવાર સાથે છેલ્લા છ માસથી ઓળખાણ ધરાવતા એક શખ્સે પરિવારનો વિશ્વાસ કેળવ્યો હતો. બાળકના પરિવાર સાથે ઓળખ કેળવીને આરોપી લલિત પાંચ વર્ષના બાળકને બાઈક પર બેસાડીને બહાર લઈ ગયો હતો. જો કે, બાળક નજરે ન પડતાં પરિવારજનોમાં ભારે ચિંતા ફેલાઈ હતી અને સમગ્ર મામલે અમરેલી તાલુકા પોલીસને જાણ કરી હતી.મોટા આંકડિયાથી અપહરણ કરાયેલા બાળકને શોધવા પોલીસે 170 જેટલા CCTV કેમેરા ચેક કર્યા હતા બાળકના અપહરણની ગંભીર ઘટનાની જાણ થતાં જ અમરેલી પોલીસ તંત્ર દોડતું થયું હતું. બનાવની ગંભીરતા ધ્યાને લઈ DYSP ચિરાગ દેસાઈના નેતૃત્વ હેઠળ અમરેલી તાલુકા પોલીસ અને LCBની અલગ-અલગ પાંચ ટીમો બનાવવામાં આવી હતી. પોલીસની વિવિધ ટીમોએ બાળકને વહેલી તકે શોધી કાઢવા માટે અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી હતી. ૧૭૦જેટલા CCTV કેમેરા ચકાસ્યા: બાળકને લઈ આરોપી કઈ દિશામાં ગયો, તે જાણવા માટે પોલીસે મોટા આંકડીયા ગામથી લઈને આસપાસના વિસ્તારોમાં આવેલા CCTV કેમેરાના ફૂટેજની ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી. પોલીસની ટીમોએ અમરેલીના 'નેત્ર' કેમેરા સિસ્ટમ તેમજ રાજકોટ જિલ્લાના 'નેત્ર' કેમેરાના ફૂટેજ પણ ચકાસ્યા હતા. પોલીસ દ્વારા અંદાજે ૧૭૦ જેટલા CCTV કેમેરાના ફૂટેજની ચકાસણી કરવામાં આવી હતી. સતત ૧૫ કલાકની મહેનત બાદ પોલીસને આરોપીની હિલચાલ અંગે મહત્વપૂર્ણ કડી મળી હતી. CCTV ફૂટેજના આધારે આરોપી જેતપુર તરફ ગયો હોવાનું પોલીસના ધ્યાને આવ્યું હતું. વીરપુરથી પોલીસે દબોચી લીધો આરોપી: CCTV ફૂટેજમાંથી મળેલી મહત્વપૂર્ણ કડીના આધારે પોલીસની ટીમે તપાસ આગળ ધપાવી હતી અને જેતપુરના વીરપુર વિસ્તારમાં પહોંચી હતી. અંતે પોલીસે મધ્યપ્રદેશના લલિત નામના આરોપીને ઝડપી પાડ્યો હતો અને તેની પાસેથી અપહરણ કરાયેલા પાંચ વર્ષના બાળકને પણ મુક્ત કરીને તેના પરિવારને સોંપ્યો હતો. ૧૫ કલાક બાદ ગૂમ થયેલો પોતાનો બાળક પરત મળી આવતા પરિવારજનોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો.

## જાફરાબાદથી ગાંધીનગર જતી ST બસ નવા ગીરીયા નજીક અકસ્માતગ્રસ્ત બની

### અમરેલી ST બસ અકસ્માતમાં ડ્રાઈવરની બેદરકારી સામે આવી



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદથી ગાંધીનગર જતી ST બસ નવા ગીરીયા નજીક અકસ્માતગ્રસ્ત બની હતી. બસ રોડની નીચે ઉતરી જતા અકસ્માત સર્જાયો હતો. ઘટનાની તપાસ દરમિયાન બસના ડ્રાઈવર ભાવેશભાઈ બોચીયા નશાની હાલતમાં હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું.પોલીસના જણાવ્યા મુજબ, ડ્રાઈવરે કેફી પીણું પીધેલી હાલતમાં બસ ચલાવી હોવાનું નોંધાયું છે. ઉપરાંત ડ્રાઈવર પાસે કોઈ પાસ-પરમિટ ન હોવાનું પણ તપાસમાં સામે આવ્યું હતું.આ સમગ્ર મામલે પોલીસે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૬(૧)(B) હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ST બસ અકસ્માત બાદ ડ્રાઈવરની બેદરકારી સામે આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી છે.

## સુરત ખાતે ગુજરાત હાઈકોર્ટની બેન્ચ સ્થાપવાની માંગ ,આહવા-ડાંગ બાર એસોસિએશન મેદાનમાં

સુશીલ પવાર | ડાંગ

દક્ષિણ ગુજરાતના નાગરિકોને ન્યાય મેળવવામાં પડતી મુશ્કેલીઓ અને લાંબા અંતરની હાલાકીને ધ્યાને રાખીને સુરત ખાતે નામદાર ગુજરાત હાઈકોર્ટની બેન્ચ સ્થાપવાની માંગણી વધુ બુલંદ બની રહી છે. આ ઝુંબેશના ભાગરૂપે આહવા-ડાંગ બાર એસોસિએશન દ્વારા એક ખાસ બેઠકનું આયોજન કરી, સુરત ખાતે હાઈકોર્ટની બેન્ચ સ્થાપવાની માંગને સર્વાનુમતે મંજૂરી આપી સત્તાવાર સમર્થન જાહેર કરતો મહત્વપૂર્ણ ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. હાલ ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ ખાતે આવેલી હોવાથી દક્ષિણ ગુજરાતના પક્ષકારો અને વકીલોને અપીલ કે અન્ય ન્યાયિક કામગીરી માટે વારંવાર લાંબી મુસાફરી કરવી પડે છે.આહવા-ડાંગ જિલ્લાની વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિ અંગે જણાવતા બાર એસોસિએશને સ્પષ્ટ કર્યું છે કે, ડાંગ જિલ્લો ૯૦% થી વધુ આદિવાસી વસ્તી ધરાવતો અને મહારાષ્ટ્ર સરહદે આવેલો સીમાંત જિલ્લો છે. ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવાથી અમદાવાદનું અંતર આશરે ૩૮૦ કિલોમીટર, સુબીરથી ૪૨૦ કિલોમીટર અને વઘઈથી ૩૫૦ કિલોમીટર જેટલું અતિશય દૂર છે. આટલા દૂરના અંતરે હાઈકોર્ટ સુધી પહોંચવામાં પક્ષકારો તેમજ વકીલોનો પુષ્કળ સમય, નાણાં અને



માનવશક્તિનો વ્યય થાય છે. જો સુરત ખાતે ગુજરાત હાઈકોર્ટની બેન્ચ સ્થાપવામાં આવે તો ડાંગ સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના નાગરિકો માટે ન્યાય મેળવવાની પ્રક્રિયા અત્યંત સુગમ, ઝડપી અને ઓછી ખર્ચાળ બનશે. ઉલ્લેખનીય છે કે, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના દક્ષિણ ગુજરાતમાંથી ચૂંટાયેલા ૮ સભ્યોમાં હિતેશ પટેલ, ભાવેશ રબારી, હરેશ નાકરાણી, પ્રીતિ જોશી, હિરલ પાનવાલા, ઝકી શેખ, વંદના ભટ્ટ અને પ્રવીણ પટેલના સંકલનથી દક્ષિણ ગુજરાતના વિવિધ બાર એસોસિએશનોને એક તાંતણે બાંધવા 'Get Together' બેઠક યોજવામાં આવી હતી. આ અભિયાનમાં દક્ષિણ ગુજરાતના ૪૦થી વધુ બાર એસોસિએશનો જોડાયા છે, જેના સમર્થનમાં હવે આહવા બાર એસોસિએશન પણ સત્તાવાર રીતે સહભાગી બન્યું છે.બાર એસોસિએશન દ્વારા આ લોકહિતની માંગણીના ઠરાવની સત્તાવાર પ્રમાણિત નકલો ગુજરાતના રાજ્યપાલ,મુખ્યમંત્રી, માનનીય ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, માનનીય કાયદા મંત્રી, નામદાર ગુજરાત હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ, બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાતના તમામ માનનીય લોકસભા/ રાજ્યસભાના સાંસદો અને ધારાસભ્યોને યોગ્ય વહીવટી તથા કાયદેસરની કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવી છે.

## બનાસકાંઠામાં 'દિવ્યાંગ સેવાસેતુ' અભિયાન: સરકારી યોજનાઓના લાભ માટે તાલુકા કક્ષાએ યોજાશે વિશેષ તપાસ કેમ્પ

માહીતી બ્યુરો, પાલનપુર | ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭થી દિવ્યાંગ કલ્યાણની વિવિધ યોજનાઓનો લાભ મેળવવા માટે યુનિક ડિસેબિલિટી આઈડી (UDID) અથવા તેના એનરોલમેન્ટ નંબરને ફરજિયાત કરવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં કોઈપણ દિવ્યાંગજન સરકારી યોજનાકીય લાભથી વંચિત ન રહે તે હેતુથી જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ 'દિવ્યાંગ સેવાસેતુ' અંતર્ગત તાલુકાવાર દિવ્યાંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે દિવ્યાંગજનોએ હજુ સુધી UDID માટે રજીસ્ટ્રેશન કરાવ્યું નથી અથવા અગાઉનું દિવ્યાંગતા પ્રમાણપત્રની મુદત પૂર્ણ થઈ ગઈ છે, તેઓને આ કેમ્પનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે. કેમ્પ દરમિયાન નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા જરૂરી તબીબી તપાસ કરી દિવ્યાંગતા પ્રમાણપત્ર તથા UDID કાર્ડ મેળવવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે અને વિવિધ દિવ્યાંગલક્ષી યોજનાઓ અંગે જરૂરી માર્ગદર્શન તથા સહાય પૂરી પાડવામાં આવશે.આ કેમ્પનું આયોજન દાંતીવાડા ખાતે તા. ૦૭ સપ્ટેમ્બર, ડીસા ખાતે તા. ૦૮ સપ્ટેમ્બર, કાંકરેજ/થરાદ માટે થરા ખાતે તા. ૧૦ સપ્ટેમ્બર, વડગામ ખાતે તા. ૧૪ સપ્ટેમ્બર, અમીરગઢ/પાલનપુર માટે પાલનપુર ખાતે તા. ૧૬ સપ્ટેમ્બર, ધાનેરા ખાતે તા. ૧૭ સપ્ટેમ્બર તથા દાંતા/અંબાજી માટે અંબાજી ખાતે તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાશે. અત્યાર સુધી યોજાયેલા કેમ્પોમાં કુલ ૫૮૯ દિવ્યાંગજનોની તપાસ કરવામાં આવી છે, જેમાં ઓર્થોપેડિક, મનોદિવ્યાંગ તથા અંધત્વ સહિતની દિવ્યાંગતા અંગેની તપાસ હાથ ધરવામાં આવી છે અને કુલ ૨૮૧ લાભાર્થીઓને દિવ્યાંગતા પ્રમાણપત્ર આપવામાં આવ્યા છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દિવ્યાંગજનોને પ્રમાણપત્ર મેળવવાની પ્રક્રિયા સરળ બને અને સરકારી યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તે માટે આ સેવાસેતુ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.કેમ્પમાં આવતા દિવ્યાંગજનોએ પાસપોર્ટ સાઇઝના બે ફોટા, ઓરિજિનલ આધારકાર્ડ ચકાસણી માટે, આધારકાર્ડની એક ઝેરોક્ષ નકલ તથા આધારકાર્ડ સાથે લિંક થયેલ મોબાઈલ ફોન સાથે લાવવાનો રહેશે, જેથી જરૂરી OTP પ્રક્રિયા પૂર્ણ કરી શકાય. દિવ્યાંગ ભાઈ-બહેનો સમયસર અને જરૂરી દસ્તાવેજો સાથે ઉપસ્થિત રહી કેમ્પનો લાભ લે તેવી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. દિવ્યાંગજનોને અધિકાર, સન્માન અને સરકારી સેવાઓનો લાભ સુલભ રીતે મળી રહે તે માટે જિલ્લા તંત્ર દ્વારા જરૂરી માર્ગદર્શન અને સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

## પાલનપુર અને વડગામ તાલુકામાં દિવાળી નિમિત્તે હંગામી ફટાકડા પરવાના મેળવવા ૨૫ સપ્ટેમ્બર સુધી અરજી કરી શકાશે

માહિતી બ્યુરો, પાલનપુર | આગામી દિવાળીના તહેવાર નિમિત્તે પાલનપુર અને વડગામ તાલુકામાં ફટાકડાના વેચાણ માટે હંગામી પરવાનો મેળવવા ઈચ્છતા વેપારીઓ તથા નાગરિકો માટે સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, પાલનપુરની કચેરી દ્વારા અગત્યની જાહેરાત કરવામાં આવી છે. જે મુજબ, હંગામી ફટાકડા પરવાનો મેળવવા ઈચ્છુકોએ પાલનપુર સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ કચેરી ખાતેથી કચેરીના કામકાજના દિવસો દરમિયાન (જાહેર રજાઓ સિવાય) નિયત નમૂનાનું અરજી ફોર્મ 'AE-5' મેળવી લેવાનું રહેશે. આ અરજી ફોર્મ સંપૂર્ણ વિગતો સાથે ભરીને જરૂરી તમામ આધાર-પુરાવા સહિત સંબંધિત તાલુકાના જનસેવા કેન્દ્ર ખાતે મોડામાં મોડા તા. ૨૫/૦૯/૨૦૨૬ સુધીમાં રૂબરૂ જમા કરાવવાનું રહેશે. હંગામી ફટાકડા પરવાના માટે નિયત નમૂનાનું અરજી ફોર્મ પૂર્ણ વિગતો સાથે ચાર નકલમાં રજૂ કરવાનું રહેશે. પરવાનાની બિન-પરત (Non-refundable) ફી પેટે રૂ. ૯૦૦/- '૦૦૭૦ અન્ય વહીવટી સેવાઓ' સદરે સરકારી તિજોરીમાં જમા કરાવી તેનું અસલ ચલણ અરજી સાથે જોડવાનું રહેશે. આ ઉપરાંત, જે જગ્યા પર ફટાકડાનું વેચાણ કરવાનું હોય તેની માલિકીના આધાર પુરાવા અને જો જગ્યા ભાડે રાખેલી હોય તો ભાડાચિઠ્ઠી ચાર નકલમાં રજૂ કરવાની રહેશે. સાથે જ માંગણીવાળી જગ્યાનો બ્લુ પ્રિન્ટ નકશો/પ્લાન પણ ચાર નકલમાં રજૂ કરવો પડશે, જેમાં દુકાનનું ક્ષેત્રફળ, સ્ટોરેજ ક્ષમતા (કેપેસિટી), એપ્રોચ રોડ, આસપાસની ચારેય બાજુની સ્થળ-સ્થિતિ તેમજ વીજળી વાયરિંગ-ફિટિંગની સ્પષ્ટ વિગતો દર્શાવેલી હોવી આવશ્યક છે. અરજદારે ફોર્મની પ્રથમ નકલ પર નિયત કોર્ટ ફી સ્ટેમ્પ અને પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ લગાવવાનો રહેશે. સલામતીના ભાગરૂપે અરજદારે એક્સપ્લોઝિવ રૂલ્સ-૨૦૦૮ (Explosive Rules-2008) તેમજ ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ એક્ટ-૨૦૧૩ અન્વયે ફાયર સેફ્ટીના તમામ નિયમોનું પાલન કરવાનું રહેશે અને સંબંધિત સક્ષમ સત્તામંડળ પાસેથી મેળવેલું અસલ ફાયર સેફ્ટી એન.ઓ.સી. (NOC) અરજી સાથે રજૂ કરવું ફરજિયાત છે. જો ફાયર સેફ્ટી એન.ઓ.સી. રજૂ કરવામાં ચૂક થશે તો અરજી આપોઆપ નામંજૂર થશે અને જમા કરાવેલી ફી પરત મળશે નહીં.

## SRP જૂથ-03 મડાણા ખાતે આંતરજૂથ ખો-ખો અને કબડ્ડી સ્પર્ધા-૨૦૨૬ ભવ્ય સમાપન: પોલીસ અધિક્ષકશ્રી પ્રશાંત સુમ્બે સહિતના મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિ

માહીતી બ્યુરો, પાલનપુર | રાજ્ય અનામત પોલીસ દળ, જૂથ-૦૩, મડાણા ખાતે તા. ૦૭ થી ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન આયોજિત વાર્ષિક આર્મ્ડ યુનિટ આંતરજૂથ ખો-ખો અને કબડ્ડી સ્પર્ધા-૨૦૨૬નો સમાપન સમારોહ તા. ૧૧/૦૯/૨૦૨૬ના રોજ યોજાયો હતો. કાર્યક્રમમાં અતિથિ વિશેષતરીકે બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પ્રશાંત સુમ્બે તેમજ બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી વસંતભાઈ પુરોહિતની વિશેષ ઉપસ્થિતમા કાર્યક્રમ યોજાયો હતો.આ સ્પર્ધામાં આશરે ૨૨ આર્મ્ડ યુનિટની ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર સ્પર્ધા દરમિયાન શિસ્તબદ્ધ અને ખેલદિલીભર્યો માહોલ જોવા મળ્યો હતો. ખો-ખો ટૂર્નામેન્ટમાં યજમાન ટીમ મડાણા વિજેતા બની હતી, જ્યારે કબડ્ડી ટૂર્નામેન્ટમાં ટીમ વાલીયા અને ટીમ મહેસાણા વચ્ચે રોમાંચક ફાઈનલ મુકાબલો યોજાયો હતો. કબડીમાં ટીમ વાલીયા ગૃપ ફાઈનલ વિજેતા થઈ હતી. વિજેતા ટીમોને મહાનુભાવોના હસ્તે ટ્રોફી એનાયત કરી સન્માનિત કરવામાં આવી હતી. આ પ્રસંગે સેનાપતિશ્રી આર.એલ. ડાંખરાએ આયોજન સમિતિના સભ્યોની કામગીરીને બિરદાવી પ્રશંસાપત્રો અને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કર્યા હતા.કાર્યક્રમ દરમિયાન પોલીસ બેન્ડની સુમધુર સુરાવલી વચ્ચે વિજેતા ટીમોના સન્માન સમારોહ સાથે ક્લોઝિંગ ફ્લેગ માર્ચ પાસ્ટ યોજાયો હતો, જેના કારણે સમાપન સમારોહને વિશેષ ભવ્યતા પ્રાપ્ત થઈ હતી. સેનાપતિશ્રી આર.એલ. ડાંખરા, એસ.આર.પી. જૂથ-૦૩, મડાણા તથા સમગ્ર મેનેજમેન્ટ કમિટીના સુવ્યવસ્થિત આયોજન અને અથાગ પ્રયત્નોથી આર્મ્ડ યુનિટ આંતરજૂથ ખો-ખો અને કબડ્ડી સ્પર્ધા-૨૦૨૬ સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.આ પ્રસંગે બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના બોર્ડ મેમ્બર તથા બનાસકાંઠા કરાટે એન્ડ ફૂટબોલ એસોસિએશનના પ્રેસિડેન્ટ શ્રી હરેષભાઈ ચૌધરી, બનાસકાંઠા જિલ્લા પંચાયતની એજ્યુકેશન કમિટીના ચેરપર્સન શ્રીમતી પ્રિયંકાબેન ચૌહાણ, નાયબ પોલીસ અધિક્ષક શ્રી સી.એલ. સોલંકી, SDPO ડીસા સહિતના મહાનુભાવો અને પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## BLO મતદારો માટે ચૂંટણી પંચનું જીવંત પ્રતિબિંબ છે: મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી જ્ઞાનેશ કુમાર

દિપક રાવલ દાહોદ લીમખેડા

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી જ્ઞાનેશ કુમારે ગુજરાત યુનિવર્સિટીના અટલ કલામ હૉલ ખાતે યોજાયેલા 'ઈન્ટરેકશન વિથ બુથ લેવલ ઓફિસર' કાર્યક્રમમાં ગુજરાતના બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) સાથે સંવાદ કરતાં જણાવ્યું હતું કે ભારતની ચૂંટણી પ્રક્રિયા ભારતના બંધારણ, ચૂંટણી કાયદાઓ અને ચૂંટણી પંચના નિર્દેશો અનુસાર જ હાથ ધરવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયાને જમીની સ્તરે મતદારો સુધી પહોંચાડવાનું સૌથી મહત્વપૂર્ણ કાર્ય BLO કરે છે.શ્રી જ્ઞાનેશ કુમારે BLOને ચૂંટણી પંચના પરિવારના સૌથી મહત્વપૂર્ણ સભ્યો ગણાવી જણાવ્યું હતું કે જ્યારે BLO મતદારના ઘરે જાય છે અથવા મતદાર સાથે ફોન પર વાત કરે છે ત્યારે મતદાર માટે તે જ ચૂંટણી પંચનું પ્રતિબિંબ હોય છે. ભારત જેવા વિશાળ લોકતાંત્રિક દેશમાં કરોડો મતદારો સુધી પહોંચીને તેમની મતદાર યાદીમાં યોગ્ય નોંધણી, સુધારા અને મતદાન સુનિશ્ચિત કરવામાં BLOની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે.તેમણે જણાવ્યું હતું કે દેશના આશરે ૯૦ કરોડ મતદારોની અપેક્ષાઓ અને અધિકારો સાથે જોડાયેલી ચૂંટણી પ્રક્રિયાને સુચારૂ રીતે પાર પાડવા માટે દેશભરમાં ૧૧ લાખથી વધુ BLO સતત કાર્યરત છે. ચૂંટણી પંચના વિશાળ પરિવાર સાથે સતત સંવાદ જળવાઈ રહે તે માટે તાલીમ, બેઠક અને ECI-Net જેવા ડિજિટલ માધ્યમોનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.મુખ્ય ચૂંટણી કમિશનરે મતદાર યાદીની પારદર્શિતા



અંગે જણાવ્યું હતું કે મતદાર યાદીની પ્રક્રિયામાં રાજકીય પક્ષો અને તેમના બૂથ લેવલ એજન્ટ્સની ભાગીદારીથી સતત ચકાસણી થાય છે. મતદાર યાદીમાં Absent, Shifted, Dead, Duplicate અને Foreigner(ASDDF) જેવા કિસ્સાઓની ઓળખ સાથે યોગ્ય મતદારોનું નામ યાદીમાં રહે તે સુનિશ્ચિત કરવાનું કાર્ય BLO દ્વારા કરવામાં આવે છે.તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ૧૮ વર્ષ પૂર્ણ કરનાર દરેક પાત્ર ભારતીય નાગરિકનું નામ મતદાર યાદીમાં હોવું જોઈએ.તેમણે મતદાન પ્રક્રિયાની પારદર્શિતા સમજાવતા જણાવ્યું હતું કે મતદાન શરૂ થાય તે પહેલાં મૉક પોલ દરમિયાન ઉમેદવારોના પોલિંગ એજન્ટ્સની હાજરીમાં EVM અને VVPATની ચકાસણી કરવામાં આવે છે. મતદાન પૂર્ણ થયા બાદ પણ ઉમેદવારોના એજન્ટ્સની હાજરીમાં EVMના પરિણામ સંબંધિત પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે છે અને જરૂરી દસ્તાવેજો પર સહી કરવામાં આવે છે. તેવી જ રીતે મતગણતરી દરમિયાન પણ ઉમેદવારોના કાઉન્ટિંગ એજન્ટ્સની હાજરીમાં EVMમાં નોંધાયેલા મત અને ફોર્મ 17Cમાં દર્શાવાયેલા મતની ચકાસણી કરવામાં આવે છે. તેમણે જણાવ્યું કે ભારતની ચૂંટણી પ્રક્રિયાના દરેક તબક્કે રાજકીય પક્ષો, ઉમેદવારો અથવા તેમના એજન્ટ્સ દ્વારા સતત ચકાસણી થાય છે. આથી ભારતની ચૂંટણી પ્રક્રિયા વિશ્વની સૌથી પારદર્શક ચૂંટણી પ્રક્રિયાઓમાંની એક છે.



# શું શેરોનને ડેટ કરી રહ્યા છે સમય રૈના?:સવાલ પર કોમેડિયને આપ્યો જવાબ

(એજન્સી) મુંબઇ | તા.11

કોમેડિયન સમય રૈનાનું નામ છેલ્લા કેટલાક દિવસોથી કોમેડિયન શેરોન વર્મા સાથે જોડાઈ રહ્યું છે. ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટની પ્રથમ સીઝનમાં સ્પર્ધક તરીકે પહોંચેલી શેરોન, ટેલેન્ટ સીઝન 2ના તાજેતરમાં રિલીઝ થયેલા એપિસોડમાં પેનલિસ્ટ તરીકે આવી હતી. ત્યારે દાવો કરવામાં આવ્યો કે એપિસોડનું શૂટિંગ પૂરું થયા પછી પણ સમય રૈના ત્યાં બેસીને કલાકો સુધી શેરોન સાથે વાત કરતા રહ્યા. ત્યારથી જ બંનેના લિંક-અપના સમાચાર તેજ બન્યા. હવે સમયએ પોતે આ અંગે પ્રતિક્રિયા આપી છે.


સમય રૈનાએ તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર 'આસ્ક મી એનીથિંગ' સેશન રાખ્યું હતું. તેમાં એક યુઝરે પૂછ્યું - શું તમે શેરોન વર્માને ડેટ કરી રહ્યા છો? જવાબમાં સમયએ લિંક-અપના સમાચારોને નકારી કાઢતા કહ્યું, "ના ભાઈ, બસ ઈન્ટરનેટ પોતાનું કામ કરી રહ્યું છે." તાજેતરના એક એપિસોડમાં શેરોન, ઓરી અને અર્ચના પૂરન સિંહ સાથે પેનલિસ્ટ તરીકે જોવા મળી હતી. શોમાં સમય, શેરોન સાથે મજાક મસ્તી કરતા જોવા મળ્યા. બંનેની મજેદાર વાતચીત અને નજર મળ્યા પછી ચાહકોએ ઈન્સ્ટાગ્રામ પર રોમેન્ટિક એડિટ બનાવવાનું શરૂ કરી દીધું. આ પછી સોશિયલ મીડિયા પર બંનેના ડેટિંગ કરવાની અફવાઓ ફેલાઈ ગઈ.

શેરોન વર્મા પહેલા સમયનું નામ '12th ફેલ'ની અભિનેત્રી મેધા શંકર સાથે પણ જોડાઈ ચૂક્યું છે. શોમાં મેધાને પોતાની સૌથી સારી મિત્ર ગણાવવા અને તેમની સાથે નરમ વ્યવહાર કરવા પર ડેટિંગની અટકળો શરૂ થઈ હતી.

ગયા વર્ષે ફેબ્રુઆરીમાં સમય રૈનાનો શો 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'ની પ્રથમ સીઝન વિવાદોમાં ઘેરાઈ ગઈ હતી. શોમાં રણવીર અલ્હાબાદિયાએ માતા-પિતા વિશે અભદ્ર ટિપ્પણી કરી હતી. જેના પછી સમય રૈના સહિત શો સાથે સંકળાયેલા તમામ લોકો વિરુદ્ધ દેશભરમાં ઘણી ફરિયાદો નોંધાઈ. મામલો કોર્ટ સુધી પહોંચ્યો અને સમય રૈનાને શોના તમામ એપિસોડ હટાવવા પડ્યા. સમયએ લાંબા સમય સુધી કોઈ કન્ટેન્ટ પોસ્ટ કર્યું નહીં.

15 ઑગસ્ટે દિવ્યાંગો વિરુદ્ધ ટિપ્પણીના કેસમાં સુપ્રીમ કોર્ટે કોમેડિયન સમય રૈના સહિત પાંચ લોકો સામે દાખલ કેસ રદ કર્યા. સુપ્રીમ કોર્ટે દિવ્યાંગોમાં જાગૃતિ લાવવાના પ્રયાસો બદલ આ કોમેડિયન્સની પ્રશંસા કરી. અદાલતે દિવ્યાંગો અને સ્પાઈનલ મસ્ક્યુલર એટ્રોફી (SMA) જેવી ગંભીર બીમારીથી પીડિત લોકો માટે ચેસ ટુર્નામેન્ટ યોજવા પર કહ્યું કે આ પ્રતિભાશાળી યુવાનો છે. વિવાદ પછી સમય રૈનાએ 17 એપ્રિલ 2026ના રોજ સ્ટેન્ડ-અપ કોમેડી શો સ્ટિલ અલાઈવથી કમબેક કર્યું. શોમાં તેમણે વિવાદ અને કેસ વિશે વાત કરી. શોની વચ્ચે સમય ભાવુક પણ થઈ ગયા. આ વીડિયોને તેમની યુટ્યુબ ચેનલ પર 71 મિલિયનથી વધુ વ્યૂઝ મળ્યા છે.

જૂન 2026માં નેટફ્લિક્સે ઈન્ડિયાઝ ગોટ લેટન્ટ 2ની જાહેરાત કરી. 20 જૂન 2026ના રોજ નેટફ્લિક્સ અને યુટ્યુબ પર એકસાથે લેટન્ટ 2નો પહેલો એપિસોડ સ્ટ્રીમ કરવામાં આવ્યો, જેમાં આલિયા ભટ્ટ અને શર્વરી વાઘ પેનલ ગેસ્ટ તરીકે પહોંચ્યા.




# બિપાશા બાસુના પ્રોટીન ડ્રિંકમાં ઈયળ

## તુકારામ મુંઢે પાસે મદદ માંગી, કહ્યું- તમે અમારી એકમાત્ર આશા છો

(એજન્સી) મુંબઇ | તા.11

અભિનેત્રી બિપાશા બાસુને પ્રોટીન પાઉડરના નવા ખુલ્લા જારમાં નાની-નાની ઈયળો દેખાઈ છે. તેમણે તેનો વીડિયો ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર શેર કર્યો. બિપાશાએ મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના કમિશનર તુકારામ મુંઢેને ટેગ કર્યા અને મામલામાં દખલ દેવાની અપીલ કરી.

બિપાશાએ ડ્રિંકના વીડિયો સાથે લખ્યું છે, 'તુકારામ મુંઢે તમે જ અમારી એકમાત્ર આશા છો. જેથી અમે જે પણ વસ્તુઓ ખરીદીએ, તેમાં ખરાબ કે ભેળસેળવાળો સામાન ન મળે.'

વીડિયોમાં બિપાશાએ પોતાની આંગળી પર એક નાની ઈયળ બતાવી. તેણે કહ્યું, 'આ આઈસોપ્યોરમાં નાની-નાની ઈયળો છે. ખૂબ જ નાની ઈયળ. આ નવો ડબ્બો છે, જેને અમે હમણાં જ ખોલ્યો છે.' આ પછી તેણે આંગળી પર ઈયળ બતાવતા કહ્યું, 'આ રહી ઈયળો, આમાં આવી જ ઈયળો ભરેલી છે.'

શ્વેતા તિવારીએ તાજેતરમાં ઓનલાઈન એનર્જી ડ્રિંક ઓર્ડર કરી હતી. જ્યારે ઓર્ડર ખોલવામાં આવ્યો, ત્યારે તેમાં કોકરોચ મળતા અભિનેત્રી ગભરાઈ ગઈ. અભિનેત્રીએ વીડિયો જાહેર કરીને મહારાષ્ટ્રમાં ફૂડ સેફ્ટી કાર્યવાહીથી ચર્ચામાં રહેલા FDA ઓફિસર તુકારામ મુંઢેને સવાલ કર્યો છે. ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પરથી શેર કરવામાં આવેલા વીડિયોમાં શ્વેતા તિવારીએ કહ્યું, 'અમે ઈન્સ્ટામાર્ટથી રેડબુલ મંગાવ્યું. પરંતુ ઈન્સ્ટામાર્ટથી અમારા ઘરમાં આ (કોકરોચ) પણ આવ્યું. કોકરોચ આખા ઘરમાં ભાગી રહ્યું છે.'

બીજા વીડિયોમાં શ્વેતાએ વંદો બતાવ્યો અને કહ્યું, 'શું આપણે તુકારામ મુંઢેજીને ટેગ કરવા જોઈએ? મુંઢેજી, આ અમારા ઘરમાં ઈન્સ્ટામાર્ટમાંથી વંદા આવી રહ્યા છે. તમે ક્યાં છો, ધ્યાન આપો.'

તાજેતરમાં મુંબઈમાં અભિનેત્રી પ્રીતિ ઝિન્ટાને કાળી ટી-શર્ટ પહેરેલી જોવા મળી હતી. આ ટી-શર્ટ પર 'ટીમ તુકારામ મુંઢે' લખેલું હતું. તેમના આ કપડાને અધિકારીના ફૂડ સેફ્ટી અભિયાનના સમર્થન તરીકે જોવામાં આવ્યું.

મુંઢેના નિરીક્ષણ પર ચાલી રહેલી ચર્ચાને લઈને ટ્વિંકલ ખન્નાએ પણ પોતાની વાત રજૂ કરી હતી. એક પોસ્ટમાં અભિનેત્રીમાંથી લેખિકા બનેલી ટ્વિંકલે લખ્યું, 'શું કોઈ સરકારી અધિકારીને ફક્ત પોતાનું કામ કરતા જોવું એટલી અનોખી વાત છે કે તે સમાચાર બની ગઈ છે?'

સલમાન ખાને પોતાની મિત્ર સૃષ્ટિ સાહનીના મુંબઈના બાંદ્રામાં ખુલેલા નવા કેફે 'ધ ટક શોપ એટ સેવિયોઝ'નો વીડિયો શેર કર્યો. સાથે જ સલમાને મિત્રને કેફેની સ્વચ્છતા જાળવી રાખવા માટે મજાકિયા અંદાજમાં ચેતવણી આપી. સલમાને લખ્યું, "સૃષ્ટિ, મારી કોફી રિફિલ કરજે પ્લીઝ. કિંમત વધારતી નહીં, ગુણવત્તા જાળવી રાખજે. સ્વચ્છતા જાળવી રાખજે, નહીં તો હું HIM ને મોકલી દઈશ અને કામ થઈ જશે, બહેન."

સલમાને કોઈનું નામ લીધું નથી, પરંતુ "HIM" નો ઈશારો મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) કમિશનર તુકારામ મુંઢે તરફ માનવામાં આવી રહ્યો છે. આ વાત એવા સમયે સામે આવી છે, જ્યારે મહારાષ્ટ્રમાં ફૂડ સેફ્ટીને લઈને કાર્યવાહી તેજ છે.

# જયા બચ્ચન સાથે સરખામણી તો વખાણ ગણાય: તાપસી પન્નુ



મુંબઈ : કેમેરામેન્સ સાથે તેના રુક્ષ વર્તનને કારણે પોતાને જયા બચ્ચનનાં લાઈટ વર્ઝન તરીકે ઓળખાવવામાં આવે છે તે બાબતે પ્રતિભાવ આપતાં તાપસી પન્નુએ જણાવ્યું હતું કે આ તો મારી પ્રશંસા ગણાય. હું હમેશા માત્ર સારી બાબત જોઉં છું. તે એક સારી એક્ટર અને ખૂબ મજબૂત મહિલા છે. મને તેમની સાથે સરખાવી લોકો તેમની ઉદારતા દાખવી રહ્યા છે. તાપસીએ તેના કેમેરામેન્સ સાથેના તેના અનુભવ બાબતે નિખાલસતાથી વાતો કરતાં જણાવ્યું હતું કે મારી સાચાં ખોટાની સ્પષ્ટ સેન્સને કારણે હું તેમને ગમતી નથી. મારી થોડાં વધારે નમ્ર બનવું જોઈએ પણ તેઓ મારાં નામની બૂમો પાડે છે તે મને ગમતું નથી. મારા માતાપિતા સિવાય કોઈ મારા નામની બૂમ પાડી મને બોલાવતું નથી. તમે મારી નજીક ઉભાં હો તો તમારે તાપસી તાપસી એમ બૂમો શા માટે પાડવી જોઈએ?

તાપસીએ પોતે રોષે ભરાય તે ફોટોગ્રાફર્સ અને તેના માટે કેવી રીતે લાભકારક છે તે સમજાવતાં તાપસીએ હસીને જણાવ્યું હતું કે ક્લિકબેઈટ તરીકે મારી આવી તસવીરો તેમના પેજીસને ચલાવવામાં ઉપયોગી બને છે. હું તેમને વ્યુ મેળવવામાં સહાય કરું છું. મને આનંદ છે કે મારે કારણે તેમના જીવન પર કોઈ અસર થાય છે.

# પ્રિયંકા અને મહેશ બાબુની વારાણસીનું નેવું ટકા શૂટિંગ પુરૂ



**એસ.એસ. રાજામૌલીની 'વારાણસી' ફિલ્મનું 90% શૂટિંગ પૂર્ણ થયું છે. આશરે 1200 કરોડના બજેટવાળી આ ફિલ્મમાં મહેશ બાબુ, પ્રિયંકા ચોપડા અને પૃથ્વીરાજ સુકુમારન મુખ્ય ભૂમિકામાં છે. મુંબઈ અને આફ્રિકામાં શૂટિંગ કરાયેલી આ ફિલ્મ 7 એપ્રિલ 2027ના રોજ રિલીઝ થશે. હાલ ડબિંગ અને એડિટિંગનું કાર્ય પ્રગતિમાં છે.**

મુંબઈ : એસએસ રાજામૌલી નિર્દેશિત ફિલ્મ વારાણસીનું નેવું ટકા શૂટિંગ પુરૂ થઈ ચૂક્યું છે. આ ફિલ્મને ૭ એપ્રિલ ૨૦૨૭ના રોજ થિયેટર્સમાં રજૂ કરવામાં આવશે.આ ફિલ્મમાં મહેશ બાબુ, પ્રિયંકા ચોપડા અને પૃથ્વીરાજ સુકુમારન મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.

૨૦૨૭ના રોજ થિયેટર્સમાં રજૂ કરવામાં આવશે.આ ફિલ્મમાં મહેશ બાબુ, પ્રિયંકા ચોપડા અને પૃથ્વીરાજ સુકુમારન મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ઉચ્ચ કક્ષાના વીએફએક્સ વર્ક અને અનેક શૂટિંગ શેડ્યુલ ધરાવતી આ ફિલ્મનું શૂટિંગ ઓક્ટોબર ૨૦૨૬માં પુરું કરી દેવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. હાલ ફિલ્મનું ડબિંગ, એડિટિંગ અને વિઝ્યુઅલ ઈફેક્ટનું કામ પણ સાથે સાથે ચાલી રહ્યું છે.

# ભુવન બામની ઢિંઢોરા ટુમાં સંજીદા શેખની એન્ટ્રી થઈ...



મુંબઈ : પંજાબ, દિલ્હી અને મુંબઈમાં ફિલ્માવવામાં આવેલો શો 'ઢિંઢોરા ટુ' હાલ પોસ્ટ પ્રોડકશન તબક્કે છે. ટૂંક સમયમાં જોવા મળનારી વેબ સીરિઝ ઢિંઢોરા ટુમાં સંજીદા શેખ કવિતા મામીની ભૂમિકામાં ધમાલ મચાવતી જોવા મળશે.

અગાઉ યુ ટ્યુબ પર બીબી કી વાઈન્સ તરીકે પ્રિમિયર થયેલો આ શોની બીજી સીઝન હવે રજૂ થવા જઈ રહી છે. આ શોની પ્રથમ સીઝનમાં ભુવન બામના મધ્યમ વર્ગના પરિવારને અચાનક લોટરી લાગતાં તેમની જિંદગી ઉંધીચત્તી થઈ જાય છે. હવે શોની બીજી સીઝનમાં આ તરંગી પરિવારની નવી સ્ટોરીઓ રજૂ કરવામાં આવશે. જેમાં ભુવન બામ નવથી દસ જુદાં જુદાં પાત્રો ભજવતો દેખાશે. કવિતા મામી તરીકે સંજીદા શેખનું પાત્ર પણ આ સીઝનમાં મહત્વનું બની રહેશે. કવિતા મામીનું પાત્ર ટીટુ મામાના પાત્ર સાથે સંકળાયેલું છે. આ શોનું નિર્દેશન સ્નેહા શેટ્ટી કોહલીએ કર્યું છે.

# સલીમ ખાનને રાજ કપૂર લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ : બીજી પત્ની હેલને રિસીવ કર્યો, રાની મુખર્જી એવોર્ડ લઈને ભાવુક થઈ; દેવેન્દ્ર ફડણવીસે એવોર્ડ આપ્યો

(એજન્સી) મુંબઇ | તા.11

વેટરન સ્ક્રીનરાઈટર અને લિરિસિસ્ટ સલીમ ખાનને હિન્દી સિનેમામાં તેમના યોગદાન બદલ 62મા મહારાષ્ટ્ર રાજ્ય ફિલ્મ પુરસ્કાર 2026 સમારોહમાં સન્માનિત કરવામાં આવ્યા. બુધવારે સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જોકે સલીમ ખાન પોતે તેમાં હાજર રહ્યા ન હતા. તેમની વતી હેલન એવોર્ડ લેવા પહોંચ્યા હતા. તબિયત ખરાબ હોવાના અનુમાન પર હેલને કહ્યું છે કે તેઓ બિલકુલ ઠીક છે. જ્યારે રાની મુખર્જીને પણ સમારોહમાં એવોર્ડ મળ્યો છે.

સમારોહ બાદ મીડિયા સાથેની વાતચીતમાં હેલને સલીમ ખાનના સ્વાસ્થ્ય વિશે માહિતી આપી. હેલને કહ્યું, "હું સલીમ સાહેબ માટે આ એવોર્ડ મેળવીને આભારી છું. તેમની બધી ફિલ્મો મારી પ્રિય છે. તેમનું સ્વાસ્થ્ય ખૂબ સારું છે. તેઓ ખૂબ જ મજબૂત વ્યક્તિ છે. તેઓ આપ સૌને, સમગ્ર મહારાષ્ટ્ર અને ભારતના લોકોને શુભેચ્છાઓ પાઠવે છે."

હેલન અને સલીમ ખાનનો પ્રોફેશનલ સંબંધ ઘણા દાયકા જૂનો છે. બંનેએ 1963ની ફિલ્મ 'કબલી ખાન'માં પહેલીવાર સાથે કામ કર્યું હતું. આ ફિલ્મમાં હેલને ફીમેલ લીડ રોલ ભજવ્યો હતો. સલીમ ખાન ફિલ્મમાં વિલનના પાત્રમાં જોવા મળ્યા હતા. બંને 1978માં ફિલ્મ 'ડોન' દરમિયાન ફરી સાથે આવ્યા. અમિતાભ બચ્ચન અભિનીત આ ફિલ્મની વાર્તા સલીમ-જાવેદની જોડીએ લખી હતી.

ફિલ્મમાં હેલેને કામિનીનું પાત્ર ભજવ્યું હતું. તે લોકપ્રિય ગીત 'યે મેરા દિલ યાર કા દીવાના'માં પણ જોવા મળી હતી. 'ડોન'ના શૂટિંગ દરમિયાન જ હેલેન અને સલીમ ખાન એકબીજાની નજીક આવ્યા. બંનેએ 1981માં લગ્ન કરી લીધા. તે સમયે સલીમ ખાન પહેલાથી જ સલમા ખાન સાથે પરિણીત હતા અને તેમને ચાર બાળકો હતા. શરૂઆતમાં આ સંબંધને પરિવારના વિરોધનો સામનો કરવો પડ્યો હતો. જોકે, સમય જતાં હેલેન ખાન પરિવારનો મહત્વનો ભાગ બની ગઈ.

રાની મુખર્જીને 62મા મહારાષ્ટ્ર સ્ટેટ ફિલ્મ એવોર્ડ્સ 2026 સમારોહમાં રાજ કપૂર સ્પેશિયલ કન્ટ્રીબ્યુશન એવોર્ડ આપવામાં આવ્યો. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે રાની મુખર્જીને આ પુરસ્કાર આપ્યો. આ પ્રસંગે સાંસ્કૃતિક બાબતોના મંત્રી આશિષ શેલાર અને ફિલ્મ જગત સાથે જોડાયેલા લોકો હાજર રહ્યા.

સન્માન સ્વીકારતા રાણીએ મહારાષ્ટ્ર સાથેના પોતાના જોડાણ વિશે વાત કરી. તેમણે રાજ્યને પોતાની અંગત અને વ્યાવસાયિક યાત્રાનો મહત્વનો ભાગ ગણાવ્યો. રાણીએ કહ્યું, "મારા માટે મહારાષ્ટ્ર માત્ર એક રાજ્ય નથી. મહારાષ્ટ્ર મારી જન્મભૂમિ છે. આ તે જગ્યા છે, જ્યાં મેં મારી કારકિર્દી બનાવી. આ મારી જિંદગીનો અભિન્ન અંગ છે." આગળ તેમણે કહ્યું, 'મુંબઈએ મને મારી ઓળખ આપી. તેણે મને દર્શકો આપ્યા. તેણે મને કારકિર્દી આપી. મુંબઈ મારું ઘર, મારી સુરક્ષિત જગ્યા અને મારી આખી દુનિયા રહી છે. તેથી આ પુરસ્કાર મારા હૃદયમાં ખાસ સ્થાન રાખશે. જ્યારે પણ હું તેને જોઈશ, મને માત્ર એક પુરસ્કાર દેખાશે નહીં. મને મારી મુંબઈ અને મારું મહારાષ્ટ્ર દેખાશે."

સલીમ ખાન 90 વર્ષના છે. તેમનો જન્મ 24 નવેમ્બર 1935ના રોજ થયો હતો. તેઓ હિન્દી સિનેમાના દિગ્ગજ સ્ક્રિપ્ટ રાઈટરમાં ગણાય છે.

સલીમ ખાને પોતાની કારકિર્દીની શરૂઆત એક્ટિંગથી કરી હતી. 1960ના દાયકામાં ફિલ્મ બારાતથી કારકિર્દી શરૂ થઈ, પરંતુ ફિલ્મોમાં તેમને સીમિત અને નાના પાત્રો જ મળ્યા. લગભગ બે ડઝન ફિલ્મોમાં કામ કર્યા પછી તેમને લાગ્યું કે એક્ટિંગ તેમની વાસ્તવિક તાકાત નથી. આ પછી તેમણે લેખન તરફ વળ્યા અને સ્ક્રિપ્ટ રાઈટર બની ગયા.

સલીમ ખાન અને જાવેદ અખ્તરની જોડી 'સલીમ-જાવેદ'ના નામથી પ્રખ્યાત રહી છે. બંનેએ મળીને હિન્દી સિનેમાને ઘણી સુપરહિટ અને યાદગાર ફિલ્મો આપી, જેમ કે ઝંઝીર, દીવાર, શોલે, ડોન અને સીતા ઔર ગીતા. આ ફિલ્મોની દમદાર વાર્તાઓ અને સંવાદો લોકોના દિલમાં વસી ગયા.

તેમની લખેલી સ્ક્રિપ્ટે ફિલ્મોનો અંદાજ બદલી નાખ્યો. તેમણે મજબૂત કિરદારો, સંવાદો અને સામાજિક મુદ્દાઓને વાર્તાનો ભાગ બનાવ્યા. સલીમ-જાવેદની સફળતાથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં લેખકોને નવી ઓળખ અને સન્માન મળ્યું અને તેમને પણ સ્ટાર્સની જેમ મહત્વ મળવા લાગ્યું.

સલીમ-જાવેદ ભારતીય સિનેમાના પહેલા લેખક માનવામાં આવે છે, જેમને 'સ્ટાર સ્ટેટસ' મળ્યું. તેમણે અમિતાભ બચ્ચનની 'એંગ્રી યંગ મેન' ઈમેજને સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી.



## 1960ના દાયકામાં કારકિર્દી શરૂ થઈ હતી

સલીમ ખાન 90 વર્ષના છે. તેમનો જન્મ 24 નવેમ્બર 1935ના રોજ થયો હતો. તેઓ હિન્દી સિનેમાના દિગ્ગજ સ્ક્રિપ્ટ રાઈટરમાં ગણાય છે. સલીમ ખાને પોતાની કારકિર્દીની શરૂઆત એક્ટિંગથી કરી હતી. 1960ના દાયકામાં ફિલ્મ બારાતથી કારકિર્દી શરૂ થઈ, પરંતુ ફિલ્મોમાં તેમને સીમિત અને નાના પાત્રો જ મળ્યા. લગભગ બે ડઝન ફિલ્મોમાં કામ કર્યા પછી તેમને લાગ્યું કે એક્ટિંગ તેમની વાસ્તવિક તાકાત નથી. આ પછી તેમણે લેખન તરફ વળ્યા અને સ્ક્રિપ્ટ રાઈટર બની ગયા. સલીમ ખાન અને જાવેદ અખ્તરની જોડી 'સલીમ-જાવેદ'ના નામથી પ્રખ્યાત રહી છે. બંનેએ મળીને હિન્દી સિનેમાને ઘણી સુપરહિટ અને યાદગાર ફિલ્મો આપી, જેમ કે ઝંઝીર, દીવાર, શોલે, ડોન અને સીતા ઔર ગીતા. આ ફિલ્મોની દમદાર વાર્તાઓ અને સંવાદો લોકોના દિલમાં વસી ગયા.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

**વર્લ્ડ ચેમ્પિયનશિપની ટ્રાયલમાં ભાગ નહીં**

## વિનેશ ફોગાટને દિલ્હી હાઈકોર્ટનો ઝટકો



(એજન્સી) નવી દિલ્હી । તા. 11

ભારતીય સ્ટાર મહિલા પહેલવાન વિનેશ ફોગાટના આંતરરાષ્ટ્રીય કુસ્તી ક્ષેત્રે પુનરાગમન મેળવવાની આશાઓને મોટો આંચકો લાગ્યો છે, જ્યાં દિલ્હી હાઈકોર્ટે વર્ષ ૨૦૨૬ની સીનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપ માટેના સિલેક્શન ટ્રાયલ્સમાં ભાગ લેવા બાબતે વિનેશ દ્વારા માંગવામાં આવેલી વચગાળાની રાહતની અરજી સત્તાવાર રીતે ફગાવી દીધી છે, જેના કારણે નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી સ્ટેડિયમ ખાતે યોજાનાર ટ્રાયલ્સના દ્વાર તેમના માટે બંધ થઈ ગયા છે.

અદાલતના ન્યાયાધીશ જસ્ટિસ સ્વર્ણ કાંતા શર્માએ ગુરુવારે મોડી રાત્રે આ આદેશ જારી કરતા સ્પષ્ટ કર્યું હતું કે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI) દ્વારા નક્કી કરવામાં આવેલી પાત્રતાની શરતોમાં કોઈ એક વ્યક્તિગત ખેલાડીને ખાસ છૂટછાટ આપી શકાય નહીં, કારણ કે સાત સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ જારી કરાયેલા સર્ક્યુલરમાં નિર્ધારિત માપદંડો દેશના તમામ રમતવીરો પર એકસમાન રીતે લાગુ પડે છે.

WFIના નિયમ મુજબ છ ઓલિમ્પિક વજન વર્ગમાં માત્ર અમુક ચોક્કસ સ્પર્ધાઓના મેડલ વિજેતાઓ, નેશનલ કેમ્પના કુસ્તીબાજો અને અંડર-૨૦ વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે પસંદ થયેલા પહેલવાનો જ પાત્ર ઠરે છે. વિનેશની કાનૂની ટીમ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે જુલાઈ ૨૦૨૫માં માતા બન્યા બાદ તેઓ માતૃત્વના કારણે જરૂરી ક્વોલિફાઈંગ સ્પર્ધાઓમાં ભાગ લઈ શક્યા નહોતા, અને તેમણે સીધી એન્ટ્રી ન માંગતા માત્ર ટ્રાયલ્સમાં ઉતરીને પોતાની ક્ષમતા સાબિત કરવાની તક માંગી હતી.

દિલ્હી હાઈકોર્ટે સ્વીકાર્યું કે ગર્ભાવસ્થા અને રિકવરી જેવા સંજોગોને ફેડરેશનની નીતિમાં ધ્યાને લેવા જોઈએ, પરંતુ માત્ર આ સંજોગોના આધારે તાત્કાલિક વચગાળાની રાહત આપી શકાતી નથી કારણ કે તેનાથી અન્ય ખેલાડીઓ સાથે અસમાનતા સર્જાઈ શકે. કઝાકિસ્તાનની રાજધાની અસ્તાના ખાતે ચોવીસ ઓક્ટોબરથી પહેલી નવેમ્બર દરમિયાન યોજાનારી આ વૈશ્વિક સ્પર્ધામાંથી વિનેશ બહાર થઈ ગયા છે, પરંતુ મહિલા એથ્લેટ્સના અધિકારો અને મેટરનિટી નીતિ અંગેની તેમની કાનૂની લડાઈ અદાલતમાં હજુ પણ ચાલુ રહેશે.

**શેફાલી વર્મા અને દીપ્તિનો ધમાકેદાર દેખાવ, દુબઈમાં તેર સપ્ટેમ્બરે રમાશે ફાઈનલ મુકાબલો**

# ભારતની શાનદાર જીતથી ફાઈનલમાં એન્ટ્રી

(એજન્સી) દુબઈ । તા. 11

મહિલા એશિયા કપ 2026ની રોમાંચક પ્રથમ સેમિફાઈનલ મુકાબલામાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે શિસ્તબદ્ધ અને આક્રમક રમતનું પ્રદર્શન કરીને બાંગ્લાદેશની ટીમને ચાલીસ રને પરાજય આપી દીધો છે અને આ શાનદાર વિજય સાથે ભારતે એશિયા કપની ફાઈનલમાં સત્તાવાર રીતે પોતાનું સ્થાન પાક્કું કરી લીધું છે.

મેચમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમે નિર્ધારિત વીસ ઓવરમાં છ વિકેટના નુકસાને 149 રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. ભારત તરફથી ઓપનર શેફાલી વર્માએ અત્યંત વિસ્ફોટક બેટિંગ કરતા માત્ર ચાલીસ બોલમાં સાત ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી 64 રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી, જ્યારે કેપ્ટન હરમનપ્રીત કૌરે 28 બોલમાં અણનમ 24 રન અને રિચા ઘોષે 16 બોલમાં 21 રનનું મૂલ્યવાન યોગદાન આપ્યું હતું.

દેખીતી રીતે 150 રનના વિજયી લક્ષ્યનો પીછો કરવા મેદાને પડેલી બાંગ્લાદેશી ટીમ ભારતીય બોલરોની ધારદાર આગળ કીડીની જેમ સંઘર્ષ કરતી જોવા મળી હતી



અને તે વીસ ઓવરમાં સાત વિકેટ ગુમાવીને માત્ર 109 રન જ બનાવી શકી હતી. ભારતની ઘાતક બોલિંગ લાઈનઅપમાં દીપ્તિ શર્માએ ચાર ઓવરમાં માત્ર 26 રન આપીને સૌથી વધુ 3 મહત્વપૂર્ણ વિકેટ ઝડપી હતી, જ્યારે નંદની શર્માએ બે વિકેટ લઈને બાંગ્લાદેશી બેટિંગ ક્રમની કમર તોડી નાખી હતી. આ શાનદાર અને પ્રભુત્વભર્યા વિજયના જોરે ભારતીય મહિલા ટીમ ટ્રોફી કબજે કરવાથી હવે માત્ર એક ડગલું દૂર છે. મહિલા એશિયા કપ 2026ની ભવ્ય ફાઈનલ મેચ આગામી 13 સપ્ટેમ્બર 2026ના રોજ દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાવાની છે, જ્યાં ભારતનો મુકાબલો બીજા સેમિફાઈનલના વિજેતા એટલે કે શ્રીલંકા અથવા પાકિસ્તાન સામે થશે, જેને લઈને સમગ્ર ક્રિકેટ જગતમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ભારતની જીતમાં શેફાલી વર્મા અને દીપ્તિ શર્માનું પ્રદર્શન સૌથી વધુ ચર્ચામાં રહ્યું. શેફાલીએ શરૂઆતથી જ આક્રમક બેટિંગ કરતાં 40 બોલમાં 64 રનની તોફાની ઈનિંગ રમી હતી. તેની ઈનિંગમાં 7 ચોગ્ગા અને 3 છગ્ગાનો સમાવેશ થયો હતો. દીપ્તિ શર્માએ બેટથી 6 બોલમાં 13 રન બનાવ્યા હતા અને ત્યારબાદ બોલિંગમાં 4 ઓવરમાં 26 રન આપી 3 મહત્વપૂર્ણ વિકેટ ઝડપી હતી. કેપ્ટન હરમનપ્રીત કૌરે પણ 28 બોલમાં અણનમ 24 રનનું યોગદાન આપ્યું હતું. ભારતની બેટિંગની વાત કરીએ તો સ્મૃતિ મંધાનાએ 5 બોલમાં 2 રન બનાવ્યા હતા. શેફાલી વર્માએ 40 બોલમાં 64 રન ફટકાર્યા હતા જેમાં 7 ચોગ્ગા અને 3 છગ્ગા સામેલ હતા. પ્રતિકા રાવલે 24 બોલમાં 20 રન બનાવ્યા હતા અને એક ચોગ્ગો તથા એક છગ્ગો ફટકાર્યો હતો. હરમનપ્રીત કૌર 28 બોલમાં 24 રન બનાવી અણનમ રહી હતી, જેમાં 2 છગ્ગા સામેલ હતા. ઋચા ઘોષે 16 બોલમાં 21 રન બનાવ્યા હતા અને 2 છગ્ગા ફટકાર્યા હતા. દીપ્તિ શર્માએ 6 બોલમાં 13 રન બનાવ્યા હતા જેમાં એક ચોગ્ગો અને એક છગ્ગો સામેલ હતો. ભારતી ફુલમાલી 1 બોલમાં ખાતું ખોલાવ્યા વગર રનઆઉટ થઈ હતી. ભારતને 5 એક્સ્ટ્રા રન મળ્યા હતા, જેમાં 1 લેગ બાય અને 4 વાઈડનો સમાવેશ થયો હતો.

# કુલદીપ યાદવે ઈંગ્લેન્ડમાં દસ વિકેટ ઝડપી, ફર્સ્ટ ક્લાસ કારકિર્દીની સિદ્ધિ, પ્રથમ વખત મેચમાં દસ વિકેટ

(એજન્સી) લંડન । તા. 11

ભારતીય ક્રિકેટ ટીમમાં સતત અવગણના અને મર્યાદિત તકોનો સામનો કરી રહેલા સ્ટાર ચાઈનામેન સ્પિનર કુલદીપ યાદવે ઈંગ્લેન્ડની ધરતી પર મેદાન પર પોતાની કાતિલ બોલિંગની તાકાત બતાવીને તમામ દિજ્જોને ચોંકાવી દીધા છે, જ્યાં ઈંગ્લેન્ડમાં ચાલી રહેલી કાઉન્ટી ચેમ્પિયનશિપ ડિવિઝન-વનમાં યોર્કશાયર તરફથી રમતા કુલદીપે એસેક્સ સામે માત્ર ૧૨૦ રન આપીને કુલ ૧૦ વિકેટ ઝડપી લીધી છે.



લીડ્ઝના પ્રખ્યાત હેડિંગ્લે ખાતે રમાયેલી આ રોમાંચક મેચમાં કુલદીપ યાદવે બંને ઈનિંગ્સમાં અત્યંત ધારદાર બોલિંગનું પ્રદર્શન કર્યું હતું, જેમાં તેણે પ્રથમ ઈનિંગ્સમાં ૪ અને ત્યારબાદ બીજી ઈનિંગ્સમાં ૬ વિકેટ લઈને પોતાની ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ કારકિર્દીમાં પ્રથમ વખત એક જ મેચમાં ૧૦ વિકેટ લેવાની અનોખી સિદ્ધિ પોતાના નામે કરી છે અને યોર્કશાયર ટીમને ઈનિંગ્સ અને ૧૦૬ રનોના વિશાળ અંતરે વિજય અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

આ શાનદાર અને દમદાર પ્રદર્શન દ્વારા કુલદીપ યાદવે ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીર અને રાષ્ટ્રીય પસંદગીકારો સમક્ષ આગામી શ્રેણીઓ માટે પોતાની દાવેદારી ખૂબ જ મજબૂતીથી રજૂ કરી દીધી છે. લાંબા સમયથી રાષ્ટ્રીય ટીમમાં કાયમી સ્થાન મેળવવા માટે સંઘર્ષ કરી રહેલા આ સ્પિનરે વિદેશી પીચો પર પોતાની ઉપયોગીતા સાબિત કરી દીધી છે, જેનાથી ભવિષ્યની સિરીઝ માટે ભારતીય સ્પિન આક્રમણને નવી મજબૂતી મળશે.

# પાકિસ્તાની કોચ પર ગંભીર આક્ષેપ થયો

**માઈક હેસનના આઈપીએલ કનેક્શનને જવાબદાર ગણાવ્યું**



(એજન્સી) લાહોર । તા. 11

પાકિસ્તાની ક્રિકેટ જગતમાં મેદાન પરના ખરાબ પ્રદર્શન કરતાં આંતરિક વિવાદો હંમેશાં વધુ ચર્ચામાં રહેતા હોય છે, ત્યારે તાજેતરમાં પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન અને વિકેટકીપર બેટ્સમેન રાશિદ લતીફે ટીમના વચગાળાના રેડ-બૉલ કોચ માઈક હેસનને 'ભારતીય એજન્ટ' ગણાવતા સમગ્ર ક્રિકેટ વિશ્વમાં ભારે ખળભળાટ અને હોબાળો મચી ગયો છે.

ઈંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન ટેસ્ટ શ્રેણીમાં સતત પરાજયનો સામનો કર્યા બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) દ્વારા ટીમમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા હતા અને હેડ કોચ સરફરાઝ અહેમદને હટાવીને માઈક હેસનને રેડ-બૉલના વચગાળાના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ નિયુક્તિ બાદ રાશિદ લતીફે એક સ્પોર્ટ્સ બ્રોડકાસ્ટર સાથેની વાતચીતમાં હેસનના ભૂતકાળમાં ભારતીય પ્રીમિયર લીગ (IPL) અને ખાસ કરીને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સાથેના જોડાણનો હવાલો આપીને ગંભીર સવાલો ઉઠાવ્યા હતા.

લતીફે દાવો કર્યો હતો કે હેસને ભારતમાં લાંબો સમય વિતાવ્યો છે અને સંભવ છે કે તેમને કોઈ ખાસ મકસદ સાથે પાકિસ્તાન ક્રિકેટમાં 'પ્લાન્ટ' કરવામાં આવ્યા હોય, જેથી તેઓ પરોક્ષ રીતે પાકિસ્તાન ક્રિકેટને નુકસાન પહોંચાડી શકે. જો કે, સૌથી મહત્વની બાબત એ છે કે આ પ્રકારના સનસનાટીભર્યા દાવાઓ પાછળ લતીફ કે બ્રોડકાસ્ટર પાસે કોઈ જ નક્કર પુરાવા કે પ્રમાણ નહોતા, અને ખુદ લતીફે આ વાતચીતને માત્ર 'થિંકિંગ આઉટ લાઉડ' એટલે કે વિચારો રજૂ કરવા પૂરતી મર્યાદિત ગણાવી હતી.

માઈક હેસન પહેલેથી જ પાકિસ્તાનની વ્હાઈટ-બૉલ ટીમના હેડ કોચ તરીકે કાર્યરત છે અને હવે તેમની ટેસ્ટ ટીમમાં એન્ટ્રી થઈ છે. પાકિસ્તાન ક્રિકેટમાં સિલેક્શન અને કોચિંગ મુદ્દે અગાઉથી જ જૂથબંધી ચાલી રહી છે, ત્યારે પૂર્વ ખેલાડી દ્વારા પોતાના જ મુખ્ય કોચ પર કોઈપણ આધાર વગરના આક્ષેપો મૂકવા એ માત્ર અટકળો અને કલ્પના આધારિત નિવેદનબાજી સમાન ગણાઈ રહી છે.

**ભારતીય ખેલાડી ધીરજ બોમ્માદેવારા પર મીટ**

## મેક્સિકોમાં યોજાશે રોમાંચક તીરંદાજી જંગ



(એજન્સી) અમદાવાદ । તા. 11

મેક્સિકોના સાલ્ટિલો ખાતે આગામી સપ્તાહના અંતે યોજાનારી વિશ્વ આર્ચરી વર્લ્ડ કપ ફાઈનલ સ્પર્ધામાં વિશ્વભરના શ્રેષ્ઠ આઠ તીરંદાજો વચ્ચે ખરાખરીનો જંગ જામશે, જેમાં ભારત તરફથી એકમાત્ર ખેલાડી તરીકે ધીરજ બોમ્માદેવારા મેદાને ઉતરશે અને રેકવ મેન વિભાગમાં બર્કિમ તુમેર સામે ટકરાશે. વિશ્વભરમાંથી પસંદગી પામેલા ચારેય કેટેગરીના સર્વોચ્ચ આઠ તીરંદાજો આ સિઝનની અંતિમ મહાસંઘર્ષ સ્પર્ધામાં પોતાના કૌશલ્યનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. આ ભવ્ય આંતરરાષ્ટ્રીય સ્પર્ધા મેક્સિકોના સાલ્ટિલો શહેરમાં આવેલા ઐતિહાસિક પ્ઝા દે આર્માસ ખાતે યોજાવા જઈ રહી છે, જ્યાં રમતગમત જગતના દિગ્ગજ ખેલાડીઓ પોતાની શ્રેષ્ઠ રમતના બળે વર્ષ ૨૦૨૬ની સફરનો યાદગાર અંત લાવવા માટે મેદાને ઉતરશે. કમ્પાઉન્ડ અને રેકવ બંને વર્ગના ખેલાડીઓ માટે આ જંગ અત્યંત પ્રતિષ્ઠિત માનવામાં આવે છે, કારણ કે આ સ્ટેજ સુધી પહોંચવા માટે ખેલાડીઓએ આખી સિઝન દરમિયાન અથાક મહેનત કરી હોય છે અને કઠોર ક્વોલિફાઈંગ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે.

**ભારતીય ખેલાડીઓની શાનદાર રમત અને પ્રદર્શન**

**વિયેટનામ ઓપનમાં ભારતીય શટલર્સનો દબદબો**

# વિયેટનામ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટ સેમિફાઈનલ જંગ

(એજન્સી) અમદાવાદ । તા. 11

વિયેટનામ ખાતે ચાલી રહેલી પ્રતિષ્ઠિત વિયેટનામ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટના શુક્રવારે રમાયેલી રોમાંચક ક્વાર્ટર ફાઈનલ મુકાબલાઓમાં ભારતના અનુભવી અને યુવા ખેલાડીઓએ અસાધારણ પ્રદર્શન કરીને સેમિફાઈનલ તબક્કામાં શાનદાર પ્રવેશ કર્યો છે, જેમાં મહિલા સિંગલ્સ વર્ગના અત્યંત સંઘર્ષપૂર્ણ મુકાબલામાં તન્વી શર્માએ દેશની જ ખેલાડી માલવિકા બંસોડને પરાજય આપીને અંતિમ ચારમાં સ્થાન સુરક્ષિત કર્યું છે.

શુક્રવારે રમાયેલી આ રોમાંચક સ્પર્ધામાં વિશ્વ ક્રમાંક ૨૭ પર બિરાજમાન પ્રતિભાશાળી ખેલાડી તન્વી શર્માએ સાતમી ક્રમાંકિત ખેલાડી માલવિકા બંસોડ સામે ચોપન મિનિટ સુધી ચાલેલા મેરેથોન મુકાબલામાં ઈકવીસ અઢાર, પંદર ઈકવીસ અને ઈકવીસ ચોદના સ્કોરથી વિજય મેળવ્યો હતો. મેચની શરૂઆતમાં માલવિકાએ ઝડપી રમત દાખવીને તેર છ ની સરસાઈ મેળવી લીધી હતી, પરંતુ તન્વીએ શાનદાર વાપસી કરતા સતત દસ પોઈન્ટ જીતીને સ્કોર સોળ સોળ ની બરાબરી પર લાવી દીધો હતો અને દબાણ વચ્ચે પણ માનસિક મક્કમતા જાળવી રાખીને પહેલો ગેમ પોતાના નામે કર્યો હતો. બીજા ગેમમાં માલવિકાએ પલટવાર કરીને ઈકવીસ પંદરથી વિજય મેળવ્યો હતો, પરંતુ નિર્ણાયક ત્રીજા ગેમમાં તન્વીએ પોતાની આગવી રમતનું પ્રદર્શન કરીને સેમિફાઈનલમાં પ્રવેશ સુનિશ્ચિત કર્યો હતો, જ્યાં તેનો મુકાબલો થાઈલેન્ડની મજબૂત ખેલાડી સામે થશે. ટુર્નામેન્ટના અન્ય મહત્ત્વપૂર્ણ મુકાબલાઓમાં ત્રીજી ક્રમાંકિત ઈશારાણી બરુઆએ પણ ચાઈનીઝ તાઈપેઈની હુઆંગ ચિંગ પિંગ સામે એકતરફી દેખાવ કરતા ઈકવીસ પંદર અને ઈકવીસ અઢારથી સીધા ગેમમાં વિજય મેળવ્યો હતો, અને હવે સેમિફાઈનલમાં તેનો સામનો રક્ષિતા શ્રી સામે થશે કેણે અન્ય એક મુકાબલામાં માનસી સિંહને સરળતાથી હરાવી હતી. પુરુષ સિંગલ્સ વર્ગમાં અનુભવી ખેલાડી એચ એસ પ્રણયે સંસ્કાર સરસ્વતી સામે અઠ્ઠાવીસ છબ્બવીસ અને ઈકવીસ બારના સ્કોરથી વિજય મેળવીને આગેકૂચ કરી છે.



**ગ્લોબલ ચેસ લીગ વિજય ગાથા**

## મુંબઈ માસ્ટર્સની સ્થિતિ અને ભવિષ્યની રણનીતિ



(એજન્સી) અમદાવાદ । તા. 11

ટેક મહિન્દ્રા ગ્લોબલ ચેસ લીગની રોમાંચક ચેમ્પિયનશિપમાં ગુરુવારે બેંગલુરુની લલિત અશોક હોટેલ ખાતે રમાયેલા અંતિમ મુકાબલામાં ફ્રાયર્સ અમેરિકન ગેમ્બિટ્સની ખેલાડી બિબિસારા અસૌબાયેવાએ અદભુત પ્રદર્શન કરીને પોલિના શુવાલોવા સામે શાનદાર વિજય મેળવ્યો હતો અને સમગ્ર ટીમની જીતમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ગ્લોબલ ચેસ લીગની આ સિઝનમાં અત્યાર સુધી સાત મેચ રમી ચૂકેલી પરંતુ એકપણ વિજય મેળવી ન શકેલી બિબિસારા અસૌબાયેવાએ ગુરુવારે પોતાની આઠમી રમત અગાઉ સાથી ખેલાડી જવોખિર સિંદારોવની મજાક છતાં મેદાન પર કમાલ કરી બતાવી હતી. ટૂર્નામેન્ટમાં અગાઉ એકપણ મેચ ન હારેલી શક્તિશાળી ખેલાડી પોલિના શુવાલોવાને પરાજય આપીને અસૌબાયેવાએ પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ પોતાના નામે કર્યો હતો, જેના કારણે અમેરિકન ગેમ્બિટ્સની ટીમ ગંગેસ ગ્રાન્ડમાસ્ટર્સ સામે તેર પાંચના શાનદાર સ્કોરથી વિજયી બની હતી અને લીગમાં પોતાની સંયુક્ત અગ્રેસર સ્થિતિ મજબૂત કરી હતી. મીડિયા અહેવાલ મુજબ આ મહત્ત્વપૂર્ણ મુકાબલામાં જવોખિર સિંદારોવે પણ પોતાની રમતનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતા ઈયાન નેપોમિનિયાચી સામે વિજય મેળવ્યો હતો, જેનાથી ટીમને મોટો ફાયદો થયો હતો.

**બ્રિક્સ // ડીડીસીએ દ્વારા મોટી સ્પષ્ટતા કરવામાં આવી, સુરક્ષા અને ટ્રાફિકનું આશ્વાસન મળ્યું**

# ભારત-અફઘાનિસ્તાન મેચ નિર્ધારિત સમયે રમાશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે આગામી તેર સપ્ટેમ્બરના રોજ દિલ્હીના પ્રખ્યાત અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાનારી પ્રથમ ટી-ટ્વેન્ટી આંતરરાષ્ટ્રીય મેચને અન્ય તારીખે ખસેડવામાં આવશે કે નહીં તેને લઈને ચાલી રહેલી તમામ અટકળો અને ચર્ચાઓ પર દિલ્હી એન્ડ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન (DDCA) દ્વારા સત્તાવાર રીતે પૂર્ણવિરામ મૂકી દેવામાં આવ્યું છે.

રાજધાની દિલ્હીમાં અગિયારથી તેર સપ્ટેમ્બર દરમિયાન ભવ્ય બીઆરઆઈસીએસ શિખર સંમેલન યોજાવા જઈ રહ્યું છે, જેમાં વિશ્વના અનેક દેશોના વડાઓ, વિદેશી પ્રતિનિધિઓ અને અસંખ્ય વીવીઆઈપી મહાનુભાવો ઉપસ્થિત રહેવાના છે. આ મહાસંમેલનને ધ્યાનમાં રાખીને દિલ્હી ટ્રાફિક પોલીસના ડીસીપી દ્વારા પત્ર લખીને જણાવવામાં આવ્યું હતું કે વીવીઆઈપી મૂવમેન્ટ અને રૂટ ડાયવર્ઝન વચ્ચે સ્ટેડિયમમાં મેચ જોવા આવનારા હજારો દર્શકોની ભીડને સંભાળવી



પડકારજનક બની શકે છે, જેથી મેચ રિશિડ્યૂલ કરવા વિનંતી કરાઈ હતી. ટ્રાફિક પોલીસ અને ડીડીસીએના અધિકારીઓ વચ્ચે યોજાયેલી મહત્વપૂર્ણ બેઠક બાદ પ્રશાસન તરફથી સુરક્ષા અને સુગમ ટ્રાફિક વ્યવસ્થાનું સંપૂર્ણ આશ્વાસન મળી ગયું છે, જેના કારણે હવે મેચ નિર્ધારિત સમયે જ યોજાશે. આ ત્રણ ટી-ટ્વેન્ટી મેચોની રોમાંચક શ્રેણી તેર સપ્ટેમ્બરથી શરૂ થઈને સત્તર સપ્ટેમ્બર સુધી નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાશે, જેનું સત્તાવાર યજમાન અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ છે. આ આગામી મહત્વપૂર્ણ શ્રેણી માટે ભારતીય ક્રિકેટ ટીમની જાહેરાત કરી દેવામાં આવી છે, જેમાં ટીમનું સફળ નેતૃત્વ શ્રેયસ ઐયર સંભાળશે જ્યારે યુવા બેટ્સમેન તિલક વર્મા વાઈસ-કેપ્ટનની ભૂમિકા ભજવશે. આ ઉપરાંત ટીમમાં અભિષેક શર્મા, સંજુ સેમસન, ઈશાન કિશન, જસપ્રીત બુમરાહ અને અર્શદીપ સિંહ જેવા ખેલાડીઓનો સમાવેશ કરાયો છે, જેઓ મેદાન પર પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

**'સ્પંદન લીગ' ફૂટબોલ ટુર્નામેન્ટ ભવ્ય પ્રારંભ**

# દાંતીવાડા BSF કેમ્પસ ખાતે વી.કે. હાઈસ્કૂલ દિયોદર અને એકે ફૂટબોલ એકેડેમી વિજેતા



માહીતી બ્યુરો, પાલનપુર

દાંતીવાડા સ્થિત ૨૧મી બટાલિયન BSF દ્વારા યુવાનોમાં રમતગમતની ભાવના, શારીરિક તંદુરસ્તી, શિસ્ત અને ટીમ ભાવના વિકસાવવાના હેતુથી જિલ્લા કક્ષાની 'સ્પંદન લીગ - ફેઝ-૧' ફૂટબોલ ટુર્નામેન્ટનો BSF ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) અને 'ખેલો ઈન્ડિયા' અભિયાનના સહયોગથી યોજાયેલી આ ચાર દિવસીય ટુર્નામેન્ટમાં બનાસકાંઠા જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓ, અકાદમીઓ અને સુરક્ષા દળોની કુલ ૮ ટીમો ભાગ લઈ રહી છે. આ ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પ્રો. રાજેશ્વર સિંહ ચંદેલ ઉપસ્થિત રહ્યા હતા.ટુર્નામેન્ટના પ્રથમ દિવસે રમાયેલા રોમાંચક મુકાબલાઓમાં ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કર્યું હતું. દિવસની પ્રથમ મેચ શ્રી વી.કે. હાઈસ્કૂલ 'A' દિયોદર અને ઝાલોરી એફસી જૂના ડીસા વચ્ચે રમાઈ હતી, જેમાં શાનદાર પ્રદર્શન દાખવીને શ્રી વી.કે. હાઈસ્કૂલ 'A' દિયોદરની ટીમ વિજેતા બની હતી. જ્યારે બીજી મેચ સરકારી એન્જિનિયરિંગ કોલેજ પાલનપુર અને એકે ફૂટબોલ એકેડેમી પાલનપુર વચ્ચે યોજાઈ હતી, જેમાં એકે ફૂટબોલ એકેડેમીએ ઉત્તમ રમત દાખવી વિજય મેળવ્યો હતો.આ કાર્યક્રમમાં BSF અધિકારીઓ, જિલ્લા પંચાયતના ચેરમેન, તાલુકા પ્રમુખ સહિતના અન્ય મહાનુભાવો અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. કેન્દ્રીય વિદ્યાલય દાંતીવાડા અને કૃષિનગર હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ રંગારંગ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરી કાર્યક્રમમાં ઉત્સાહ વધાર્યો હતો. મુખ્ય અતિથિએ BSFની આ પહેલની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે આવી સ્પર્ધાઓથી યુવા પ્રતિભાઓને આગળ આવવા માટે ઉત્તમ મંચ મળે છે. આ ટુર્નામેન્ટ ૧૨ સપ્ટેમ્બર સુધી ઉત્સાહભેર ચાલશે.

### નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટનો ભવ્ય પ્રારંભ, ચીનના પ્રમુખની યાત્રાથી રાજકારણમાં ગરમાવો

# ચીનના પ્રમુખ સાત વર્ષ પછી ભારત આવી રહ્યા છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

ભારતના પ્રમુખ નગર નવી દિલ્હી ખાતે આયોજિત ભવ્ય અને મહત્વપૂર્ણ અઢારમી બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે ચીનના સર્વોચ્ચ નેતા અને પ્રમુખ શી જિનપિંગ આગામી બાર અને તેર સપ્ટેમ્બરના રોજ ભારતની મુલાકાતે પધારવાના છે, જેને લઈને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ભારે ઉત્સુકતા અને ગરમાવો જોવા મળી રહ્યો છે. વડાપ્રધાનના વિશેષ આમંત્રણને માન આપીને બેઈજિંગ દ્વારા શિખર સંમેલનના મુખ્ય કાર્યક્રમ શરૂ થવાના માત્ર અડતાલીસ કલાક પહેલા જ સત્તાવાર રીતે આ પ્રવાસની પુષ્ટિ કરવામાં આવી છે, જેના કારણે લાંબા સમયથી ચાલી રહેલી તમામ અટકળો પર હવે પૂર્ણવિરામ મુકાઈ ગયું છે અને બંને દેશોના સંબંધોમાં એક નવો અધ્યાય શરૂ થવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે.

અગાઉ વર્ષ બે હજાર ઓગનીસમાં મહાબલિપુરમ ખાતે યોજાયેલા અનૌપચારિક શિખર સંમેલન



દરમિયાન ચીનના પ્રમુખે ભારતની મુલાકાત લીધી હતી, પરંતુ ત્યારબાદ વર્ષ બે હજાર વીસમાં ગલવાન ખીણ વિસ્તારમાં સર્જાયેલા ગંભીર સૈન્ય તણાવ અને તંગદિલીને કારણે બંને રાષ્ટ્રો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો લાંબા સમય સુધી અત્યંત શીતળ અને તણાવપૂર્ણ રહ્યા હતા. આ પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લેતા વર્તમાન ઘટનાક્રમ અત્યંત સૂચક બની રહે છે કારણ કે સાત વર્ષના લાંબા અને અવરોધરૂપ અંતરાલ પછી આ પ્રથમ વખત એવું બની રહ્યું છે કે ચીનના સર્વોચ્ચ નેતા રૂબરૂ ભારતની ધરતી પર પગ મૂકી રહ્યા છે, જે વૈશ્વિક સ્તરે એક મોટો અને સકારાત્મક સંદેશ પાઠવી રહ્યો છે.

આટલા મોટા સ્તરના વૈશ્વિક આયોજન માટે ચીન દ્વારા છેલ્લી ઘડી સુધી કોઈ સ્પષ્ટતા ન કરવા પાછળ મીડિયા અહેવાલ અને નિષ્ણાતોના મતે એક સુઆયોજિત રણનીતિ કામ કરી રહી હતી, કારણ કે બેઈજિંગ હંમેશા મહત્વપૂર્ણ વાટાઘાટોના એજન્ડા સંપૂર્ણપણે ફાઈનલ થયા પછી જ જાહેરાતો કરવાનું પસંદ કરે છે. શનિવારે યોજાનારી સમિટ દરમિયાન વડાપ્રધાન સાથે અલગથી યોજાનારી સંભવિત બેઠક અગાઉ સરહદ વિવાદ, દ્વિપક્ષીય વેપાર અસંતુલન, આર્થિક રોકાણ અને નાગરિકોની અવરજવર જેવા અત્યંત સંવેદનશીલ વિષયો પર અગાઉથી કોઈ નકામું મીડિયા દબાણ ન ઊભી થાય તે હેતુસર આ ચાલાકીપૂર્વકનું મૌન જાળવવામાં આવ્યું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળે છે.

વર્તમાન સમયમાં બ્રિક્સ જૂથ માત્ર પાંચ દેશો પૂરતું મર્યાદિત નથી રહ્યું પરંતુ તેમાં ઈજિપ્ત, ઈથોપિયા, ઈન્ડોનેશિયા, ઈરાન, સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત જેવા મહત્વપૂર્ણ રાષ્ટ્રોના જોડાવાથી આ સંગઠન અગિયાર સભ્યોનું એક વિશાળ વૈશ્વિક પ્લેટફોર્મ બની ગયું છે. ચીન એવું ક્યારેય ઈચ્છતું ન હતું કે માત્ર ભારત અને ચીન વચ્ચેના પરસ્પરના સીમા વિવાદોના મુદ્દાઓને કારણે વૈશ્વિક શાસન, ડિજિટલ અર્થતંત્ર, ઊર્જા સુરક્ષા અને વેપાર જેવા અન્ય મહત્ત્વપૂર્ણ બહુપક્ષીય મુદ્દાઓ પાછળ રહી જાય અથવા સમગ્ર સમિટનું ધ્યાન મૂળ વિષય પરથી ભટકી જાય, તેથી આ વ્યવસ્થિત વ્યુહરચના અપનાવવામાં આવી હતી. પશ્ચિમી દેશોની લાંબી પ્રક્રિયાઓથી વિપરીત બેઈજિંગ પોતાના સર્વોચ્ચ નેતાઓના વિદેશ પ્રવાસોની તારીખો અંતિમ દિવસોમાં જ જાહેર કરવાની પોતાની પરંપરાગત પ્રોટોકોલ શૈલી ધરાવે છે, જે દક્ષિણ અમેરિકા અને મધ્ય એશિયાની પરિષદોમાં પણ જોવા મળી હતી.

### અલી અલ-તાહેર રિજ પર મોટો વિસ્ફોટ

## ઈઝરાયલના પ્રચંડ હુમલાથી લેબેનોન હચમચી ગયું



(એજન્સી) લેબેનોન । તા. 11

મધ્ય પૂર્વના યુદ્ધના મેદાનમાંથી એક અત્યંત મોટા અને ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે, જ્યાં દક્ષિણ લેબેનોનના અલી અલ-તાહેર રિજ વિસ્તારમાં ઈઝરાયલી સેના દ્વારા કરવામાં આવેલા એક પ્રચંડ અને શક્તિશાળી વિસ્ફોટથી સમગ્ર પ્રદેશ હચમચી ગયો છે. ગુરુવારે બનેલી આ ઘટનામાં હિઝબુલ્લાહ દ્વારા છેલ્લા બે દાયકાથી જમીન નીચે વિકસાવવામાં આવેલું બે કિલોમીટર લાંબુ સુરંગ નેટવર્ક સંપૂર્ણપણે ખાખ કરી દેવામાં આવ્યું છે, જેના કારણે આસપાસના વિસ્તારમાં ચાર પોઈન્ટ એકની તીવ્રતાની ભૂકંપ જેવી ધ્રુજારી અનુભવાઈ હોવાનું લેબનીઝ સરકારી ન્યૂઝ એજન્સી દ્વારા જણાવવામાં આવ્યું છે.

ઈઝરાયલના પ્રમુખ બેન્જામિન નેતન્યાહૂ અને સંરક્ષણ મંત્રી ઈઝરાયલ કાટ્ઝ દ્વારા જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ સૈન્ય કાર્યવાહીમાં હિઝબુલ્લાહના તે વ્યૂહાત્મક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવામાં આવ્યું છે, જે ઈરાની ભંડોળ અને આયોજનની મદદથી છેલ્લા વીસ વર્ષોમાં અત્યંત ગુપ્ત રીતે તૈયાર કરવામાં આવ્યું હતું. ઈઝરાયલી સેનાના રિપોર્ટ મુજબ આ ભૂગર્ભ કોમ્પ્લેક્સ માત્ર એક ટનલ ન હતી પરંતુ તે એક વિશાળ અંડરગ્રાઉન્ડ શિબિર હતી, જ્યાં દુશ્મનો માટે લાંબો સમય સુધી છુપાઈ રહેવાની રહેણાંક સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ ભૂગર્ભ નેટવર્કની અંદર રોકેટ, અત્યાધુનિક મિસાઈલો, ડ્રોન, એન્ટી-ટેન્ક મિસાઈલ, મશીન ગન, લેન્ડમાઈન્સ અને અન્ય વિનાશક વિસ્ફોટકોનો અખૂટ ભંડાર છુપાવવામાં આવ્યો હતો, જેને આ એક જ શક્તિશાળી વિસ્ફોટ દ્વારા પળવારમાં નેસ્તનાબૂદ કરી દેવામાં આવ્યો છે. આ જટિલ સુરંગ સંકુલમાં હિઝબુલ્લાહની અત્યંત ખતરનાક અને પ્રશિક્ષિત કુલીન બદ્ર યુનિટનું મુખ્ય કમાન્ડ સેન્ટર પણ ધમધમતું હતું, જેના ધ્વંસથી સંગઠનની લશ્કરી ક્ષમતાને મોટો ફટકો પડ્યો છે અને તેમની કમાન્ડ લાઈન અત્યંત નબળી પડી ગઈ છે.

ઈઝરાયલી સરહદથી આશરે પંદર કિલોમીટરના અંતરે આવેલો આ અલી અલ-તાહેર રિજ ડુંગરાળ વિસ્તાર હાલમાં બંને કટ્ટર દુશ્મનો વચ્ચેના સંઘર્ષનું મુખ્ય અને કેન્દ્રીય બિંદુ બની ગયો છે, જ્યાં ઈઝરાયલે વિસ્તૃત સુરક્ષા ઝોનના ભાગરૂપે પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરી લીધું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતા યુદ્ધવિરામ અને શાંતિના તમામ પ્રયાસો છતાં જમીની સ્તરે હિંસા અટકવાનું નામ નથી લઈ રહી, અને સ્થાનિક સત્તાવાળાઓના સત્તાવાર આંકડાઓ મુજબ માર્ચ મહિનાથી શરૂ થયેલા આ વિનાશક ઈઝરાયલી હુમલાઓમાં અત્યાર સુધીમાં ચાર હજાર ત્રણસોથી વધુ લોકોના પ્રાણ ગયા છે.

ઈઝરાયલના પ્રમુખ બેન્જામિન નેતન્યાહૂ અને સંરક્ષણ મંત્રી ઈઝરાયલ કાટ્ઝ દ્વારા સંયુક્ત નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે આ સૈન્ય કાર્યવાહીમાં હિઝબુલ્લાહના તે વ્યૂહાત્મક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નષ્ટ કરી દેવામાં આવ્યું છે.

#### ભવિષ્યની સ્થિતિ અને સુરક્ષાના પગલાં

વર્તમાન તણાવપૂર્ણ પરિસ્થિતિને જોતાં એવું સ્પષ્ટ થાય છે કે ઈઝરાયલ પોતાની સુરક્ષા માટે હિઝબુલ્લાહના તમામ સરહદી માળખાને એક પછી એક તબાહ કરવાના મક્કમ નિર્ધાર સાથે આગળ વધી રહ્યું છે, જેના કારણે લેબેનોનના નાગરિકો માટે મુશ્કેલીઓ દિનપ્રતિદિન વધતી જાય છે. સરહદી વિસ્તારોમાં સૈન્ય ગતિવિધિઓ અત્યંત તીવ્ર બની ગઈ છે અને આગામી દિવસોમાં આ સંઘર્ષ વધુ ઉગ્ર બને તેવી પૂરી સંભાવનાઓ દેખાઈ રહી છે, જે સમગ્ર પ્રદેશની ભૌગોલિક અને રાજકીય સ્થિરતા પર ગંભીર પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા કરી રહી છે.

## ન્યૂઝ બ્રીફ

### ઈરાને બહેરીનમાં મચાવી ભારે તબાહી, સપોર્ટ એક્ટિવિટી બેઝ પર હુમલો



વાશિંગ્ટન | મધ્ય પૂર્વના યુદ્ધના મેદાનમાંથી એક અત્યંત સનસનાટીભરી અને ચિંતાજનક ઘટના સામે આવી રહી છે, જ્યાં અમેરિકા અને ઈરાન વચ્ચે છેલ્લા પાંચ મહિનાથી વધુ સમયથી ચાલી રહેલો ભીષણ સંઘર્ષ હવે ચરમસીમા પર પહોંચી ગયો છે. ઈરાની દળો દ્વારા બહેરીનમાં આવેલા અમેરિકન નૌસેનાના મુખ્ય મિલિટરી બેઝ પર કરવામાં આવેલા પ્રચંડ હુમલાથી ભારે તબાહી મચી ગઈ છે, અને વરિષ્ઠ અમેરિકન અધિકારીઓ દ્વારા પણ આ હુમલાની તીવ્રતા સ્વીકારવામાં આવી છે. મીડિયા અહેવાલ મુજબ આ વિનાશક હુમલો નેવલ સપોર્ટ એક્ટિવિટી બહેરીન બેઝ પર થયો હતો, જે અમેરિકન નૌસેનાની સેન્ટ્રલ કમાન્ડ અને યુએસ ફિફ્થ ફ્લિટનું સર્વોચ્ચ મુખ્ય મુખ્યાલય ગણવામાં આવે છે. ફેબ્રુઆરીના અંતથી અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન સામે શરૂ કરવામાં આવેલા હવાઈ હુમલાઓ બાદથી જ આ વ્યૂહાત્મક બેઝ સતત ઈરાનના રડાર અને નિશાના પર રહ્યો હતો, જેના પરિણામે તાજેતરના હુમલામાં આ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અત્યંત ગંભીર નુકસાન પહોંચ્યું છે. આ ભયાનક તબાહી બાદ સૌથી મોટો સવાલ એ ઊભો થયો છે કે અમેરિકન સૈનિકો આ બેઝ પર ક્યારે સુરક્ષિત પાછા ફરશે.

### મૂન મિશન માટે એઆઈ મોડલ લૉન્ચ થયું, કેલિફોર્નિયામાં મોડલ ઑપન સોર્સ કરાયું




કેલિફોર્નિયા | સ્પેસ રિસર્ચ અને અંતરીક્ષ ક્ષેત્રે એક અત્યંત ઐતિહાસિક જાહેરાત કરવામાં આવી છે, જ્યાં નાસા અને અગ્રણી ટેકનોલોજી કંપની આઈબીએમ દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવેલું અત્યાધુનિક નાસા-આઈબીએમ લુનર ફાઉન્ડેશન એઆઈ મોડલ વિશ્વભરના વૈજ્ઞાનિકો માટે ઓપન-સોર્સ એટલે કે વિનામૂલ્યે ઉપયોગ માટે સત્તાવાર રીતે રિલીઝ કરવામાં આવ્યું છે, જેનાથી ચંદ્ર સંશોધનના ક્ષેત્રમાં એક નવો ક્રાંતિકારી યુગ શરૂ થયો છે. અગાઉના દાયકાઓમાં ચંદ્રની આસપાસ ભ્રમણ કરી ચૂકેલા વિવિધ સેટેલાઈટ્સ અને સ્પેસક્રાફ્ટે કરોડો ગીગાબાઈટ્સનો વિશાળ ડેટા અને અસંખ્ય તસવીરો એકત્રિત કરી હતી, પરંતુ આ તમામ ડેટા અલગ-અલગ ફોર્મેટ અને કેમેરા રેઝોલ્યુશનમાં હોવાને કારણે વૈજ્ઞાનિકો માટે તેનું એકસાથે વ્યાપક વિશ્લેષણ કરવું અત્યંત મુશ્કેલ કાર્ય હતું, જે આ નવા કુશળ કૃત્રિમ બુદ્ધિમત્તા મોડલના આગમનથી હવે સરળ બન્યું છે. આ નવું એઆઈ મોડલ ચંદ્રની સપાટી પર કયા વિસ્તારોમાં બરફ ઉપલબ્ધ હોઈ શકે છે તેનું અત્યંત સચોટ અંદાજિત મેપિંગ કરે છે.

### બાર કર્મચારીઓને સુરક્ષિત બચાવાયા

# ચીનના શિપયાર્ડમાં ભયાનક આગ લાગી, જહાજમાં સમારકામ ચાલી રહ્યું હતું

(એજન્સી) બેઇજિંગ । તા. 11

એશિયાના શક્તિશાળી દેશ ચીનમાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને ગંભીર દુર્ઘટનાના સમાચાર સામે આવી રહ્યા છે, જ્યાં ચીનના શિયાંગદાઓ બેઈહાઈ શિપયાર્ડ ખાતે સમારકામ માટે ઊભેલા એક વિશાળ માલવાહક જહાજમાં અચાનક ભયાનક આગ ફાટી નીકળતાં પચ્ચીસ જેટલા કામદારોના કરુણ મોત નિપજ્યા છે અને આ સનસનાટીભરી ઘટનાએ સમગ્ર દેશમાં હડકંપ મચાવી દીધો છે.

મીડિયા અહેવાલ અને પ્રશાસન દ્વારા આપવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર, આ માલવાહક જહાજ પર કુલ બેતાલીસ કર્મચારીઓ હાજર રહીને પોતાની કામગીરી કરી રહ્યા હતા, તે દરમિયાન સવારે અંદાજે સવા અગિયાર વાગ્યાના સુમારે અચાનક જ જહાજના નીચેના ભાગમાંથી કાળો ધુમાડો નીકળવા લાગ્યો હતો. કર્મચારીઓ કંઈ સમજે કે પોતાનો બચાવ કરે તે પહેલાં જ વિકરાળ આગે સમગ્ર જહાજને પોતાની લપેટમાં લઈ લીધું હતું, જેના કારણે અંદર રહેલા શ્રમિકો ફસાઈ ગયા હતા.

ઈમરજન્સી ટીમો અને ફાયર બ્રિગેડના જવાનો દ્વારા આશરે ત્રણ કલાકની ભારે જહેમત અને સંઘર્ષ બાદ બપોરે અઢાર વાગ્યાની આસપાસ આ ભીષણ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવામાં સફળતા મળી હતી, પરંતુ ત્યાં સુધીમાં પચ્ચીસ કર્મચારીઓ ઘટનાસ્થળે જ આગમાં બળીને જીવતા ભૂંજાઈ ચૂક્યા હતા. આ દુર્ઘટનામાં ગંભીર રીતે ઘાયલ થયેલા પાંચ કામદારોને તાત્કાલિક ધોરણે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સ્થિતિ અત્યંત નાજુક બનેલી છે, જ્યારે બચાવ દળો દ્વારા બાર કર્મચારીઓને હેમખેમ બહાર કાઢવામાં આવ્યા છે.

આ ભયાનક હોનારતમાં મોટી સંખ્યામાં લોકોના મોત થતાં ચીન સરકાર તુરંત હરકતમાં આવી ગઈ છે, અને રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ દ્વારા તાત્કાલિક રાહત-બચાવ કામગીરી પૂર્ણ કરવા તેમજ આ સમગ્ર ઘટનાની ઊંડી અને



ન્યાયિક તપાસ કરવા માટે કડક આદેશો જારી કરવામાં આવ્યા છે. પ્રમુખે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે તમામ સરકારી વિભાગો અને ઔદ્યોગિક કંપનીઓએ આ જીવલેણ ઘટનામાંથી કડક બોધપાઠ લઈને કામના સ્થળે સુરક્ષાના નિયમોનું પાલન કરવું પડશે.

ચીનના શિપયાર્ડ પરિસરમાં એક જ મહિનાની અંદર આ બીજો મોટો અને ગંભીર અકસ્માત સર્જાયો છે, કારણ કે અગાઉ તેર ઓગસ્ટે ફુજિયાન પ્રાંતના સેન્ચુરી હુઆહાઈ શિપયાર્ડમાં પણ સમારકામ દરમિયાન એક જહાજમાં ભીષણ આગ લાગી હતી અને જોરદાર વિસ્ફોટ થયો હતો જેમાં એક બહાદુર ફાયરફાઈટરનું મોત થયું હતું. આ સતત બની રહેલી દુર્ઘટનાઓ શિપયાર્ડની સુરક્ષા વ્યવસ્થા પર મોટા સવાલો ઊભા કરી રહી છે, અને આગામી સમયમાં શ્રમિકોની સુરક્ષા માટે કઠોર પગલાં લેવા અનિવાર્ય બન્યા છે.

આ ગોઝારી ઘટના ચીનના શિયાંગદાઓ બેઈહાઈ શિપયાર્ડ ખાતે બની હતી. સવારે આશરે 11:15 વાગ્યે જહાજના નીચેના ભાગમાંથી અચાનક કાળો ધુમાડો નીકળવા લાગ્યો હતો. કર્મચારીઓ કશું સમજી શકે કે પોતાનો જીવ બચાવી શકે તે પહેલાં જ વિકરાળ આગે સમગ્ર જહાજને લપેટમાં લઈ લીધું હતું.

ફાયર બ્રિગેડ અને ઈમરજન્સી ટીમોએ લગભગ 3 કલાકની ભારે જહેમત બાદ બપોરે 2:30 વાગ્યા આસપાસ આગ પર કાબૂ મેળવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં 25 કર્મચારીઓ ઘટનાસ્થળે જ જીવતા ભૂંજાઈ ચૂક્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા 5 લોકોને સારવાર માટે તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

## કોંગોની બે સ્કૂલોમાં આગ લાગતા હાહાકાર, ફુરાહા અને ઉજામા સ્કૂલ ખાખ થઈ

(એજન્સી) બુકાવુ । તા. 11

મધ્ય આફ્રિકાના કોંગો દેશના પૂર્વ ભાગમાં આવેલા બુકાવુ શહેરમાં ગુરુવારે એક અત્યંત હૃદયદ્રાવક અને ગોઝારી દુર્ઘટના સર્જાઈ હતી, જ્યાં એક પાડોશીના ઘરમાંથી અચાનક ફેલાયેલી ભીષણ આગ નજીકની બે લોકપ્રિય શાળાઓ ફુરાહા સેકેન્ડરી સ્કૂલ અને ઉજામા પ્રાઈમરી સ્કૂલ સુધી પહોંચી જતાં ચોવીસથી વધુ વિદ્યાર્થીઓના કરુણ મોત નિપજ્યા છે અને સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

સ્થાનિક વહીવટી તંત્રના સત્તાવાર અહેવાલ મુજબ આ દુર્ઘટનાની શરૂઆત સૌપ્રથમ નજીકના એક રહેણાંક મકાનમાં લાગેલી આગથી થઈ હતી, અને આ વિસ્તારમાં વસ્તી અત્યંત ગીચ હોવાની સાથે મોટાભાગના ઘરો લાકડાના બનેલા હોવાના કારણે આગે ક્ષણભરમાં જ અત્યંત વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જોતજોતામાં આ રૌદ્ર સ્વરૂપ ધારણ કરનાર અગ્નિકાંડે શિક્ષણ મેળવી રહેલા માસૂમ વિદ્યાર્થીઓને પોતાની ઝપેટમાં લઈ લીધા હતા, જેના કારણે શાળાના ભવનને ભારે નુકસાન પહોંચ્યું છે.

પ્રાંતિય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ અનુસાર આ ભયાનક હોનારતમાં કુલ છવ્વીસ વિદ્યાર્થીઓએ પોતાના પ્રાણ ગુમાવ્યા છે, જેમાં ઓગણીસ છોકરીઓ અને સાત છોકરાઓનો સમાવેશ થાય છે. આગ અચાનક ફાટી નીકળવા અને ચારેય બાજુ ઘાતક ધુમાડો ફેલાઈ જવાના કારણે વાતાવરણ એકદમ ગૂંગળામણભર્યું થઈ ગયું હતું, જેથી કેટલાક વિદ્યાર્થીઓ વર્ગખંડની અંદર જ ફસાઈ ગયા હતા અને શ્વાસ રૂંધાવાથી તેમનું દુઃખદ મૃત્યુ થયું હતું. શાળાના ભવનમાંથી બહાર નીકળવાના માર્ગો અને રસ્તાઓ ખૂબ જ સાંકડા હોવાથી આગ લાગ્યાની સાથે જ ભારે અફરા-તફરી અને નાસભાગ મચી ગઈ હતી.

## ભારતીયોને ધમકાવનાર ટ્રમ્પ સરકાર ઝૂકી, મિસ્ટર સિંહ અભિયાન વિવાદમાં ઘેરાયું, સોશિયલ મીડિયા પરથી વીડિયો હટાવાયો

(એજન્સી) વાશિંગ્ટન । તા. 11

અમેરિકામાં આગામી સમયમાં યોજાનારી મહત્વપૂર્ણ મધ્યસત્ર ચૂંટણીઓ અગાઉ ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસનના ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટી દ્વારા ભારતીય-અમેરિકનો અને વિશેષ કરીને શીખ સમુદાયને સીધા નિશાન બનાવીને શરૂ કરવામાં આવેલા એક અત્યંત વિવાદાસ્પદ કૃત્રિમ બુદ્ધિમત્તા આધારિત મિસ્ટર સિંહ અભિયાનને લઈને વૈશ્વિક સ્તરે મોટો રાજકીય ભૂકંપ સર્જાયો છે, જેના પરિણામે ઉગ્ર આંતરરાષ્ટ્રીય વિરોધ અને ભારે રાજકીય દબાણ આગળ ઝૂકીને તંત્રએ આ તમામ આપત્તિજનક પોસ્ટ પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી તાત્કાલિક ધોરણે હટાવી લેવાની ફરજ પડી છે.

ટ્રમ્પ પ્રશાસનના ગેરકાયદેસર ઈમિગ્રેશન વિરોધી આક્રમક અભિયાનના ભાગરૂપે સંચાલિત આ પ્રોજેક્ટ અંતર્ગત હોલીવુડની પ્રખ્યાત ફ્રેન્ચાઈઝી ટ્રાન્સફોર્મર્સના લોકપ્રિય પાત્રોનો ગેરકાયદે



દુરુપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં ઓપ્ટિમસ પ્રાઈમ નામના પાત્ર દ્વારા એક દાઢીવાળા બ્રાઉન વ્યક્તિ એટલે કે મિસ્ટર સિંહ સામે ઊભા રહીને સેલ્ફ-ડિપોર્ટ કરો અથવા ગંભીર પરિણામો ભોગવવા તૈયાર રહો તેવી ખુલ્લી ધમકી આપવામાં આવી હતી. આ પોસ્ટના અપમાનજનક કેપ્શનમાં એવા શબ્દો લખવામાં આવ્યા હતા કે અમારા રસ્તાઓ પરથી હટી જાઓ કારણ કે તમને ગાડી ચલાવતાં નથી આવડતી, જેણે સમગ્ર ભારતીય ડાયસ્પોરાની ભાવનાઓને ગંભીર ઠેસ પહોંચાડી હતી. ભારતીય અને શીખ સમુદાયમાં સિંહ અટકનો વ્યાપક અને ગૌરવપૂર્ણ ઉપયોગ થતો હોવાથી આ કૃત્ય સીધો જાતિગત અને સમુદાય-વિશેષ પર કરવામાં આવેલો નસ્લવાદી પ્રહાર હોવાનું સાબિત થયું, જેના કારણે અમેરિકામાં વસતા નાગરિકો તેમજ માનવાધિકાર સંગઠનોમાં ભારે આક્રોશ ફેલાઈ ગયો હતો. હિન્દુ અમેરિકન ફાઉન્ડેશન દ્વારા આ ઘટનાની આકરા શબ્દોમાં સખત નિંદા કરવામાં આવી અને સ્પષ્ટ કરાયું કે સિંહ હિન્દુ પણ છે અને શીખ પણ છે, તેઓ ગર્વથી અમેરિકન છે તેમજ તેઓ તમામ ક્ષેત્રોમાં સક્ષમ છે, જેથી આ પ્રકારનું ભારત-વિરોધી ટ્રોલિંગ દેશના સામૂહિક અંતરાત્માને ઝકઝોરી નાખનારૂં છે. શીખ કોએલિશન દ્વારા પણ આ મામલે આકરો વિરોધ નોંધાવવામાં આવ્યો અને જણાવવામાં આવ્યું કે નવ-એગ્લવનની દુર્ઘટનાના પચીસ વર્ષીય લાંબા ગાળા પછી પણ શીખોને તેમના બાહ્ય દેખાવ અને ધાર્મિક ઓળખના આધારે નિશાન બનાવવાની માનસિકતા હજી પણ અકબંધ છે.


**દુર્ઘટના** | **પાઈપર પીટી-34 વિમાન ક્રેશ થયું, એર ટ્રાફિક કંટ્રોલ સાથે સંપર્ક તૂટ્યો**

# બર્મુડા ટ્રાયંગલમાં ફરી રહસ્યમય બનાવ બન્યો

(એજન્સી) મિયામી । તા. 11

વિશ્વભરમાં પોતાના રહસ્યમય અને વણઉકેલાયેલા કોયડાઓ માટે કુખ્યાત બર્મુડા ટ્રાયંગલના દરિયાઈ પ્રદેશમાંથી વધુ એક ગંભીર દુર્ઘટનાના સમાચાર સામે આવી રહ્યા છે, જ્યાં ફ્લોરિડાના એક પ્રતિષ્ઠિત દંપતી અને તેમના બે યુવાન પૌત્ર-પૌત્રીઓને લઈને જઈ રહેલું પાંચ સીટર પાઈપર પીટી-34 વિમાન એંડ્રોસ આયલેન્ડના દરિયાકાંઠા પાસે રહસ્યમય સંજોગોમાં ક્રેશ થઈ જતાં સવાર તમામ ચારેય લોકોના કરુણ મોત નિપજ્યા છે, જેના કારણે સ્થાનિક સ્તરે અને પરિવારમાં ભારે શોકનો માહોલ છવાઈ ગયો છે.

આ પરિવાર બહામાસના ગ્રેટ હાર્બર કે ખાતે લેબર ડેની રજાઓ આનંદપૂર્વક વિતાવ્યા બાદ સોમવારે સવારે અગિયાર વાગ્યે ને પંદર મિનિટે મિયામી એક્ઝિક્યુટિવ એરપોર્ટ પર પરત ફરવા માટે પોતાના ખાનગી વિમાનમાં રવાના થયો હતો. મુસાફરી દરમિયાન અચાનક જ આ વિમાનનો સ્થાનિક એર ટ્રાફિક કંટ્રોલ સાથેનો રેડિયો સંપર્ક સંપૂર્ણપણે તૂટી ગયો



હતો, જેના કારણે વિમાન કઈ દિશામાં ગાયબ થઈ ગયું તેની કોઈ ચોક્કસ દિશા કે માહિતી તંત્ર પાસે ઉપલબ્ધ રહી ન હતી. રોયલ બહામાસ પોલીસ ફોર્સ દ્વારા જાહેર કરાયેલા નિવેદન મુજબ આ વિમાનને એંસી વર્ષની વયના અત્યંત અનુભવી પાયલટ માલિયો લમાર ચલાવી રહ્યા હતા, જેમની પાસે ઉડ્ડયન ક્ષેત્રનો ચાળસ વર્ષનો લાંબો અને સમૃદ્ધ અનુભવ હતો, તેમ છતાં આ ભયાનક દુર્ઘટના ટળી શકી ન હતી. તેમની સાથે આ પ્રવાસમાં તેમની ઓગણ્યાસી વર્ષીય પત્ની લિલી લમાર તેમજ તેમના યુવાન પૌત્ર-પૌત્રીઓ સોફી સોસા અને ક્રિશ્ચિયન સોસા પણ સવાર હતા, જેઓ આ હવાઈ સફર દરમિયાન કાળનો ભોગ બન્યા છે.

વિમાનનો અચાનક સંપર્ક તૂટી જવાની જાણ થતાં જ ચિંતાતુર પરિવાર દ્વારા તાત્કાલિક ધોરણે સત્તાવાળાઓને જાણ કરવામાં આવી હતી, અને મંગળવારે બહામાસના સૌથી મોટા ટાપુ એંડ્રોસ નજીક આ વિમાન દુર્ઘટનાગ્રસ્ત હાલતમાં મળી આવ્યું હોવાની પુષ્ટિ કરવામાં આવી હતી. આ દુખદ ઘડીમાં પ્રશાસનની રાહ જોયા વિના પરિવારે ખુદ પોતાની અંગત હોડીઓ દરિયામાં ઉતારીને ભારે જહેમત બાદ પોતાના સ્વજનોના પાર્થિવ દેહને પાણીમાંથી બહાર લાવ્યા હતા, જેણે સૌ કોઈની આંખો ભીની કરી દીધી છે. બર્મુડા ટ્રાયંગલ એવો ખતરનાક અને દુર્ગમ દરિયાઈ પ્રદેશ છે જ્યાં ભૂતકાળમાં પણ અસંખ્ય જહાજો, માલવાહક બોટ અને વિમાનો કોઈ પણ પ્રકારના પૂર્વ સંકેત વિના અચાનક રહસ્યમય સંજોગોમાં ગાયબ થઈ ચૂક્યા છે.

## ઈરાન સાથે યુદ્ધ ટ્રમ્પના અંત સુધી ચાલશે, વ્હાઈટ હાઉસના સલાહકારોની ચેતવણી

(એજન્સી) વોશિંગ્ટન । તા. 11

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સૈન્ય સંઘર્ષને લઈને વોશિંગ્ટનમાંથી એક અત્યંત ચોંકાવનારા અને સનસનાટીભર્યા સમાચાર સામે આવી રહ્યા છે, જ્યાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વ્હાઈટ હાઉસના વરિષ્ઠ સલાહકારો અને અધિકારીઓ દ્વારા પ્રમુખને સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે ઈરાન સાથેનું આ યુદ્ધ માત્ર બે કે ત્રણ મહિના નહીં પરંતુ તેમના સમગ્ર કાર્યકાળના અંત સુધી લંબાઈ શકે છે, જેના કારણે વૈશ્વિક રાજકારણમાં અને બજારમાં ભારે હડકંપ મચી ગયો છે.

અગાઉ એવી વ્યાપક માન્યતા પ્રવર્તતી હતી કે અમેરિકા સામેના સૈન્ય સંઘર્ષમાં ઈરાન વધુમાં વધુ છ મહિના જ ટકવાની ક્ષમતા ધરાવે છે, પરંતુ વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ મુજબ આ ધારણા સંપૂર્ણપણે ખોટી સાબિત થઈ છે અને ઈરાન અમેરિકાના આર્થિક પ્રતિબંધો વચ્ચે પણ સતત મજબૂત પ્રતિરોધ જાળવી રાખવાની ક્ષમતા ધરાવે છે. પ્રમુખ ટ્રમ્પ સાથે વાઈસ પ્રેસિડેન્ટ જેડી વાન્સ અને વિદેશ પ્રધાન માર્કો રુબિયોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં અધિકારીઓએ સ્પષ્ટ કર્યું કે ચૂંટણીઓ પૂરી થતાં જ યુદ્ધ પૂરું થઈ જશે તેવા દાવાઓ વાસ્તવિકતાથી કોસો દૂર છે.

આ યુદ્ધની જ્વાળાઓ હવે માત્ર જમીન પૂરતી સીમિત નથી રહી પરંતુ યમનમાં હુથી બળવાખોરો દ્વારા વ્યૂહાત્મક રેડ સી પોર્ટ સિટી મોખામાં પ્રવેશ કરવાના અહેવાલોએ સમગ્ર મધ્યપૂર્વ, યુરોપ અને એશિયાની ચિંતાઓમાં વધારો કરી દીધો છે. મોખા ખાતે બાબ-અલ-મંડેબ દરિયાઈ જળમાર્ગ માત્ર અસી કિલોમીટરના અંતરે હોવાથી ત્યાંથી પસાર થતા જહાજો પર હુમલા કરવાનું હુથીઓ માટે અત્યંત સરળ બની ગયું છે.

કિફાયતી ઘર, સસ્તા ભાડાના મકાન અને હોમ લોન પર વ્યાજ સબસિડીનો સમાવેશ થાય

# ઘર બનાવવા માટે 1,50,000 આપશે સરકાર, લોન પર 4% સબસિડી પણ મળશે, કોને મળશે ફાયદો

(એજન્સી) નવી દિલ્હી | તા.11

શહેરી પરિવારોને ઘરનું ઘર આપવા કેન્દ્રની પ્રધાનમંત્રી આવાસ યોજના 2.0 (PMAY 2.0) હેઠળ 4 કેટેગરીમાં લાભ મળશે. પોતાની જમીન પર મકાન બનાવવા 1.50 લાખ રૂપિયાની સહાય, જ્યારે જમીન ન હોય તો કિફાયતી ઘર અને સસ્તા ભાડાના મકાનની સુવિધા મળશે. 8 લાખ સુધીની હોમ લોન પર 4% વ્યાજ સબસિડી પણ ઉપલબ્ધ છે. પોતાનું ઘર ખરીદવા કે બનાવવાનું સપનું જોતા શહેરી પરિવારો માટે કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના 2.0 (PMAY 2.0) મહત્વની યોજના છે. આ યોજનાનો હેતુ શહેરી વિસ્તારમાં રહેતા આર્થિક રીતે નબળા અને અન્ય પાત્ર પરિવારોને પાકું ઘર મેળવવામાં મદદ કરવાનો છે. યોજના હેઠળ ઘર બનાવવા માટે નાણાકીય સહાય, કિફાયતી ઘર અને લોન પર વ્યાજ સબસિડી જેવી સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

PMAY 2.0ને વિવિધ જરૂરિયાત ધરાવતા પરિવારોને ધ્યાનમાં રાખીને ચાર કેટેગરીમાં અમલમાં મૂકવામાં આવી રહી છે. તેમાં પોતે ઘર બનાવવા માટે આર્થિક સહાય, એજન્સીઓની મદદથી કિફાયતી ઘર, સસ્તા ભાડાના મકાન અને હોમ લોન પર વ્યાજ સબસિડીનો સમાવેશ થાય છે.જે પરિવારો પાસે પોતાની જમીન છે પરંતુ પાકું મકાન બનાવવા માટે પૂરતા પૈસા નથી, તેમને સરકાર તરફથી નાણાકીય સહાય મળી શકે છે. પાત્ર લાભાર્થીને પાકું મકાન બનાવવા માટે 1.50 લાખ રૂપિયા સુધીની સહાય આપવાની જોગવાઈ છે.

જે પરિવારો પાસે પોતાની જમીન નથી તેમના માટે સરકાર ખાનગી અથવા જાહેર એજન્સીઓ સાથે મળીને કિફાયતી આવાસ તૈયાર કરશે. EWS કેટેગરીના પાત્ર લાભાર્થીઓને આ અંતર્ગત 1.50 લાખ રૂપિયા સુધીની નાણાકીય સહાયનો લાભ મળી શકે છે. શહેરોમાં રોજગાર માટે આવતા પ્રવાસી શ્રમિકો અને અન્ય જરૂરિયાતમંદ લોકો માટે સસ્તા ભાડાના મકાનની વ્યવસ્થા કરવાનો પણ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. તેનો હેતુ એવા લોકોને પોસાય તેવા ભાડે રહેઠાણ ઉપલબ્ધ કરાવવાનો છે.યોજનામાં પાત્ર લાભાર્થીઓ માટે હોમ લોન પર વ્યાજ સબસિડીની પણ જોગવાઈ છે. આપેલી વિગતો મુજબ 8 લાખ રૂપિયા સુધીની લોન પર વાર્ષિક 4 ટકાની વ્યાજ સબસિડી મળી શકે છે. ઉદાહરણ તરીકે, લોન પર 9 ટકા વ્યાજ હોય તો સબસિડી બાદ અસરકારક વ્યાજદર 5 ટકા રહેવાની ગણતરી થાય છે.યોજનાના પાત્ર લાભાર્થી માટે આવક અને મકાન માલિકી સંબંધિત શરતો લાગુ પડે છે. EWS પરિવાર માટે વાર્ષિક આવક 3 લાખ રૂપિયા સુધી હોવાની શરત છે. સાથે જ અરજદાર અથવા તેના પરિવારના કોઈ સભ્યના નામે ભારતમાં ક્યાંય પણ પાકું મકાન ન હોવું જોઈએ. જો પરિવારે અગાઉ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ પાકું મકાન મેળવ્યું હોય તો તે પરિવારને ફરી આ લાભ માટે પાત્ર ન ગણવામાં આવી શકે. યોજના હેઠળ અંતિમ પાત્રતા અને લાભ સંબંધિત નિયમો સરકારની સત્તાવાર માર્ગદર્શિકા મુજબ નક્કી થશે.

## 'મને વિશ્વાસ છે કે આપણી ચર્ચા સકારાત્મક રહેશે', BRICS સમિટના વૈશ્વિક મહેમાનોને PM મોદીનો મેસેજ



(એજન્સી) નવી દિલ્હી | તા.11

દિલ્હીના ભારત મંડપમ ખાતે 18મા BRICS શિખર સંમેલનનો આજથી પ્રારંભ થયો, જે 13 સપ્ટેમ્બર સુધી ચાલશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વભરના નેતાઓનું સ્વાગત કર્યું છે અને સકારાત્મક ચર્ચાની આશા વ્યક્ત કરી. આ સમિટમાં રશિયાના પુતિન, ચીનના શી જિનપિંગ સહિત ઘણા દેશોના રાષ્ટ્રાધ્યક્ષો ભાગ લેશે. દિલ્હીમાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. દિલ્હીના પ્રગતિ મેદાન સ્થિત ભારત મંડપમ ખાતે 18મા BRICS શિખર સંમેલનનો આજથી પ્રારંભ થયો છે, જે 13 સપ્ટેમ્બર સુધી ચાલશે. આ વૈશ્વિક મહાસંમેલનમાં ભાગ લેવા માટે દુનિયાભરના દિગ્ગજ નેતાઓ દિલ્હી પહોંચી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ તમામ વૈશ્વિક મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું છે અને સકારાત્મક ચર્ચા થવાની પૂરી આશા વ્યક્ત કરી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને જણાવ્યું છે કે આગામી દિવસોમાં વિશ્વભરના અગ્રણી નેતાઓ BRICS સમિટ માટે એકત્ર થઈ રહ્યા છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આ સંમેલન દ્વારા વિશ્વ કલ્યાણની ભાવના સાથે વિવિધ વૈશ્વિક મુદ્દાઓ પર સકારાત્મક અને સાર્થક ચર્ચાઓ કરવામાં આવશે. આ સાથે જ પીએમ મોદીએ એક પ્રાચીન સંસ્કૃત શ્લોક ટાંકીને સારા લોકોની સંગતિ રાખવા, તેમજ સજ્જનો સાથે સંવાદ અને મિત્રતા સ્થાપિત કરવાનો મહત્ત્વપૂર્ણ સંદેશ પણ આપ્યો છે.

ંતરરાષ્ટ્રીય સ્તરના આ ભવ્ય આયોજન માટે રાજધાની દિલ્હીમાં સુરક્ષાના અત્યંત કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યા છે. સુરક્ષા વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને અંદાજે 15 હજાર પોલીસકર્મીઓ, અર્ધલશ્કરી દળોની 200 કંપનીઓ અને 500થી વધુ સીસીટીવી કેમેરા તહેનાત કરવામાં આવ્યા છે. આ સમિટમાં ભાગ લેવા માટે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન દિલ્હી પહોંચી ચૂક્યા છે.

## News Brief

### બ્રિક્સ માટે દિલ્હી અભેદ્ય કિલ્લો બની : એન્ટી ડ્રોન સિસ્ટમ એક્ટિવ


નવી દિલ્હી : પશ્ચિમ એશિયા સંકટ, યુદ્ધ, પ્રતિબંધો, ટેરિફ વોરને પગલે વૈશ્વિક વ્યવસ્થાઓ કથળી ગઈ છે ત્યારે ૧૨-૧૩ સપ્ટેમ્બરે રાજધાની દિલ્હીમાં યોજાઈ રહેલા બ્રિક્સ સંમેલન પર સમગ્ર દુનિયાની નજર છે. આ બ્રિક્સ સંમેલનમાં રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિન, ચીનના પ્રમુખ શી જિનપિંગ ભારત આવી રહ્યા છે. ગલવાન હિંસા પછી જિનપિંગનો આ પહેલો ભારત પ્રવાસ છે. વધુમાં કુલ ૧૧ દેશોના વડા આવી રહ્યા હોવાથી રાજધાની દિલ્હીને અભેદ્ય કિલ્લામાં ફેરવી દેવાઈ છે તથા એન્ટી ડ્રોન સિસ્ટમ પણ એક્ટિવ કરાઈ છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણ પર ૧૮મા બ્રિક્સ સંમેલનમાં હાજરી આપવા માટે રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિન અને ચીનના પ્રમુખ શી જિનપિંગ ભારત આવી રહ્યા છે. બ્રિક્સ બેઠક શનિવારે અને રવિવારે યોજાવાની છે. જોકે, આ પહેલાં શુક્રવારે વડાપ્રધાન મોદી અને રશિયન પ્રમુખ પુતિન વચ્ચે દ્વિપક્ષીય બેઠક થશે. આ બેઠકમાં યુક્રેન અને ઈરાન વચ્ચે યુદ્ધો પર ચર્ચાની સાથે દ્વિપક્ષીય આર્થિક અને સંરક્ષણ સંબંધોને મજબૂત કરવા પર ચર્ચા થશે. ઉપરાંત ભારત અને રશિયા વચ્ચે કેટલાક મહત્વના કરાર થાય તેવી સંભાવના છે.આ સિવાય ચીનના પ્રમુખ શી જિનપિંગ સાત વર્ષ પછી પહેલી વખત ભારત આવી રહ્યા છે. ચીનના વિદેશ મંત્રાલયે ગુરુવારે જિનપિંગના ભારત પ્રવાસની પુષ્ટી કરી છે. જોકે, તેમણે જિનપિંગના પ્રવાસ અંગે અન્ય કોઈ વિગતો જાહેર કરી નથી.

### 'અમે પાર્ટી કે ચૂંટણી રાજકારણથી આગળ લઈ જઈશું અમારું આંદોલન'

નવી દિલ્હી | કોકરોચ જનતા પાર્ટીના નેતા અભિજિત દીપકેએ જણાવ્યું કે, તેમની પાર્ટીનો ઉદ્દેશ્ય માત્ર ચૂંટણી લડવાનો નથી, પરંતુ મોટો બદલાવ લાવવાનો છે. અમેરિકાથી પરત ફરી, તેમણે 'નીટ' પેપર લીક અને 'સ્કૂલ ઠીક કરો' અભિયાનનું નેતૃત્વ કર્યું. દીપકેએ 'એન્ટી નેશનલ' ટેગ મળ્યા છતાં ભારત આવવાનો નિર્ણય કર્યો. તેમનો હેતુ સામાન્ય લોકોને તેમના અધિકારો માટે જાગૃત કરવાનો છે.કોકરોચ જનતા પાર્ટીના નેતા અભિજિત દીપકેએ જણાવ્યું છે કે, 'અમારી પાર્ટીનો મુખ્ય હેતુ માત્ર ચૂંટણી લડવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ ચૂંટણીથી પણ આગળ વધીને એક મોટો બદલાવ લાવવાનો છે.' તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં તેણે અમેરિકાથી ભારત પરત ફરવા, કોકરોચ આંદોલન અને CJP (કોકરોચ જનતા પાર્ટી)ના ભવિષ્ય વિશે વિગતવાર વાતચીત કરી છે. તેણે સ્પષ્ટ કર્યું છે કે હવે અમે મેદાનમાં ઉતરી ગયા છે અને આ આંદોલનને જીવંત રાખવા માટે સંભવ પ્રયાસ કરી રહ્યા છે.ગયા વર્ષે મે મહિનામાં દેશના ચીફ જસ્ટિસની એક ટિપ્પણી બાદ 30 વર્ષીય અભિજિત દીપકેએ સોશિયલ મીડિયા પર 'કોકરોચ જનતા પાર્ટી'ની સ્થાપના કરી હતી. તેમણે આ અભિયાન એક તંજ અથવા કટાક્ષ તરીકે શરૂ કર્યું હતું, પરંતુ ટૂંક સમયમાં જ આ આંદોલન સાથે લાખો લોકો જોડાઈ ગયા અને દીપકે ભારે ચર્ચામાં આવી ગયા.

ભવિષ્યમાં પ્લમ્બર, ઈલેક્ટ્રિશિયન, મિસ્ત્રી અથવા ડ્રાઈવર સાથે લગ્ન કરવા વધુ સુરક્ષિત સાબિત થઈ શકે

## AI છીનવી લેશે નોકરી? ટેક પ્રોફેશનલ સાથે લગ્નના પ્રસ્તાવ ઠુકરાવા લાગી મહિલાઓ!



(એજન્સી) નવી દિલ્હી | તા.11

AIના વધતા પ્રભાવથી નોકરીઓ પર સંકટનો ભય વધ્યો છે. તાજેતરમાં, એક યુવતીએ સોફ્ટવેર એન્જિનિયર સાથે લગ્ન કરવાની ના પાડી, કારણ કે તેને AI દ્વારા નોકરી ગુમાવવાનો ડર હતો. ભારતીય મેચમેકિંગ માર્કેટમાં પ્રીમિયમ ગણાતી આ નોકરી પર હવે AIનો ખતરો મંડરાઈ રહ્યો છે. લોકો હવે જોબ સિક્યોરિટીને પ્રાધાન્ય આપી રહ્યા છે, અને મજાકમાં પ્લમ્બર જેવી નોકરીઓને વધુ સુરક્ષિત ગણી રહ્યા છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો વ્યાપ દિન-પ્રતિદિન વધી રહ્યો છે, જેની અસર હવે માત્ર પ્રોફેશનલ લાઈફ પર જ નહીં પરંતુ વ્યક્તિગત સંબંધો અને જીવનસાથીની પસંદગી પર પણ સ્પષ્ટપણે જોવા મળી રહી છે. હાલમાં જ સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલી એક ઘટનામાં એક યુવતીએ માત્ર એટલા માટે સોફ્ટવેર ઈજનેર સાથે લગ્ન કરવાની ના પાડી દીધી કારણ કે તેને ડર હતો કે ભવિષ્યમાં AI તેની નોકરી છીનવી શકે છે. ભારતીય મેચમેકિંગ માર્કેટમાં લાંબા સમયથી સોફ્ટવેર ઈજનેરની નોકરી સૌથી પ્રીમિયમ અને લોકપ્રિય માનવામાં આવતી હતી. આકર્ષક સેલેરી, વિદેશમાં કામ કરવાની તકો અને અમેરિકન વિઝાની સંભાવનાઓને કારણે મોટાભાગના પરિવારો આ સંબંધોને પ્રાથમિકતા આપતા હતા. પરંતુ, ટેક સેક્ટરમાં સતત થઈ રહેલા લે-ઓફ અને AIની ઝડપી પ્રગતિએ આ આખી તસવીર બદલી નાખી છે. હવે કેટલાક લોકો જોબ સિક્યોરિટીને ધ્યાનમાં રાખીને આખા પ્રોફેશનને જ જોખમી માની રહ્યા છે. આજના સમયમાં એવું કોઈ ક્ષેત્ર નથી જેને સંપૂર્ણપણે સુરક્ષિત કહી શકાય. ટેક્નોલોજી ઉપરાંત ફાઈનાન્સ, ડિઝાઈન, કન્સલ્ટિંગ, લૉ અને હેલ્થકેર જેવા ક્ષેત્રો પર પણ AIની અસર જોવા મળી રહી છે.

જો માત્ર નોકરીની સુરક્ષાને જ લગ્નનો આધાર બનાવી દેવામાં આવે, તો ભવિષ્યમાં કોઈ પણ વ્યવસાય સુરક્ષિત નહીં ગણાય. આ પરિસ્થિતિને જોતા સોશિયલ મીડિયા પર લોકો મજાકિયા અંદાજમાં એવું પણ કહી રહ્યા છે કે ભવિષ્યમાં પ્લમ્બર, ઈલેક્ટ્રિશિયન, મિસ્ત્રી અથવા કેબ ડ્રાઈવર સાથે લગ્ન કરવા વધુ સુરક્ષિત સાબિત થઈ શકે છે, કારણ કે આ નોકરીઓ પર AIનો પ્રભાવ ઓછો છે અને તેમાં સ્વતંત્ર બિઝનેસ શરૂ કરવાની પણ સારી તકો રહેલી છે.

## બેંકમાં ઘૂસી કર્મચારીઓની આંખમાં મરચું છાંટી લાખોની લૂંટ, નાગપુરમાં ચોંકાવનારી ઘટના



(એજન્સી) નાગપુર | તા.11

નાગપુરની SBI બેંકમાં ફિલ્મી સ્ટાઈલમાં લૂંટ થઈ. એક શખ્શે મરચાનો પાઉડર છાંટી 4 લાખ રૂપિયાની લૂંટ ચલાવી હતી. જોકે, પોલીસે ગણતરીના 30 મિનિટમાં જ તેને દબોચી લીધો અને લૂંટાયેલી રકમ પાછી મેળવી લીધી. હાલ પોલીસ વધુ તપાસ કરી રહી છે.મહારાષ્ટ્રના નાગપુરમાં એક ચોંકાવનારી ઘટના બની હતી. અહીં ફિલ્મી સ્ટાઈલમાં એક ચોરીનો મામલો સામે આવ્યો છે. સક્કરદરા વિસ્તારમાં આવેલી એસબીઆઈ બેંકમાં એક લૂંટારૂ ઘૂસી આવ્યો હતો. તેણે મરચાનો પાઉડર છાંટી 4 લાખ રૂપિયાની લૂંટ ચલાવીને ત્યાંથી નાસી ગયો હતો.જોકે આ ઘટનાની જાણ થતાં જ પોલીસે સીસીટીવીની મદદથી આરોપીને માત્ર અડધા કલાકમાં દબોચી લીધો હતો અને તેની પાસેથી લૂંટની રકમ કબજે કરી લીધી હતી. હવે પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે તેણે કયા ઉદ્દેશ્યથી આ ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે તેણે ફિલ્મી સ્ટાઈલમાં બેંકના દરેક કર્મચારીની આંખમાં મરચું છાંટવાનો પ્રયાસ કર્યો હતો જેના સીસીટીવી સામે આવ્યા હતા.

## ભારત પાસે કેટલા પરમાણુ હથિયાર? પાકિસ્તાન-ચીનની ઊંઘ ઉડાડી દેતો રિપોર્ટ



(એજન્સી) નવી દિલ્હી | તા.11

અમેરિકાની FASના રિપોર્ટ મુજબ, ભારત પાસે 190 પરમાણુ હથિયારો છે, જેમાંથી 160થી વધુ સક્રિય ડિલિવરી સિસ્ટમ સાથે જોડાયેલા છે. બાકીના હથિયારો અગ્નિ-પ્રાઈમ અને K-4 જેવી નવી મિસાઈલો માટે તૈયાર છે. ભારતે 'નો-ફર્સ્ટ-યુઝ' નીતિ અને પરમાણુ પરીક્ષણ પર સ્વૈચ્છિક રોક જાળવી રાખી છે, જે તેની જવાબદાર પરમાણુ નીતિ દર્શાવે છે. અમેરિકાની ફેડરેશન ઓફ અમેરિકન સાયન્ટિફિક્સ (FAS) દ્વારા તાજેતરમાં ભારતના પરમાણુ હથિયારો અંગે એક મોટો ખુલાસો કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ મુજબ હાલમાં ભારત પાસે અંદાજે 190 જેટલા અસેમ્બલ કરેલા પરમાણુ હથિયારો ઉપલબ્ધ છે, જેમાંથી 160થી વધુ હથિયારો સક્રિય ડિલિવરી સિસ્ટમ સાથે જોડાયેલા છે.FAS જેવા સંગઠનોના અંદાજો વૈશ્વિક સ્તરે હંમેશા ચર્ચાનો વિષય બને છે કારણ કે પરમાણુ શક્તિ ધરાવતા દેશો પોતાના ભંડારની ચોક્કસ સંખ્યા જાહેરમાં જાહેર કરતા નથી અને ભારત પણ આ જ પદ્ધતિનું પાલન કરે છે. રિપોર્ટ અનુસાર ભલે કુલ ભંડાર 190 હથિયારોનો હોય, પરંતુ લૉન્ચર્સ સાથે જોડાયેલા હથિયારોની સંખ્યા 160 આસપાસ છે. બાકીના વધારાના હથિયારો એવા ક્ષેત્રો અથવા મિસાઈલો માટે બનાવવામાં આવ્યા છે જે હાલમાં ઉત્પાદન કે વિકાસના તબક્કામાં છે, જેમાં અગ્નિ-પ્રાઈમ અને લાંબા અંતરની K-4 જેવી મિસાઈલોનો સમાવેશ થાય છે. વિશેષજ્ઞોના મતે આ કોઈ અવ્યવસ્થા નથી પરંતુ પરમાણુ રણનીતિનો સામાન્ય હિસ્સો છે, જેથી નવી સિસ્ટમ તૈયાર થતાં જ હથિયારો તુરંત ઉપલબ્ધ થઈ શકે.વધારાના હથિયારો રાખવા પાછળનો મુખ્ય હેતુ ભવિષ્યની જરૂરિયાતો અને કટોકટીના સમયમાં ઝડપથી તહેનાતી કરવાનો છે.

## સીજેપીના દેખાવોમાં વિદ્યાર્થીઓ પર હિંસા કરનારા ખુલ્લેઆમ ફરી રહ્યા છે : સુપ્રીમ

નવી દિલ્હી : જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના દેખાવો સમયે વિદ્યાર્થીઓ પર હિંસા કરનારા ખુલ્લેઆમ ફરી રહ્યા છે. વિરોધ પ્રદર્શનમાં જોડાયેલા સગીરોને ડરાવવા, ધમકાવવામાં આવી રહ્યા હોવાના આરોપોને હળવાશથી લઈ શકાય નહીં તેમ સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું. આ સાથે સીજેપીના દેખાવો સમયે ૧૭ મેટ્રો સ્ટેશનો બંધ રાખવા મુદ્દે પણ સુપ્રીમ કોર્ટે આકરું વલણ અપનાવ્યું હતું.સીજેપીના દેખાવોમાં જોડાયેલી ૧૪ વર્ષની સગીરાએ તેને ડરાવવા-ધમકાવવામાં આવી હોવાના તથા તેના ઘરે પથ્થરો ફેંકાયા હોવાના આક્ષેપો કરતા સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. આ અરજીની સુનાવણી કરતા મુખ્ય ન્યાયાધીશના અધ્યક્ષપદે બનેલી બેન્ચે કહ્યું કે, સગીરાને ડરાવવા-ધમકાવવાના આરોપોને હળવાશથી લઈ શકાય નહીં. ન્યાયાધીશો જોયમાલ્યા બાગચી અને વી. મોહનાને સમાવતી બેન્ચે એ બાબત પર ભાર મૂક્યો કે કોઈપણ વ્યક્તિને ગુનાઈત કાર્યવાહી આગળ વધતી રોકવા માટે પીડિત અથવા તેના પરિવારને ડરાવવા-ધમકાવવાની મંજૂરી આપી શકાય નહીં. આ સાથે બેન્ચે ઉત્તર પ્રદેશ અને દિલ્હી પાસે એફઆઈઆર, સગીરા અને તેના પરિવારની સુરક્ષાની વ્યવસ્થા તથા મારપીટ અને ડરાવવા-ધમકાવવાના કેસમાં કથિત રીતે સંડોવાયેલા લોકો વિરુદ્ધ કરાયેલી કાર્યવાહી અંગે મૌખિકરૂપે સ્ટેટસ રિપોર્ટ માગ્યો હતો.

## 80 ના દશકાના ટ્રેન્ડને ભાજપ-કોંગ્રેસે રાજકીય અખાડો બનાવી દીધો

નવી દિલ્હી : સોશિયલ મીડિયામાં અત્યારે ૮૦ના દશકાનો નવો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. લોકો ચેટજીપીટીને પ્રોમ્પ્ટ આપીને પોતાની તસવીરોમાં ૮૦ના દશકાનો લૂક બનાવે છે અને પછી તેને ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, એક્સ અને વોટ્સએપમાં શેર કરે છે. આ ટ્રેન્ડ હવે જાણે ભાજપ-કોંગ્રેસ વચ્ચે સોશિયલ મીડિયામાં જંગનું મેદાન બની ગયો છે. બંને પાર્ટીઓએ ૮૦ના દશકાના આ ટ્રેન્ડમાં રાજકીય રંગ ભેળવ્યો છે.કેરળ કોંગ્રેસે ૮૦ના દશકાના આ ટ્રેન્ડમાં ઝંપલાવીને એક ફોટો પોસ્ટ કર્યો હતો. એના કેપ્શનમાં લખ્યું હતું - ૮૦ના દશકામાં ગુજરાતનો એક રસ્તો. તસવીરમાં એક વ્યક્તિ દેખાય છે, જેના ભરાવદાર ચહેરા પર કાળી દાઢી છે, માથામાં વાળ નથી, તિલક કર્યું છે અને તે જૂની હિન્દી ફિલ્મોમાં વિલનો વાન ચલાવતા એ રીતે વાન ચલાવે છે. કેરળ કોંગ્રેસે જ પછી તો કોઈ રેલવે સ્ટેશન બતાવીને ચાની લારીએ લોકોના ખીસ્સામાંથી પોકેટ મારતો એક નેતા પણ બતાવ્યો.આ પછી તેલંગણા ભાજપે ચેટજીપીટીમાંથી ૮૦ના દશકાના ટ્રેન્ડનો એક ફોટો બનાવ્યો હતો. એમાં બાર ડાન્સર લાલ કપડાંમાં ટેબલ પર ડાન્સ કરી રહી છે. તેની પાછળ દારૂની બોટલો દેખાય છે. ચાર પુરુષો અને એક મહિલા એ ડાન્સને જુએ છે. તેલંગણા ભાજપે કેરળ કોંગ્રેસના ફોટોને રિપોસ્ટ કરીને બાર ડાન્સરની ઈમેજ સાથે કેપ્શનમાં લખ્યું: લુસિયાના, ઈટલી. અંદાજે ૧૯૭૦નો સમયગાળો. પોસ્ટમાં કોઈનું નામ લખ્યું ન હતું.આ બે-ત્રણ પોસ્ટ થઈ તે પછી ભાજપ અને કોંગ્રેસની વિવિધ પ્રદેશ કમિટીઓના સોશિયલ મીડિયામાંથી પણ સામ-સામી આવી પોસ્ટ જુદા જુદા કેપ્શન સાથે થઈ હતી.

## ભારતના કૃત્રિમ સૂર્યએ પહેલી વખત પરીક્ષણ વખતે પ્લાઝ્માનું સર્જન કર્યું



બેંગલુરુ : ભારતની પ્રાઈવેટ ફ્યૂઝન રિસર્ચ ફર્મ પ્રનોસ ફ્યૂઝને કૃત્રિમ સૂર્ય બનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ સફળતા મેળવી છે. ચીન, અમેરિકા, દક્ષિણ કોરિયા, જાપાન જેવા ઘણાં દેશો કૃત્રિમ સૂર્ય બનાવવાના પ્રયોગો કરી રહ્યા છે. હવે એમાં ભારતમાં થયેલા સંશોધનને પણ ગણતરીમાં લેવાશે. ભારતીય કંપનીએ કૃત્રિમ સૂર્યના પ્લાઝમા બનાવવાનો સૌપ્રથમ સફળ પ્રયોગ કરી બતાવ્યો છે.ભારતીય સંશોધકોએ લગભગ આઠ મહિનાની મહેનત બાદ ટોકામક મશીન બનાવ્યું છે. એ મશીનનો ઉપયોગ પ્લાઝમા કંટ્રોલ કરવા માટે થાય છે. તે ઉપરાંત અન્ય ફ્યૂઝનને લગતી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ પણ કૃત્રિમ સૂર્ય બનાવવામાં થાય છે. ૪૦ સેન્ટીમીટરના રેડિયન્સ ધરાવતા ટોકામક મશીનથી સંશોધકોએ પ્રજ્ઞા નામના આ સૂર્યનો સફળ પ્રયોગ કર્યો હતો. ૨૦ કરોડ ડિગ્રી સેન્ટીગ્રેડની ઉર્જા નિર્માણનો મહાપ્રયોગ સફળ થતાં હવે કંપનીએ નેટ એનર્જી રિએક્ટર બનાવવાનો લક્ષ્યાંક સેટ કર્યો છે. આ પ્રયોગમાં ગેસને એટલું ઊંચું તાપમાન આપવામાં આવે છે કે પ્લાઝમા બની જાય છે. આ લાવા જેવો ગરમ પ્લાઝમા ચુંબકીય બળથી કંટ્રોલ થાય છે.પ્રજ્ઞાનો હેતુ અત્યારે વીજળી ઉત્પાદનનો નથી. અત્યારે માત્ર પરીક્ષણો થશે. જોકે, કંપનીની યોજના છે કે આ પ્રોજેક્ટ બે દશકા સુધી ચાલશે.


### જના સ્મોલ ફાઈનાન્સ બેંક (શેડ્યુલ્ડ કોમર્શિયલ બેંક)

રજિસ્ટર્ડ ઓફિસ: ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નં. 10/1, 11/2 અને 12/2B, ડોમલુર ઓફ, કોરમંગલા ઈનર રિંગ રોડ, EGL બિઝનેસ પાર્ક પાસે, ચલ્લાઘટ્ટા, બેંગ્લોર-560071.

**સોનાના ઘરેણાંની હરાજી માટે જાહેર સૂચના**

નીચે જણાવેલ ધિરાણ લેનારાઓએ વારંવારની યાદી છતાં નિયત સમયમર્યાદામાં લોનની ચુકવણી કરવામાં અને સોનાના દાગીના છોડાવવામાં નિષ્ફળ રહ્યા છે. ઉપરોક્ત લોન ખાતાઓ હેઠળ ગીરવે મૂકવામાં આવેલ સોનાના દાગીના/ઝવેરાત નીચે સૂચિબદ્ધ ધિરાણ લેનારાઓના જાહેર/ઓનલાઈન/ખાનગી હરાજી દ્વારા તારીખ ૨૮.૦૯.૨૦૨૬ ના રોજ સવારે ૧૦.30 વાગ્યે અમારી શાખા પરિસરમાં વેચવામાં આવશે. ભાગ લેવા ઈચ્છુક લોકોને શાખાનો સંપર્ક કરવા વિનંતી છે. બેંક કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ બોલી સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે. કૃપા કરીને નોંધો કે જો હરાજી તે જ દિવસે પૂર્ણ નહીં થાય, તો તે જ નિયમો અને શરતો પર તે પછીના દિવસોમાં ચાલુ રહેશે. જો ગ્રાહકનું અવસાન થયું હોય તો હરાજીને લગતી તમામ શરતો નોમિની/કાનૂની વારસદારને લાગુ પડશે. ધિરાણ લેનારાઓને હરાજીની તારીખ પહેલાં અદ્યતન વ્યાજ અને આડકતરા ખર્ચ ચૂકવવા માટે આથી સૂચિત કરવામાં આવે છે, જેમાં નિષ્ફળ જઈને ગીરવે મૂકેલા સોનાના દાગીના વેચવામાં આવશે અને જો બાકી રકમ બાકી હશે તો વ્યાજ અને ખર્ચ સાથે વસૂલવામાં આવશે. કોઈપણ પ્રશ્નો અને નિયમો અને શરતો માટે શાખાનો સંપર્ક કરો. શાખાના સરનામાની વિગતો માટે www.janabank.com ની મુલાકાત લો.

| ક્રમ | લોન એકાઉન્ટ નંબર | દેવાદાર/સહ-દેવાદારનું નામ | ગીરો સોનાના દાગીનાનું કુલ વજન (ગ્રામમાં) |
|---|---|---|---|
| 1 | 32118730023816 | દેવાભાઈ ભાચારા | 2.48 |
| 2 | 32118730023766 | સેધુસિંહ ચૌહાણ | 12.31 |
| 3 | 32118730023591 | ભગવાનભાઈ ગુર્જર | 4.91 |
| 4 | 32118730022138 | કેતનસિંહ ચૌહાણ | 64.73 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, બીજો માળ, "મેઘદર્શન કોમ્પ્લેક્સ", ઓફિસ નં.3 & ૪, મેહલ પાર્ક, સર્કિટ હાઉસ હાઈવેની સામે, પાલનપુર-૩૮૫૦૦૧, ભારત.1સ્ટ ફ્લોર, સિગ્મા આર્કેડ, ચાંદખેડા, અમદાવાદ. | |
| 5 | 32148730006369 | આસારી વિશ્રામભાઈ | 3 |
| 6 | 32148730006458 | વનરાજસિંહ ચૌહાણ | 6.2 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, ત્રીજો ફ્લોર, હોલ નં.૪, પ્લોટ નં.૨૪, ૨૫, ૨૬, સર્વે નં.૬૩, હેત બિલ્ડ કેર, નાલંદા આર્કેડ, પૈકીમ, મોજે ખૈકપુર, તાલુકો, મોડાસા-૩૮૩૩૧૫, જી. અરવલ્લી, ભારત. | |
| 7 | 32108730007812 | બલોચ જુલિયાબેન | 6.6 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, ત્રીજો ફ્લોર, કૃષ્ણમ પ્લાઝા, ઓફિસ નં.ટી-૧૧, ટી-૧૨, ટી-૧૩, ટી-૧૪, આર.એસ. નં.૧૦૪૦, જિલ્લા અદાલતની સામે, પાટણ-૩૮૪૨૬૫, ભારત. | |
| 8 | 36498730023520 | ખાંડા ભાવેન્દ્રભાઈ | 11.35 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, ફર્સ્ટ ફ્લોર, નં.૧૧૩, ૧૧૪, ૧૧૫ & ૧૧૬, લોટસ આર્કેડ, ભક્તિનગર સ્ટેશન પ્લોટ, સત્ય વિજય આઈસ ક્રીમની સામે, ગોંડલ રોડ, રાજકોટ-૩૬૦૦૦૨, ભારત. | |
| 9 | 45258730003704 | ગાંગડિયા ભીમાભાઈ | 51.25 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, ગ્રાઉન્ડ ફ્લોર, G-3, "પ્રોટોન પ્લસ", પ્લોટ નં. 56, અડાજણ ગામ, એલ.પી. સવાણી રોડ, સ્ટાર બજાર પાસે, અડાજણ, સુરત-395009, ભારત | |
| 10 | 33998740003093 | ચિતારા મદાનલાલ | 24.69 |
| 11 | 33998730020517 | ચૌહાણ મંજીભાઈ | 31.9 |
| 12 | 33998730020454 | ચૌહાણ મંજીભાઈ | 16.53 |
| 13 | 33998730021088 | નકુલ નરેશ | 25.12 |
| 14 | 33998730020990 | અગ્રવાલ રામજીલાલ | 28.12 |
| 15 | 33998730020836 | વાકોડે અનિલ | 32.66 |
| 16 | 33998740002972 | સોલંકી નરેન્દ્રસિંહ | 31.09 |
| 17 | 33998730021190 | આકાશ પવાર | 23.78 |
| 18 | 33998740002893 | જાદવ સચાજી | 21.1 |
| 19 | 33998730020951 | ચિતારા મદાનલાલ | 15.92 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, બીજો માળ, સર્વે નં.૪૨૧, વેદ બંગલોઝની સામે, એરપોર્ટ રોડ, નાન ચિલોડા અમદાવાદ, નરોડા-૩૮૨૩૬૧, ભારત. | |
| 20 | 31998730010731 | પરમાર પુષ્પતસિંહ | 22.97 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, ગ્રાઉન્ડ ફ્લોર, ૩૧૨ શ્રી નિવાસ, અયોધ્યાપુરી સોસાયટી, નંદ કોમ્પ્લેક્સની પાસે, બામરોલી રોડ, ગોધરા-૩૮૯૦૦૧. | |
| 21 | 45228730003177 | ગૌતમભાઈ સોંદરશા | 2.95 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, ૧લો માળ, બિઝનેસ એવન્યુ, પ્લોટ નં.૬૨/એ, કેકેવી સર્કલની પાસે, કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫, ભારત. | |
| 22 | 33468730016054 | પૂનમબેન દાંતણી | 5.75 |
| 23 | 33468730016028 | કોષ્ટિ અજયકુમાર | 4.8 |
| 24 | 33468730016080 | શેખ અનીસુરરહેમાન | 5.79 |
| 25 | 33468740002948 | વર્ષાબેન ગોવિંદસિંહ ચૌહાણ | 25.8 |
| 26 | 33468730015778 | રાજપૂત સંજીત | 37.25 |
| 27 | 33548740000724 | સોનલ રાજુ રાઠોડ | 11.63 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, પહેલો ફ્લોર, શોપ નં.૧, એ ટાવર, સિગ્નેટ પ્લાઝા, કૃણાલ ચાર રસ્તા ગોત્રી, વડોદરા-૩૯૦૦૨૧, ભારત. | |
| 28 | 30978730010011 | પરમાર રીનાબેન | 2.4 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, પહેલો ફ્લોર, ગ્રાઉન્ડ શોપ નં.૨/એ અને ફર્સ્ટ ફ્લોર, શોપ નં.એફ.એફ.(૨/એ) સતવેદ કોમ્પ્લેક્સ", સરદાર પટેલ સ્ટેચ્યુની પાસે, સરદાર પટેલ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩, ભારત. | |
| 29 | 33268730014670 | પ્રેમ નારાયણ | 5.16 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, પ્લોટ નં.૨૯એ, શોપ નં.યુજી ૪૩, યુજી-૪૪, યુજી-૪૫, પહેલો ફ્લોર, સિદ્ધિવિનાયક પ્લેટિનમ, હનુમાન મંદિરની સામે, બામરોલી, વીઆઈપી રોડ, પાંડેસરા, સુરત-૩૯૪૨૨૧. | |
| 30 | 31798730012194 | રીટાબેન પરમાર | 4.28 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, આર.એસ. નં.૮૭૧/૧૧, પ્લોટ નં.૫૧ થી ૭૩, રત્નાસાગર કોમ્પ્લેક્સ, બીજો ફ્લોર, શોપ નં.૫૧ થી ૫૫, સહકાર જીન રોડ, કાંકણોલ ગામ, હિંમતનગર-૩૮૩૦૦૧, ભારત. | |
| 31 | 31028730014550 | ગોહિલ ગંભીરસિંહ અનુભાઈ | 6.02 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, શોપ નં.૨૧/૨૪/૨૫/૨૬/૨૭, બિલેનિયમ બિઝનેસ કોર્નર, વરાછા કો.ઓપરેટિવ બેંકની સામે, નાના વરાછા રોડ, યોગી ચોક, સુરત-૩૯૫૦૦૬, ગુજરાત, ભારત. | |
| 32 | 32408730007933 | પટેલ સેતલભાઈ ગમનભાઈ | 2.1 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં.૧, રુદ્રા આર્કેડ, વિનય મેડિકલની બાજુમાં, ફોનવાળાની સામે, હલાર રોડ, વલસાડ-૯૬૦૦૧, ગુજરાત. | |
| 33 | 33028730021735 | ઠાકોર જયેશભાઈ | 2.34 |
| 34 | 33028730021646 | ઈમરાન શેખ | 4.83 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, શોપ નં.૨૧, ૨૨, ૨૩, ફર્સ્ટ ફ્લોર, રુદ્રા ગ્રીન્સ, જૂની નારોલ કોર્ટની પાસે, નારોલ, અમદાવાદ-૩૮૨૪૦૫. | |
| 35 | 31478730007181 | પઠાણ અરબાજઅહેમદ અબ્દુલબારીક્ખાન | 78.37 |
| 36 | 31478730007218 | કુરેશી શાહરૂખ | 22.13 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, શોપ નં.૧૦૪ થી ૧૦૬, "સી" વિંગ, નવજીવન શોપિંગ સેન્ટર, ખૂની બંગલા ક્રોસ રોડ, કોર્ટની પાછળ, મહેન્દ્ર મિલ રોડ, કલોલ-૩૮૨૭૨૧, ભારત. | |
| 37 | 45168730002969 | પટેલ વર્ષેશ | 23.29 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, રૂમ નં.૧૦૧, ૧st ફ્લોર, સિગ્મા આર્કેડ, વિજય સેલ્સની ઉપર, વિસત પેટ્રોલ પમ્પની પાસે, સર્વે નં.૨૨૪એ+બી ટીપી નં.૨૧, ફાઈનલ પ્લોટ નં.૧૪૧/૦૪, અમદાવાદ, ગુજરાત-૩૮૨૪૨૪. | |

સ્થળ: ગુજરાત
તારીખ: 12.09.2026

Sd/- અધિકૃત અધિકારી
જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ

## વેજલપુરમાં નશાકારક સિરપનો મોટો જથ્થો ઝડપાયો

અમદાવાદ | અમદાવાદના વેજલપુર વિસ્તારમાંથી પોલીસે વહેલી સવારે દરોડો પાડી, ફતેહવાડીના ઈસાબખાન પઠાણને ઝડપી પાડ્યો છે. તેની પાસેથી કોડીન ફોસ્ફેટયુક્ત કફ સિરપની 354 બોટલો અને રોકડ સહિત કુલ 4.69 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. પોલીસે ઈસાબખાનના પુત્ર રિયાઝને પણ આ ગેરકાયદે સિરપના વેચાણમાં સંડોવણી બદલ આરોપી બનાવ્યો છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે ઘટનાસ્થળેથી સિરપ ઉપરાંત એક મોબાઈલ ફોન, 42,900ની રોકડ રકમ, આધાર કાર્ડ, લાઈટ બિલ અને એક કાળા રંગની બેગ પણ કબજે કરી છે.

## સુરતથી ગાંજો લાવી યુવકે વટવામાં સાસરીમાં સંતાડ્યો

અમદાવાદ | અમદાવાદના નારોલ વિસ્તારમાં આવેલા કેનાલ ચાર રસ્તા પાસેથી પોલીસે 445 ગ્રામ ગાંજાના જથ્થા સાથે એક શખસને ઝડપી લીધો હતો. પોલીસે આરોપી પાસેથી 22,250 રૂપિયાની કિંમતનો ગાંજો અને 40,000 રૂપિયાની બાઈક મળીને કુલ 62,250 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઝડપાયેલા શખસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે, તે આ ગાંજો સુરતથી લાવ્યો હતો અને વટવા સ્થિત પોતાની સાસરીમાં છુપાવ્યા બાદ બારેજા પોતાના ઘરે લઈ જઈ રહ્યો હતો. આ અંગે નારોલ પોલીસે આરોપી સામે એનડીપીએસ (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# '5- ડે બેન્કિંગ જો ના દે, વો સરકાર નિકમ્મી હૈ'

## ગુજરાતના મોટા શહેરોમાં કર્મચારીઓનો વિરોધ; આજે હડતાલ, શનિ-રવિની રજાને કારણે 3 દિવસ બેંકો બંધ

અમદાવાદ | ગુજરાત સહિત દેશભરમાં SBI, PNB અને યૂનિયન બેંક સહિત સરકારી અને કેટલીક ખાનગી બેંક આજે 11 સપ્ટેમ્બરથી ત્રણ દિવસ બંધ રહેશે. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સે( UFBU) બે વર્ષથી પડતર 5-ડે વર્કિંગની માંગ સાથે આજે શુક્રવારે એક દિવસની હડતાલનું એલાન કર્યું છે. જે બાદ 12 સપ્ટેમ્બરે મહિનાનો બીજો શનિવાર અને 13 સપ્ટેમ્બરે રવિવાર હોવાથી બેંકની શાખાઓ બંધ રહેશે. જો સરકાર અને બેંક મેનેજમેન્ટને માંગણી ન સ્વીકારી, તો 26 ઓક્ટોબરે દેશભરની બેંકમાં અનિશ્ચિતકાળની હડતાલ શરૂ થઈ જશે.

UFBU જોડાયેલા સંગઠનોએ હડતાલ પાછી ખેંચવાનો નિર્ણય ન લેતા ગુજરાતમાં પણ તેની મોટી અસર થઈ છે. રાજ્યમાં આશરે 75 હજાર બેંક કર્મચારીઓ અને અધિકારીઓ હડતાલમાં સામેલ થઈ રહ્યા છે. લગભગ 5,400 બેંક શાખાઓની કામગીરી બંધ અથવા ખોરવાઈ છે. 15,000 કરોડના ટ્રાંઝેક્શનને અસર થઈ છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં બેંક કર્મચારીઓ કામકાજ બંધ રાખીને હડતાલમાં જોડાયા છે. અમદાવાદમાં તો લાલ દરવાજા પાસે બેંક કર્મચારીઓએ '5- ડે બેન્કિંગ જો ના દે, વો સરકાર નિકમ્મી હૈ'ના નારા લગાવ્યા હતા. જ્યારે સુરતમાં કાળા કપડા પહેરી અને બેનરો સાથે વિરોધ નોંધાવ્યો હતો.

બેંક કર્મચારી અંજુબેને જણાવ્યું હતું કે, નેટબેન્કિંગ સહિતની સુવિધાઓ હોવાને કારણે જો શનિ-રવિ રજા હશે તો કસ્ટમરને કોઈ તકલીફ નહીં પડે. એટલું જ નહીં કામના કલાક તો સરખા રહેશે, જેથી અમે આ માંગણી કરી રહ્યા છીએ. તો ગુજરાત બેન્ક કર્મચારી સંગઠનના જનરલ સેક્રેટરી જનક રાવલે જણાવ્યું હતું કે, તમામ બેન્કમાં એક સ્કીમ છે જેમાં તમામ કર્મચારીઓને સરખો ઈન્સેન્ટિવ આપવામાં આવે. જ્યારે સરકારે અને બેન્ક દ્વારા એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે ચીફ મેનેજર અને તેના કરતા ઉપરની પોસ્ટવાળાને વધારે ઈન્સેન્ટિવ આપવામાં આવે તેનાથી નીચેના લોકોને ઓછો આપવામાં આવે છે જેનો પણ અમે વિરોધ કરી રહ્યા છીએ.

UFBU નું કહેવું છે કે 8 માર્ચ 2024 ના રોજ ઇન્ડિયન બેંક્સ એસોસિએશન એટલે કે IBA સાથે 12મા દ્વિપક્ષીય કરાર અને 9મા સંયુક્ત નોટ પર હસ્તાક્ષર થયા હતા. તેમાં 5-દિવસીય બેંકિંગ લાગુ કરવા પર સહમતિ બની હતી. આ અંતર્ગત કર્મચારીઓ સોમવારથી શુક્રવાર સુધી દરરોજ 40 મિનિટ વધુ કામ કરશે. IBAએ આ પ્રસ્તાવને મંજૂરી આપીને કેન્દ્ર સરકાર પાસે મોકલ્યો હતો, પરંતુ બે વર્ષથી વધુ સમય વીતી ગયા પછી પણ નાણા મંત્રાલય તરફથી તેને મંજૂરી મળી નથી.

PLI સ્કીમને લઈને વિવાદ હવે મુખ્ય શ્રમ આયુક્ત સમક્ષ સમાધાન પ્રક્રિયા હેઠળ પેન્ડિંગ છે. આ ઉપરાંત, આ મામલાને દિલ્હી હાઈકોર્ટમાં પણ પડકારવામાં આવ્યો છે. યુનિયનોએ દ્વિપક્ષીય વાતચીત દ્વારા ઈન્સેન્ટિવ સ્કીમમાં સુધારો કરવાની માગ કરી છે.

સુરતમાં બેંક કર્મચારીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન રસ્તા પર 300થી 400 વાહનો આડેધડ પાર્ક કરી દેવાતાં અડધો રસ્તો બ્લોક થઈ ગયો હતો અને ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો. આ મામલે જાણ થતાં જ સુરત ટ્રાફિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને 'નો પાર્કિંગ' ઝોનમાં મૂકેલાં વાહનો વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરીને ઓનલાઈન ઈ-મેમો ફટકારવાનું શરૂ કર્યું હતું. ટ્રાફિક પોલીસની આ કડક કાર્યવાહીના પગલે વિરોધ કરી રહેલા કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી અને વિરોધ તાત્કાલિક સમેટી લેવાયો હતો. ઈ-મેમો જનરેટ થતાં જ ગણતરીની મિનિટોમાં કર્મચારીઓએ પોતાના વાહનો ત્યાંથી હટાવી લીધા હતા, જેના પરિણામે ટ્રાફિક વ્યવહાર પૂર્વવત બની ગયો હતો.

### શું છે 5-ડે બેન્કિંગ પ્રસ્તાવ?

- **વર્તમાનમાં બેંકોમાં** મહિનાના બીજા અને ચોથા શનિવારે રજા રહે છે.
- **નવા પ્રસ્તાવના લાગુ થવા પર** દર શનિવારે રજા રહેશે.
- **આના બદલે સોમવારથી શુક્રવાર સુધી** કામકાજનો સમય 40 મિનિટ દરરોજ વધી જશે.




### જામનગર-દ્વારકામાં 2000 કરોડથી વધુનું ક્લિયરિંગ ઠપ

જામનગર અને દ્વારકા જિલ્લામાં પણ બેંક કર્મચારીઓ હડતાલમાં જોડાયા છે. જામનગરના રણજીતનગર સ્થિત સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની શાખા બહાર મોટી સંખ્યામાં બેંક કર્મચારીઓ અને અધિકારીઓ એકઠા થયા હતા. હાથમાં બેનરો ધારણ કરી પોતાની પડતર માગણીઓ અંગે સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

રાજકોટ જિલ્લાની રાષ્ટ્રીયકૃત બેંકોના 10,000 કરતા વધુ અધિકારી અને કર્મચારીઓ દ્વારા પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈને હડતાલ પાડી વિરોધ નોંધાવ્યો હતો. તેમજ પ્લે કાર્ડ દર્શાવી અને જોરદાર સૂત્રોચ્ચાર કરી ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. પંજાબ નેશનલ બેંક ઓફિસર્સ એસોસિએશનના સર્કલ પ્રેસિડેન્ટ તુષાર ગોયલે જણાવ્યું હતું કે, 5-ડે વર્કિંગ અને Performance Linked Incentive (PLI)નો વિરોધ છે. હાલમાં સરકારી બેંકોમાં ગ્રાહકોની સરખામણીએ કર્મચારીઓની પૂરતી ભરતી થતી નથી, જેથી પૂરતો સ્ટાફ ફાળવવામાં આવે તેવી પણ અમારી માંગ છે. ગુજરાત બેંક વર્કર્સ યુનિયનના મહામંત્રી જતિન ધોળકિયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, નવોદય કર્મચારીઓની પેન્શન યોજના, જૂનું પેન્શન અપડેશન, ગ્રેચ્યુઈટી કાયદા હેઠળની મહત્તમ મર્યાદામાં વધારો અને પેન્શન પર સમાન DA લાગુ કરવાની પડતર માંગણીઓ અંગે પણ યોગ્ય નિર્ણય લેવા રજૂઆત કરાઈ છે. જો કે ગ્રાહકોને પડતી અગવડ બદલ યુનિયન દ્વારા ખેદ પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### અમદાવાદમાં બેંક કર્મચારીઓની હડતાલ

અમદાવાદમાં લાલ દરવાજા પાસે સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા પાસે મોટી સંખ્યામાં બેંક કર્મચારીઓ અને અધિકારીઓએ -ડે વર્કિંગ માંગના પોસ્ટર સાથે વિરોધ નોંધાવ્યો છે. એટલું જ નહીં 5 દિવસ વર્કિંગ જો ના આપો તો સરકાર બદલવી છે તેવા નારા સાથે હલ્લાબોલ કર્યો હતો.

ગુજરાત બેન્ક કર્મચારી સંગઠનના જનરલ સેક્રેટરી જનક રાવલે જણાવ્યું હતું કે, મારી સાથે બેન્કિંગ ક્ષેત્રના 7 સંગઠન જેમાં કર્મચારી અને અધિકારીઓ જોડાયેલા છે. જેથી દેશભરના 7.50 લાખ કર્મચારીઓ હડતાલ પર છે. ઘણા સમયથી માંગ કરી રહ્યા છીએ કે બેંકની કામગીરી અઠવાડિયામાં 5 દિવસ ચાલવી જોઈએ. સેન્ટ્રલ બેન્ક સહિતની તમામ જગ્યાએ અઠવાડિયામાં પાંચ દિવસ કામગીરી ચાલે છે. અમે એ પણ રજૂઆત કરી છે કે દિવસમાં 40 મિનિટ વધુ કામ કરવા માટે અમે તૈયાર છીએ. સરકાર અમારી સાથે MOU કર્યા પછી પણ 4 વર્ષ સુધી અમલમાં મૂકવા તૈયાર નથી

## ESICના કલાર્ક સામે ACBની મોટી કાર્યવાહી:નોકરીની લાલચ આપી નાણાં પડાવ્યા




અમદાવાદ | સરકારી વિભાગોમાં ભ્રષ્ટાચાર અને હોદ્દાના દુરુપયોગ સામે અંકુશ લાવવા માટે ACB દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. અમદાવાદના બાપુનગર સ્થિત રીજયોનલ ઓફિસ ESIC ખાતે ફરજ બજાવતા એક કલાર્ક સામે નોકરી અપાવવાની લાલચ આપી નાણાં પડાવવા અને છેતરપિંડી આચરવા બદલ એસીબીએ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર, બાપુનગર ESICની LDC ગ્રૂપ સી તરીકે ફરજ બજાવતા રાજેન્દ્ર શંકરલાલ મીણા નામના કર્મચારી સામે આ કાર્યવાહી કરવામાં આવી છે. આરોપી રાજેન્દ્ર મીણાએ સરકારી સેવક તરીકેના પોતાના હોદ્દાનો દુરુપયોગ કરી ગેરરીતિ આચરી હતી. તેણે ESIC વિભાગમાં નોકરી અપાવવાની ખોટી લાલચ આપીને અરજદાર તેમજ અન્ય સાક્ષીઓ પાસેથી તબક્કાવાર મોટી રકમ પડાવી લીધી હતી.

આ મામલે પીડિત અરજદાર દ્વારા ACB ખાતે એક લેખિત અરજી આપવામાં આવી હતી. આ અરજીના આધારે એસીબીની ટીમ દ્વારા પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન એસીબીએ રજૂ કરાયેલા દસ્તાવેજો, ડિજિટલ/ટેકનિકલ પુરાવાઓ તેમજ આરોપીના બેંક એકાઉન્ટ ડિટેઇલ્સની ઊંડાણપૂર્વક ચકાસણી કરી હતી. બેંક ટ્રાન્ઝેક્શનની તપાસમાં સ્પષ્ટપણે સાબિત થયું હતું કે આરોપી રાજેન્દ્ર મીણાએ નોકરી મેળવવા ઉત્સુક અરજદાર અને સાક્ષીઓ પાસેથી પોતાના અંગત બેંક ખાતામાં નાણાં ટ્રાન્સફર કરાવ્યા હતા. સરકારી હોદ્દાનો અયોગ્ય લાભ ઉઠાવી છેતરપિંડી આચરી હોવાનું સામે આવતા એસીબીએ પુરાવાના આધારે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

તપાસમાં લાંચ અને છેતરપિંડીના પૂરતા સાક્ષી-પુરાવા મળી આવતા અમદાવાદ શહેર ACB પોલીસ સ્ટેશનમાં આરોપી રાજેન્દ્ર શંકરલાલ મીણા વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ તેમજ BNSની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. સરકારી ચોપડે ગુનો નોંધાતા જ ESIC કાર્યાલય અને અન્ય સરકારી વિભાગોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. એસીબીની ટીમે આરોપી સામે કાયદેસરની ધરપકડ સહિતની આગળની કાર્યવાહી ઝડપી બનાવી છે.

## અમદાવાદમાં રિક્ષા-ટેક્સી ચાલકોની હડતાળ સમેટાઇ : એક પણ માંગણીઓ ન સ્વીકારાતા યુનિયનો હવે ભારત ટેક્સીનો જ ઉપયોગ કરશે



અમદાવાદ | અમદાવાદમાં રિક્ષા અને ટેક્સી યુનિયન દ્વારા ઓનલાઈન એપ્લિકેશનના વિરોધમાં શરૂ કરવામાં આવેલું 'રોજગાર બચાવો' આંદોલનનો અંત આવી ગયો છે. 7થી 10 સપ્ટેમ્બર દરમિયાન રિક્ષા અને ટેક્સી ચાલકોએ બંધ પાળીને સરકાર સમક્ષ પોતાની વિવિધ માગણીઓ રજૂ કરી હતી. જોકે, સરકાર તરફથી તેમજ ઓનલાઈન એપ્લિકેશન તરફથી યુનિયનોની માંગણીઓનો સંતોષકારક ઉકેલ ન આવતા આંદોલન પૂરું કરવામાં આવ્યું છે.

ઓનલાઈન એપ્લિકેશનમાં સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા નિયમ મુજબ ભાડું આપવામાં આવે અને ગેરકાયદેસર રીતે ચાલતા ટુ-વ્હીલર સામે કાર્યવાહી કરવાની માંગ સાથે આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. જોકે, એકપણ માંગણી ન સ્વીકારાતા હવે રિક્ષા ચાલકો ભારત ટેક્સી સિવાય તમામ ઓનલાઈન એપ્લિકેશનનો બહિષ્કાર કરશે.

ચાર દિવસ સુધી રિક્ષા અને ટેક્સી ચાલકો આંદોલનમાં જોડાયા હોવાથી અનેક જગ્યાએ મુસાફરોને ચાલતા જવું પડ્યું હતું. તો કેટલાક સ્થળે વધારે ભાડું આપીને મુસાફરી કરવાં મજબૂર બન્યા હતા. ઘણી જગ્યાએ ડબલ કરતા પણ વધુ ભાડું વસૂલી મુસાફરો પાસેથી લૂંટ ચલાવવામાં આવી હોવાનું પણ સામે આવ્યું હતું. કેટલાક રીક્ષા અને ટેક્સી ચાલકોએ આંદોલનને જોઈએ તેટલું સમર્થન આપ્યું ન હતું.

રોજગાર બચાવો આંદોલનના કન્વીનર વિજય મકવાણાએ જણાવ્યું હતું કે, અમારી જે માંગણીઓ હતી તે સ્વીકારવામાં આવી નથી. માત્ર ભારત ટેક્સી દ્વારા અમારી સાથે ચર્ચા કરવામાં આવી છે અને અમારી માંગણીઓ સ્વીકારવાની ખાતરી આપી છે. જેથી અમે ભારત ટેક્સીને જ સપોર્ટ કરીશું અને તેનો જ ઉપયોગ કરીશું. ઉબેર કંપનીએ અમને મળવા બોલાવ્યા હતા પરંતુ માંગણીઓ ક્યારે સ્વીકારવામાં આવશે તેનો કોઈ યોગ્ય જવાબ મળ્યો નથી. સરકાર પાસે પણ રજૂઆત કરી છે. સરકાર યોગ્ય નિર્ણય લેશે તેવી અમને આશા છે.

## રોડ ક્રોસ કરતા વૃદ્ધને એક્ટિવા ચાલકે ટક્કર મારી




અમદાવાદ | અમદાવાદના મોટેરા સ્ટેડિયમ પાસે રોડ ક્રોસ કરી રહેલા વૃદ્ધને એક્ટિવા ચાલકે ટક્કર મારતા ફંગોળાઈને રોડ પર પટકાયા હતા. જેમાં વૃદ્ધ, એક્ટિવા ચાલક અને પાછળ બેસેલ બે યુવકો સહિત ચાર લોકો ઈજાગ્રસ્ત થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે ટ્રાફિક પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

મોટેરા સ્ટેડિયમ ગેટ નંબર 1 પાસે ગત 9 સપ્ટેમ્બરે સાંજના પાંચ વાગ્યાની આસપાસ એક વૃદ્ધ રોડ ક્રોસ કરી રહ્યા હતા. આ દરમિયાન પુરઝડપે આવી રહેલ ટ્રિપલ સવારી એક્ટિવા ચાલકે વૃદ્ધને અડફેટે લેતા રોડ પર ફંગોળાઈને પટકાયા હતા. આ અંગે ટ્રાફિક પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

## પોલીસ પરવાનગી કરતા વધુ ઊંચી મૂર્તિ સ્થાપતા સૌપ્રથમ ગુનો દાખલ

### કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાંથી 9 ફૂટની પરવાનગી લઈ 22 ફૂટની સ્થાપી હતી

અમદાવાદ | અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાં બાપા સીતારામ ચોક પાસે હરીવિલા ફ્લેટ નજીક જાહેર રોડ ઉપર ભગવાન ગણેશની 22.50 ફૂટની ઊંચી મૂર્તિની સ્થાપના કરવા બદલ આયોજક વિરુદ્ધ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. ગત વર્ષે પણ આ જ જગ્યા પર ગણેશ સ્થાપના કરનાર આયોજક દ્વારા પોલીસ કમિશનરના જાહેરનામા કરતા વધારે ઊંચાઈની મૂર્તિ લાવી સ્થાપના કરવામાં આવતા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ત્યારે ફરી ચાલુ વર્ષે પણ ઊંચી મૂર્તિ લાવવામાં આવી હોવાને લઈ કૃષ્ણનગર પોલીસ દ્વારા સચિન કુમાવત નામના શખસ વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે.

બાપાસીતારામ ચોક પાસે આવેલા હરી વિલા ફ્લેટના ગેટ પાસે રોડ પર મંડપ બાંધવામાં આવ્યો હતો અને ગણેશ મૂર્તિ સ્થાપના રાખવામાં આવી હતી. જેમાં ગણપતિની મૂર્તિ 9 ફૂટ કરતા ઊંચી લાવવામાં આવેલી હતી. જેથી તપાસ કરતા કૃષ્ણનગર પોલીસ સ્ટેશનથી 8.5 ફૂટ મૂર્તિની પરમિશન મેળવેલી હતી. જોકે તેની તપાસ કરતા મૂર્તિની ટ્રોલી સાથેની ઊંચાઈ 22.5 ફૂટની જણાઈ આવી હતી. મૂર્તિની



ઊંચાઈ તપાસતા 4.5 ફૂટની ટ્રોલી અને 11 ફૂટ ગણેશજીની મૂર્તિ હતી અને મૂર્તિની પાછળ મુગટના ઉપરના ભાગે 7 ફૂટ શંકર ભગવાનનું ફાઈબરનું સ્ટ્રકચર પણ મળી આવ્યું હતું. પોલીસ કમિશનરના જાહેરનામા મુજબ પીઓપીની પાંચ ફૂટ અને માટીની 9 ફૂટથી વધારે ઊંચાઈની મૂર્તિ બેઠક સાથે ન હોવી જોઈએ. તેમ છતાં પણ ખૂબ મોટી મૂર્તિ લાવી સ્થાપના કરતા પોલીસે આયોજક સચિન કુમાવત વિરુદ્ધ ફરિયાદ નોંધી છે.


ઉલ્લેખનીય છે કે ગત વર્ષે પણ બાપા સીતારામ ચોક પાસે હરી વિલા ફ્લેટ નજીક ખૂબ મોટી મૂર્તિ લાવવામાં આવી હતી જેને જોવા માટે મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા ત્યાં સ્વામિનારાયણ કોમ્પ્લેક્સ પાસે ભોયરામાં લોકો જોવા ઊભા હતા ત્યારે સીડીનો ભાગ ધરાશાયી થતા 10 લોકો નીચે પડ્યા હતા. જેમાં ત્રણ લોકોને ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવા પડ્યા હતા. ગત વર્ષે પણ પોલીસ સ્ટેશનમાંથી 9 ફૂટની ઊંચાઈની મૂર્તિ લાવવા પરવાનગી લીધી હતી, પરંતુ 22 ફૂટ ઉંચી મૂર્તિ લાવવામાં આવી હતી. ત્યારે જે તે સમયે પણ આયોજન સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જોકે ચાલુ વર્ષે પણ આ જ પ્રમાણે ગણેશ મૂર્તિની સ્થાપના કરવા માટે પોલીસ સ્ટેશનમાંથી પરવાનગી ઓછા ફૂટની લઈને વધારે ફૂટની મૂર્તિઓ લાવવામાં આવી હોવાથી પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

ગણેશ મહોત્સવને લઈને અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે જે અંતર્ગત ગણેશજીની માટીની મૂર્તિ બેઠક સહિતની 9 ફુટ કરતા વધારે ઉંચાઈની બનાવવા, વેચવા, સ્થાપના કરવા તથા જાહેર માર્ગ ઉપર ચલાવવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

## શ્રાવણી અમાસે ભક્તિનો પ્રચંડ ધોધ: શ્રાવણના અંતિમ દિને 1.24 લાખ જેટલા ભાવિકોએ શ્રી સોમનાથ મહાદેવના દર્શન કર્યા

નરેન્દ્ર દવે જૂનાગઢ


પવિત્ર શ્રાવણ માસના અંતિમ દિવસે, શ્રાવણી અમાસના પાવન અવસરે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ મંદિરે ભક્તિનો અફાટ સાગર ઉમટી પડ્યો હતો. વહેલી સવારથી જ શિવભક્તો લાંબી કતારોમાં ઊભા રહીને મહાદેવના દર્શનાર્થે પધાર્યા હતા. શ્રાવણ ના અંતિમ દિને સોમનાથ દાદાના દિવ્ય દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત કરવા 1.24 લાખ જેટલા ભાવિકો પધાર્યા હતા. આખો દિવસ મંદિર પરિસર 'હર હર મહાદેવ' અને 'જય સોમનાથ' ના નાદથી ગુંજી ઉઠ્યું હતું. વિશેષ ધાર્મિક અનુષ્ઠાનો અને પૂજાઓ : સોમનાથ મંદિર પરિસરમાં આખો દિવસ વૈદિક મંત્રોચ્ચાર અને શંખનાદનો ગુંજારવ રહ્યો હતો. દિવસ દરમિયાન મોટી સંખ્યામાં જપાત્મક, અભિષેકાત્મક, અને હોમાત્મક પૂજાઓ સંપૂર્ણ શ્રદ્ધા અને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે સંપન્ન થઈ હતી. શ્રદ્ધાળુઓ દ્વારા કરવામાં આવેલી



પૂજાના આંકડાઓ ભક્તિની સાક્ષી પૂરે છે. સોમનાથના ગગનચુંબી શિખર પર ભક્તો દ્વારા ભક્તિભાવપૂર્વક ૬૧ ધ્વજા પૂજા અર્પણ કરવામાં આવી હતી, શાસ્ત્રોક્ત વિધિથી ૬૯ સોમેશ્વર મહાપૂજા સંપન્ન થઈ હતી. ટ્રસ્ટ દ્વારા યોજાયેલ ૫૧ કુંડી મહામૃત્યુંજય યજ્ઞમાં ૧૯,૦૦૦ થી વધુ આહુતિઓ હોમવામાં આવી હતી, જેનાથી સમગ્ર વાતાવરણ પવિત્ર અને યજ્ઞમય બની ગયું હતું. ભાવવિભોર કરનારી અમાસની પાલખીયાત્રા : ડાક-ડમરુ અને શરણાઈના સુર વચ્ચે જ્યારે સોમનાથ દાદા પાલખીમાં બિરાજમાન થઈને પરિસરમાં વિહાર કરવા નીકળ્યા, ત્યારે ઉપસ્થિત ભક્તો ભાવવિભોર થઈ ગયા હતા. વિશાળ સંખ્યામાં શ્રદ્ધાળુઓ આ યાત્રામાં હર્ષોલ્લાસ સાથે જોડાયા હતા અને દેવાધિદેવની એક દિવ્ય ઝલક પામીને કૃતાર્થ થયા હતા.અન્નકૂટ શ્રૃંગાર : શ્રાવણ રૂપી શિવોત્સવનું સમાપન સોમનાથ મહાદેવના અન્નકૂટ શ્રૃંગાર સાથે કરવામાં આવ્યું હતું. સોમનાથ મહાદેવને વિવિધ પ્રકારના મિષ્ઠાન, પકવાન સાથે અન્નકૂટ ભોગ ધરાવવામાં આવેલા. આ શ્રૃંગારનો આધ્યાત્મિક સંદેશ એવો છે કે જે રીતે આહારમાં વિવિધ પ્રકારના સ્વાદરસ રુચિ ઉત્પન્ન કરે છે તેજ રીતે જીવનમાં વિવિધ તબક્કાઓ અને પડકારો ચડતી અને પડતી જીવવાનો ઉત્સાહ જાળવી રાખે છે. ત્યારે જીવનની દરેક પરિસ્થિતિને મહાદેવનો પ્રસાદ માની અને સ્વીકારીને આગળ વધવુ એજ મનુષ્યનું કર્મ છે આ સંદેશ અન્નકૂટ શ્રૃંગારના માધ્યમથી ભક્તોએ ગ્રહણ કર્યો હતો. આમ, ભક્તિના આ પ્રચંડ ધોધ સાથે આ વર્ષના પવિત્ર શ્રાવણ માસની પૂર્ણાહુતિ શ્રી સોમનાથ તીર્થમાં અત્યંત દિવ્ય, ભવ્ય અને મંગલમય વાતાવરણમાં થઈ હતી.

## પાંચકુવા દરવાજા બહાર કપડાની દુકાનમાં આગ : શોર્ટ સર્કિટથી લાગેલી આગ ચોથા માળ સુધી પહોંચી

અમદાવાદ | અમદાવાદના કાલુપુર વિસ્તારમાં પાંચ કૂવા દરવાજા બહાર આવેલી કપડાની દુકાનમાં મોડી રાત્રે આગ લાગવાની ઘટના બની હતી. ગ્રાઉન્ડ ફ્લોર પર લાગેલી આગ ચાર માળ સુધી પહોંચી ગઈ હતી. ફાયરબ્રિગેડની 6 ગાડીઓએ પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. કપડાનો માલસામાન હોવાથી આગ વધારે ફેલાઈ ગઈ હતી. પ્રાથમિક રીતે શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. મોડી રાત્રે 12:20ની આસપાસ પાંચકુવા ફાયર સ્ટેશનમાં માહિતી મળી હતી કે પાંચકુવા દરવાજા બહાર એક દુકાનમાંથી ધુમાડા નીકળી રહ્યા છે અને આગ લાગી હોય શકે છે. જેથી



ફાયરબ્રિગેડની સૌપ્રથમ એક ગાડી રવાના કરવામાં આવી હતી. જોકે ત્યાં ફાયરબ્રિગેડ પહોંચી ત્યારે દુકાનમાં આગ લાગી ચૂકી હતી. ગ્રાઉન્ડ ફ્લોરથી આગ ધીમે ધીમે વધતી વધતી ઉપરના માળ સુધી જતી રહી હતી. પાંચકુવા ફાયર સ્ટેશનના અધિકારી મૃગેશદાન ગઢવીએ જણાવ્યું હતું કે પાંચકુવા દરવાજા બહાર આર.કે ક્રિએશન નામની દુકાનમાં ગ્રાઉન્ડ ફ્લોરથી ચોથા માળ સુધી આગ લાગી હતી. ગ્રાઉન્ડ ફ્લોર પર અને ચોથા માળ પર જ્યાં આગ વધારે લાગી હતી ત્યાં બુજાવવા માટે બાજુના ધાબા પરથી પાણીના છંટકાવ માટેની લાઈન બનાવી આગને બુજાવવાની શરૂઆત કરી હતી.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...